કુમાર


સંસ્થાપક • સ્વ. રવિશંકર મ. રાવળ * આદ્યતંત્રી • સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક


વર્ષ ૫૭મું • અંક ૧૧મો • નવેમ્બર ૧૯૮૦

તંત્રી • બિહારીલાલ ટાંક

સળંગ અંક
૬૮૩



ગામડાનું ગાડું (ફોટો : એમ. એલ. ખુલ્લર-દહેરાદૂન) ચડતા બપોરના તપતા તાપમાં સીમમાંથી પોતાને ખોરડે પાછા ફરતા ગાડાનું આવું દૃશ્ય દેશના ગામડે ગામડે સહજ છે એટલે ચિત્રવિષય નવો નથી પરંતુ 'અતુલ સૅલૉં ઑવ ફોટોગ્રાફી-૮૦' પ્રદર્શનમાં રંગીન સ્લાઇડ્સના વિભાગમાં પ્રથમ પારિતોષિક પામેલી આ સ્લાઇડની ખરી ખૂબી તો તેના રંગમાં જ છે. છતાં એની આ એકરંગી છાપમાં પણ ચિત્રનું સંયોજન ને તેજછાયાની મઝા માણી શકાશે.



બંગાળનું ગ્રામજીવન (કલાકાર • બિહારીલાલ બારભૈયા)

નવેમ્બર ૧૯૮૦ · અંક ૬૮૩

આદ્યતંત્રી: બચુભાઈ રાવત — તંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

આમડાનું ગાડું (ફોટો : એમ. એલ. ખુલ્લર) પૂંઠું
બંગાળનું ગ્રામજીવન (ચિત્રકાર: બિહારીલાલ બારસૈયા) ત્રિરંગી મુખચિત્ર

કાવ્યો

દર-મંઝિલ (રાજેન્દ્ર શાહ), શમાનં વૃક્ષ (રાજેન્દ્ર શુક્લ) ૩૫૯
શિયાળાની સવારે (મનહર મની) ૩૫૯
એક વૃદ્ધને જોતાં (પલ્લવ જ. દેસાઇ) ૩૫૯
મુંબઈ દરિયો જાય (નવનીત ઉપાધ્યાય) ૩૫૯

ચરિત્ર

ઝૂંટાડે — અશોક હર્ષ ૩૬૩

વાર્તા

ભગવાનની મુરખેલી — સુકન્યા ઝવેરી ૩૬૪
કુન્તી (લઘુકથા) — પ્રફુલ્લ રાવળ ૩૭૩

લેખો

આત્મનિર્ભરતા (વિચાર-વિશેષ) — બહાદુરશાહ પંડિત ૩૬૦
ગુફાઓની અજબ સૃષ્ટિમાં પ્રવેશ — વિજયગુપ્ત મૌર્ય ૩૬૫
કાંચનાર–કોવિદાર (પુષ્પમાળા-૨૧) — પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર ૩૬૯
અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ — ડૉ. મધુસૂદન પારેખ ૩૭૧
પેન કૉંગ્રેસની બેઠકમાં (પ્રદેશે જય-વિજયના-૧૧) — ડૉ. ર. ચી. શાહ ૩૭૫
અમીબા — ડૉ. સુશ્રુત પટેલ ૩૭૭
શતરંજનો પ્રેમચંડો-૧૧ — સુરેશ મોદી ૩૮૧

વિભાગો

પચ્ચીસ વર્ષ પહેલાં ૩૭૮
કલાવાર્તા ૩૭૯
સાહિત્યસંપર્ક (શબ્દકથા, અવલોકનો, આવકાર) ૩૮૦
શીખ ધર્મપ્રતીક : ધાર્મિક સંજ્ઞાઓ-૧૧ ૩૮૨
માધુકરી (રાજકુંવર ચાર્લ્સ, 'એન્ટે'–ડૉ. સુશ્રુત પટેલ) ૩૮૨
આ માસ : આકાશદર્શન અને પ્રસંગવિશેષ ૩૮૪
છેલ્લું પાનું ૩૮૫

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત (મૅનેજર) - મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ · વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

ઉર-મંસા / રાજેન્દ્ર શાહ

• ભજન •

તોરી મોરી એક રહસિ ઉર-મંસા.
તુમ્હરો રાગ નિરંતર ગાવત
અધર મુરલિ બન જિમિ વન-બંસા.

એકલ અવિકલ રહિય ન જાઈ,
વયણુ વિહીન મૃતક, નહિ સંસા.

તુમ્હરો પ્રાણુ પ્રગટ તન મોસે,
તુમિ સુંદર વર મેં અવતંસા.

અમિય ગગન સ્વમધુર લહરમય
હમ તુમ દોઉ વિહંગમ હંસા.

સમાનં વૃક્ષં / રાજેન્દ્ર શુક્લ

• ગઝલ •

એક પંખી એકલું કંઈ કલબલે,
ઊડતું બીજું ય આવી જઈ મલે!
મૂલમાંથી હોવું એવું હલબલે,
પ્હાડનું યે પોત કંઈ ફાલે, ફલે!
ચન્દ્ર કે છાયા, સપાટી પર સરું,
શાંતિથી આખું સરોવર છલબલે!
વનપવનની વાતમાં થંભે ગગન,
વૃક્ષ વિણુ જે પાંદડું, અમથું હલે!
આંખનું આ એક અચરજ અવનવું
કંઈક ઝબક્યું કે બધું યે ઝલમલે!

શિયાળાની સવારે / મનહર જાની

• ગઝલ •

ગગન ચાંચમાં લઈ સરે પંખી–ટોળી
ને ઊડતી હવા ભારેખમ આંખ ચોળી.
લઈ ઓથ ધુમ્મસની ટેકરીઓ પાછળ
ટહુકાઓ વીણુતી નદી ભોળી ભોળી.
વળી ટૂંટિયું સાવ ખેતરને શેઢે
સૂતી સીમની કેડીઓ સર્વ ટોળી.
ઊભાં ધ્રૂજતાં ઝાડવાં ગામ–ઝાંપે
નજર સૂર્યકિરણોના આસવમાં બોળી.
દિશાઓ ઊઘડતી પછી ભીંત માફક
મળે ગામને શેરીઓ મોડી મોડી.

એક વૃદ્ધને જોતાં / પલ્લવ જ. દેસાઈ

શિખરિણી • સૉનેટ

થયો ભાવિ કેરો સજીવન હવે વૃદ્ધ મુજમાં,
ત્વચા પે કે સર્પો અવ ફરી રહ્યા, માળ મણુકા
અનાયાસે ધ્રૂજ્યા કર થકી ફર્યા આરત-ભર્યા,
બધે દીઠાં વારિ શુચિસભર ગંગાજલ સમાં;
હવે યાત્રાધામો નયન ઊભર્યાં ને વહી રહી
ઘડી ઝંખા રક્તે નસ નસ મહીં દર્શન તણી,
અમાસે મૃત્યુની ઝગ ઝગ થતી તારક દ્યુતિ
લહી લેવા જોઉં વણુપલક આંખે નભ ભણી;
વિદાયે છેલ્લી હા ચરણુ અટક્યાં નેણુ છલક્યાં
અને સંબંધોના ફણુધર ઉરે તીક્ષ્ણુ ડસિયા,
ગણ્યાં જેને જેને પ્રિય સ્વજન મેં જીવનભર,
થયાં શાને જાણે ગતજનમનાં કોક સ્મરણુ?
જગાવી અંગાંગે લખલખું હવે વૃદ્ધ મુજમાં
ગયો વ્યાપી ને ત્યાં બળતી નીરખી મેં મુજ ચિતા.

મુંબઈ દરિયો જાય / નવનીત ઉપાધ્યાય

• ગાન •

માછલિયુંના પડાવ અંદર ભાગો ભાગો થાય,
રૂપલવરણી નદી બઠાવી મુંબઈ દરિયો જાય.

ફાટી આંખ્યે જોતું નવનીત ગામ પડી ગ્યું હેઠું,
છીપલાં જેવાં અજવાળાં લઈ મૃગજળ આઘે બેઠું,
ધણુ ધણુ કરતું ચમ્મેલીનું હૈયું બેસી જાય,
રૂપલવરણી નદી બઠાવી મુંબઈ દરિયો જાય.

ટૌકાનો ભાતીગળ માળો કોઈ હવે નહીં બાંધે,
પાંદ પાંદની છાંયડિયુંને ઝાડ કદી નહીં સાંધે,
વાસી ધૂળની ડમરી અંદર આભ ખવાતું જાય,
રૂપલવરણી નદી બઠાવી મુંબઈ દરિયો જાય.

■ ઉર-મંસા : બાનીમાધુર્યથી છલોછલ આ ભજન દ્વૈત ભાવે ભક્તિની છોળ ઉડાડી રહે છે. 'તોરી-મોરી'થી આરંભ પામતું ભજન 'હમ તુમ'થી પૂરું થાય છે. આમ, કાવ્યમાં વિવિધ ઉપમાનો દ્વારા આત્મા-પરમાત્માની લગની ગાવામાં આવી છે તે ભાવોર્મિ સાથે સાથે મધુર અને પ્રાસાદિક પદાવલિમાં મહોરી રહેતી કલ્પનાવલિ કાવ્યરસજ્ઞને પણ આનંદ આપી જાય છે. ■ સમાનં વૃક્ષં : ઉપનિષદીય શીર્ષકવાળી આ ગઝલ દેહરૂપી એક વૃક્ષ પર બે સુપર્ણ પંખીઓ બેઠાં છે—જીવ અને શિવ—તેની વાતથી ઊપડે છે અને અંતે 'કંઈક' ઝબકવાની અને એ ઝબકારામાં સઘળું ઝલમલી ઊઠવાની અનુભૂતિમાં વિરમે છે. વચ્ચે પ્રત્યેક શેરમાં અવનવીન કલ્પન દ્વારા આ જ અનુભૂતિને અભિવ્યક્ત કરવામાં આવી છે. તદ્દન સરળ બાનીમાં ગૂઢ વાતને આ ગઝલમાં કસબપૂર્વક ઘૂંટવામાં આવી છે તે માણી શકાશે. ■ શિયાળાની સવારે : અમૂર્તને વિવિધ કલ્પના-ચિત્રો દ્વારા મૂર્ત કરવાની પદ્ધતિનો આશ્રય લઈ સારી ય ગઝલમાં શિયાળાની સવારનું હૂબહૂ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. પ્રત્યેક શેર રમ્ય નવીન કલ્પનાથી સુચારુ બન્યો છે અને સમગ્ર ગઝલમાં પ્રકૃતિનો રોચક સ્પર્શ છાયી ગયો છે. ■ એક વૃદ્ધને જોતાં : વસ્તુ કે વ્યક્તિના દર્શનમાત્રથી સર્જકચિત્તમાં જે ઊર્મિ જાગે છે તેને આ સૉનેટમાં સુબદ્ધ કરવામાં આવી છે. કાવ્યનાયક કોઈ વૃદ્ધને જોઈ પોતાના કાલ્પનિક વાર્ધક્યના સાન્નિધ્યમાં પહોંચી જાય છે એ વિષયાંતરની આ રચના બની જાય છે. ■ મુંબઈ દરિયો જાય : ભયના વાતાવરણ સાથે ઊપડતી આ ગીતરચના કાવ્યનાયકના જીવનની જે બરબાદી થઈ છે તેના, પ્રતીકાત્મક સૂર સાથે પૂરી થાય છે. કવિએ પોતાના વિશેષનામનો એક ગામસંદર્ભ રચી અભિવ્યક્તિમાં નાવીન્ય અને ચોટ સર્જ્યાં છે. પ્રત્યેક અંતરો એની ભાવાભિવ્યક્તિની આગવી શૈલીને કારણે આસ્વાદ્ય બની રહે છે. —પ્રી. પ.

આત્મનિર્ભરતા

બહાદુરશાહ પંડિત

ગ્રીક તત્ત્વવેત્તા એરિસ્ટોટલ પાસે ઘણા વિદ્યાર્થીઓ ભણવા આવતા હતા. એમાં ત્રિણ રાજકુમારો હતા. એક વાર એરિસ્ટોટલે એમને પૂછ્યું: 'તમે રાજા થશો ત્યારે રાજકારણના અટપટા પ્રશ્નો કેવી રીતે ઉકેલશો?' એક રાજકુમારે કહ્યું: 'કોઈ અટપટો પ્રશ્ન ઊભો થશે ત્યારે હું આપની સલાહ લેવા આવીશ.' બીજાએ કહ્યું: 'હું રાજકારણના બધા પ્રશ્નોનો અગાઉથી જ અભ્યાસ કરી રાખીશ અને છતાં પ્રશ્ન ખૂબ મૂંઝવતો હશે તો મારા પ્રધાનમંડળની સલાહ લઈશ.' એરિસ્ટોટલે ત્રીજા રાજકુમાર ઍલેક્ઝાંડર સામે જોયું એટલે એણે જવાબ આપ્યો: 'પ્રશ્ન ઊભો થશે ત્યારે એ સમયના સંજોગો પ્રમાણે એનો ઉકેલ કાઢીશ, પણ કોઈની સલાહ લેવા નહિ જાઉં.'

સંજોગો પ્રમાણે વર્તવું ને કોઈની સલાહની અપેક્ષા ન રાખવી એ આત્મનિર્ભરતા છે. આવી આત્મનિર્ભરતાનો અભાવ એ આત્મશ્રદ્ધાનો અભાવ સૂચવે છે અને એના માટે કોઈ બીજી વ્યક્તિ નહિ, પણ આપણે પોતેજ જવાબદાર છીએ. આપણે આપણા પોતાના જ પગ પર ઊભા રહેવાની તૈયારી ન બતાવીએ ત્યાં સુધી કદી આત્મનિર્ભર બની શકતા નથી.

સ્વામી રામતીર્થને એમના એક શિષ્યે પૂછ્યું: 'મહારાજ, આપના સમગ્ર જીવનના ચિંતનનો સાર શો?' સ્વામીએ જવાબ આપ્યો: 'મને જો મારા સમગ્ર તત્ત્વજ્ઞાનનો સાર એક જ શબ્દમાં કહેવાનો આગ્રહ કરવામાં આવે તો હું કહીશ કે આત્મનિર્ભરતા. માણસ જો આત્મનિર્ભર બની શકે તો પછી એને મોક્ષ માટે પ્રયાસ કરવાની જરૂર નથી, કારણ 'આત્મનિર્ભરતા' એ મોક્ષનું બીજું નામ જ છે.

'આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય' એ કહેવતમાં આત્મનિર્ભર બનવામાટેની વ્યાખ્યાત્મક પ્રેરણા રહેલી છે. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં સ્વર્ગ જેટલું સુખ મેળવવું હોય તો 'આત્મનિર્ભર બનવાનો નિર્ણય કરો. તે સિવાય કોઈ કાર્યમાં સિદ્ધિ મેળવી શકાતી નથી. આપણે આપણા કામ માટે બીજા પર આધાર રાખીએ અને કામ બગડે એટલે ખિજાઈને કહીએ છીએ, 'હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા,' આ કહેવતમાં પણ આત્મનિર્ભર બનનારને થતા આત્મ-સંતોષની ભાવના વ્યક્ત થઈ છે.

પ્રકૃતિએ તો માણસ અને અન્ય પ્રાણીઓને આત્મનિર્ભર બનવાની વૃત્તિ અને શક્તિ બંને આપ્યાં છે. ગાયભેંસનાં બચ્ચાં જન્મે ત્યારથી તેમને ચાલતાં તો શું પણ પાણીમાં તરતાં પણ આવડતું હોય છે. માણસો પણ અમુક ઉંમરે ચાલતાં શીખી જાય છે અને બાળક ચાલતાં શીખ્યા પછી માતાપિતા કે અન્ય વડીલની આંગળી પકડવાનું પસંદ કરતું નથી. આમ આત્મનિર્ભર બનવું એ આપણો નિસર્ગદત્ત સ્વભાવ છે. પરંતુ સમાજ આપણને અપંગ બનાવવા પ્રયાસ કરે છે. બાળકને આપણે તેડી લઇએ છીએ અથવા આંગળી પકડી રાખવાનો આગ્રહ કરીએ છીએ. એના લીધે એ ઘણા સમય સુધી પરાવલંબી રહે છે, એ પછી શિક્ષક, શાળા, પુસ્તકો, ગાઇડો, સ્લેટો અને શિક્ષણશાસ્ત્રીઓ બાળકને આત્મનિર્ભર બનતું અટકાવવા સતત પ્રયાસ કરે છે. આ બધાં પરિબળોએ એને આત્મનિર્ભર બનવામાં સહાય કરવી જોઇએ. એના બદલે એ બધાં એને પરાવલંબી બનવામાં મદદ કરે છે.

બાળકને આત્મનિર્ભર બનતો અટકાવનાર વડીલો અને શિક્ષકો હોય છે, એમ સાધકને આત્મનિર્ભર બનતો અટકાવે છે. શાસ્ત્ર, સંપ્રદાય, મૂર્તિપૂજા, માળા, જપ, તપ, યજ્ઞ આદિ તત્ત્વો. સાધક માળા ફેરવીને રામરામ કરવાં ભવસાગર તરવાની આશા રાખે છે, પણ એને એ ખ્યાલ રહેતો નથી કે સાગર તરવો હોય તો કાંઠે બેઠાંબેઠાં સંકલ્પ કરવાથી તરાશે નહિ. એમાં કૂદી પડીને તરવાથી સામે કાંઠે જવાશે. એ માટે આત્મબળ હોવું જોઇએ.

સુંદરજી બેટાઈએ એક ગીતમાં ગાયું છે:

અલ્લા બેલી, અલ્લા બેલી જાવું જરૂર છે
બંદર છો દૂર છે,
બેલી તારો, બેલી તારો બેલી તારો તું જ છે.
બંદર છો. દૂર છે.'

અહીં 'બેલી તારો તું જ છે' એ શબ્દો ખૂબ મહત્ત્વના છે.

એક સાધુ પાસે એક અતિથિ આવ્યો. સાધુએ અતિથિને ફળ ખાવા આપ્યાં અને આરામ કરવાની સગવડ આપી. બીજા દિવસે વહેલી સવારે અતિથિ આગળ જવા તૈયાર થયો એટલે સાધુ પોતાનો દીવો લઈ એને ઝૂંપડીના બારણા સુધી મૂકવા આવ્યા, પણ બારણું ખોલ્યા પછી સાધુએ પોતાના દીવાને ફૂંક મારી હોલવી નાખ્યો. અતિથિ બોલ્યો, 'મહારાજ, થોડી વાર દીવાનો પ્રકાશ આપવા દીધો હોત તો હું આગળ જવાનો રસ્તો જોઈ શકત ને!'

'બેટા, તારો રસ્તો શોધવા માટે મારો દીવો કામ ના લાગે, એના માટે તારે તારો પોતાનો દીપક પ્રકટાવવો જોઇએ.'

આ કથામાં રહેલો ધ્વનિ સમજી શકાય એમ છે. આપણે આ જગતમાં એકલા આવ્યા છીએ અને એકલા જ જવાનું છે. એ માર્ગ સાવ અંધકાર-ભર્યો છે, પણ એ માર્ગને અજવાળવા બીજાનો દીવો કામ લાગશે નહિ. આપણો પોતાનો આત્મદીપક જ આપણને માર્ગ બતાવી શકે. અંગ્રેજીમાં એક ઉક્તિ છે. 'મૅન ઈઝ ધ આર્કિટેક્ટ ઑવ હીઝ ઑન ફેરટની' – માનવી પોતે જ પોતાના ભાગ્યનો વિધાતા છે. આપણા કવિ રાજેન્દ્ર શાહે ગાયું છે. 'આપણા ઘડવૈયા બાંધવ આપણે'.

આત્મનિર્ભર બનવાનો એક અનોખો આનંદ છે. એમાં સ્વાતંત્ર્યનું સુખ છે, મુક્તિની મહેફિલ છે. આત્મનિર્ભર બનનારને કાર્યના પરિણામ અંગે કોઈના પર દોષારોપણ કરવાનું રહેતું નથી. એને પોતાના કાર્યનો અને પરિણામનો ભાર પોતાના જ ખભે ઉઠાવવાનો હોય છે. એથી એ કાર્ય કર્યાનો અને એના ફળનો સાચો આનંદ માણી શકે છે.

જે આત્મનિર્ભર બને છે એને ઇશ્વરની સહાય માગ્યા વગર મળી રહે છે. એના માટે આત્મા જ પરમાત્મા બની રહે છે. પણ એ માટે આત્માને ઓળખતાં શીખવું જોઇએ. આત્મા સિવાય બીજા કશાનો આધાર ના રાખવાથી આત્માનો પરિચય તરત જ મળી રહે છે.

આત્મનિર્ભર બનવાની તાલીમ બાલપણથી આપી શકાય. એક મઝાનો હાસ્યટુચકો છે. એ આમ તો હસવા માટે છે, પણ એમાંથી ઘણું શીખી શકાય એમ છે:

એક વેપારીનો છોકરો કોઈ ચીજ લેવા માળિયા પર ચડ્યો હતો. છોકરો માળિયા પર ગયો એટલે બાપે નિસરણી ખસેડી લીધી. છોકરાએ નીચે ઊતરવા નિસરણી માગી એટલે બાપે કહ્યું, 'કૂદકો માર. હું નીચે ઊભો છું. તને તેડી લઈશ'. છોકરાએ બાપના વિશ્વાસે ઉપરથી પડતું મૂક્યું. પણ બાપ એને ઝીલી લેવાના બદલે ખસી ગયો છોકરાનો એક પગ ભાંગી ગયો. રડતાંરડતાં એણે પિતાને કહ્યું. 'તમે તો ખરા છો! તેડી લેવાનું કહેતા હતા અને પછી જાણીને ખસી ગયા.'

'જો બેટા, મારે તને એક પાઠ ભણાવવો હતો: આ જીવનમાં કોઈ કામ બીજાના પર આધાર રાખીને કરવું નહિ. આત્મવિશ્વાસ સિવાય બીજા કોઇનો વિશ્વાસ કામ લાગતો નથી. જીવનમાં સગા બાપનો પણ વિશ્વાસ કરીએ તો પસ્તાવું પડે.' બાપે કહ્યું.

આત્મનિર્ભર બનવાની કેટલી મોટી પ્રેરણા આ પ્રસંગમાંથી મળી રહે છે? □



પ્લુટાર્ક

ઈસ્વી સનના આરંભકાળનો ગ્રીક વિદ્વાન સદ્‌ગુણો ને પ્રતિભાનો પૂજારી ચરિત્ર-લેખક

લેખક
અશોક હર્ષ

સૈંકડો નહિ પણ હજારો વર્ષ વીત્યા છતાં માનવજાત પર જેમનો પ્રભાવ અક્ષુણ્ણ રહ્યો હોય એવી ગણીગાંઠી વ્યક્તિઓમાંની એક છે ગ્રીસનો ચરિતાલેખક પ્લુટાર્ક. સમ્રાટો ને રાજપુરુષોથી માંડી ફિલસૂફો અને ઇતિહાસવિદો આજ સુધી એણે આલેખેલાં ચરિતોનું અધ્યયન કરી એમાંથી પ્રેરણા મેળવતા રહ્યા છે. અલબત્ત, આ મહાન સાહિત્યસ્વામી ન કોઈ ગ્રીક કવિઓ કે નાટ્યકારો જેવું ભાષાનું ઓજસ એ નહોતો ધરાવતો. નહોતો એ કોઈ ઇતિહાસકાર કે હરેક શબ્દ તોળીતોળીને મૂકે, હકીકતોના પીઠબળ પછી જ કોઈ વિધાન કરે. અને છતાં તે જગતભરના કવિઓ, નાટ્યકારો, રાજનીતિજ્ઞો તથા ક્રાન્તિકારીઓ સુધ્ધાંનો પ્રેરણાસ્રોત રહેલો છે, જે સ્રોત આજ અઢારસો વર્ષ થવા આવ્યાં છતાં જેવો ને તેવો રહ્યો છે.

એનો જન્મ થયો ત્યારે ગ્રીસનો સુવર્ણકાળ પૂરો થવા આવ્યો હતો. ગ્રીસે પેદા કરેલા મહાન પુરુષોમાં એ છેલ્લો મહાપુરુષ હતો. ત્રણત્રણ ભૂમિખંડોને પોતાની કલા અને સંસ્કૃતિનું પ્રદાન કરનાર એ મહાન દેશ પ્લુટાર્કના જન્મકાળે તો હતગૌરવ બની વિદેશી સામ્રાજ્યનો કેવળ એક પ્રાંત બની ગયો હતો. યુરોપ પર ત્યારે રોમન સામ્રાજ્યની આણ ફરી વળેલી. ગ્રીસ તેનો પૂર્વાંત ભાગ હતો, બ્રિટન પશ્ચિમાંત ભાગ; અને પ્લુટાર્ક એ રોમન સામ્રાજ્યનો જ એક નાગરિક હતો, કારણ ગ્રીસ તેનું સ્વાતંત્ર્ય ગુમાવી બેઠું હતું.

એનો જન્મ ઈ. ૪૬ની આસપાસ અંદાજવામાં આવે છે જ્યારે ગ્રીસ કલા, સાહિત્ય, વિજ્ઞાન આદિનાં ઉચ્ચ શિખરો પરથી અવનતિની ગર્તામાં ઊતરી પડેલું. અલબત્ત, એક નવા જ ધર્મનો ઉદય ત્યારે થઈ ચૂક્યો હતો, પણ પ્લુટાર્ક પર તેનો કશો પ્રભાવ ભાગ્યે જ વર્તાય છે. એ નવો ધર્મ તે ખ્રિસ્તી ધર્મ. પણ પ્લુટાર્ક તો ગ્રીસના સુવર્ણયુગની પરંપરામાં જ જાણે જીવતો હતો. કાળના પ્રવાહની એણે કશી જ પરવા નથી કરેલી. એટલે તો એના ચરિત-નાયકોના જીવનકાળનો એણે ક્યાંય નિર્દેશ નથી કરેલો, કે નથી પોતે વર્ણવેલા બનાવોમાં કશો કાલાનુક્રમ જાળવ્યો. અને સૌથી વિશેષ તો એ કે એ મહાન ચરિત-લેખકે ખુદ એના આત્મચરિતથી આપણને તદ્દન અજ્ઞાત જ રાખ્યા છે. પોતાનાં લખાણોમાં ક્યાંય પોતાની જાત વિષે એણે કશો જ ઉલ્લેખ નથી કરેલો. એ શોધવા માટે આપણે એનાં લખાણોમાં ફાંફાં મારી એકાદ તાંતણો અહીંથી, એકાદ તહીંથી મેળવવો પડે છે, પણ એવા વેરવિખેર તાતણા પરથી એનો સમગ્ર જીવનપટ વણવાનું શક્ય જ નથી. એ શેરોનિયા મુકામે જન્મેલો, પણ એના પિતાનું નામ સુધ્ધાં આપણે નથી જાણતા. અલબત્ત, એના દાદાનું, એની પત્નીનું અને એક પુત્રીનું તથા એના ચાર પુત્રનાં નામ આપણે જાણીએ છીએ જે એણે જણાવેલાં છે.

પ્લુટાર્ક કેવા પિતાને હાથે કેળવાયો હતો તેની કંઈક ઝાંખી તેના એક લખાણમાંથી થવા પામે છે. તે લખે છે: 'મને મારી તરુણાવસ્થામાં શેરોનિયાના બીજા એક નાગરિક સાથે રાજનૈતિક કામે પ્રોકોન્સલ સમક્ષ મોકલવામાં આવેલો એ મને યાદ છે. અમુક આકસ્મિક કારણે મારા સાથી નાગરિકને વચ્ચે જ રોકાઈ જવાની ફરજ પડતાં મારે એકલાએ જ આગળ વધી એ કાર્ય પતાવવું પડેલું.

શેરોનિયા પાછા ફરીને મેં મારો કાર્યવૃત્તાંત મારા પિતાને કહી સંભળાવતાં તેમણે મને એક બાજુએ લઈ જઈને કહ્યું: 'મારા દીકરા, તારે જે વૃત્તાંત આપવાનો છે એ આપતી વખતે એટલું ધ્યાનમાં રાખજે કે તને એકલાને જ આગળ ન ધરતાં બંનેને સંયુક્તપણે આગળ ધરજે. હું ગયો, મેં કહ્યું, મેં કર્યું એમ નહિ પરંતુ અમે ગયા, અમે કહ્યું, અમે કર્યું; એમ નિવેદિત કરજે. તારો સાથીદાર ભલે તને સાથ આપવામાં નિષ્ફળ ગયો, પણ તને પ્રાપ્ત સફળતા અને સંમાનમાં તે ભાગીદાર રહેશે. પરિણામે ગુણવિશેષતા સામે અવશ્ય ઉદ્‌ભવતી ઈર્ષાથી તું તારી જાતને બચાવી લઈ શકીશ.'

પ્લુટાર્ક જેવો સરળ હૃદયી તરુણ પિતાની આ શીખ વિના પણ કદાચ એ જ રીતે વર્ત્યો હોત, કારણ એના સ્વભાવ અને ઉછેર બંને નજરે એ એના જમાનાનો કદાચ સૌથી વિનમ્ર પુરુષ હતો. એ ૨૦ વર્ષ રોમમાં રહ્યો, પણ ત્યાં રહીને એણે શું કર્યું એ પર તેણે કશો જ પ્રકાશ નથી પાડ્યો. એ એના જમાનાનો એક વિદ્વજ્જન હતો, અને વ્યાખ્યાનો આપવા જ એ રોમમાં રોકાયો હોવાનું સહેજે અનુમાન થઈ શકે તેમ છે, કારણ રોમનો વિજેતાઓ હોવા છતાં ગ્રીસના વિદ્વજ્જનોનો આદર કરવાની ઉદારતા અને વિદ્યાનિષ્ઠા તેમનામાં હતી.

પ્લુટાર્કનું ચોક્કસ જન્મવર્ષ જેમ આપણે નથી જાણતા તેમ તેના મૃત્યુવર્ષની બાબતમાં પણ ચોક્કસ સમયનિર્ણય થઈ શકે તેમ નથી. એના જન્મવર્ષની જેમ અનુમાનથી જ એનું મૃત્યુવર્ષ ઈ. સ. ૧૨૦ની આસપાસ મૂકવામાં આવે છે. આમ લગભગ પોણી સદીના એના આયુષ્ય દરમિયાન રોમ પર ક્લૉડિયસથી માંડી હેડ્રિયન સુધીના કુલ ૧૧ સમ્રાટો થઈ ગયા. રોમમાં તત્ત્વજ્ઞાનના એના અધ્યાપનના લગભગ પા સદીના તેના ગાળા દરમિયાન એ એક સમ્રાટનો પણ અધ્યાપક રહ્યો હોવાનું જણાવવામા આવે છે. આ સાચું હોય કે ન હોય, પણ એ તો એક હકીકત છે કે ત્યારના રોમમાં ભાગ્યે જ એવી કોઈ અગ્રગણ્ય વ્યક્તિ હશે જે પ્લુટાર્કનાં વ્યાખ્યાનો સાંભળવા ન આવતી હોય. એનાં લખાણોમાં આવતાં એના મિત્રો તથા શિષ્યોનાં નામો પરથી એ સહેજે ફલિત થવા પામે છે. એમાંનો એક મિત્ર તો રોમના સમ્રાટથી બીજા નંબરનો સત્તાધીશ હતો. એક સ્થળે તે લખે છે: 'એક વખત એવું બન્યું કે હું રોમમાં જાહેર વ્યાખ્યાન આપી રહ્યો હતો ત્યાં, જેની અધિક ને અધિક વધતી જતી ખ્યાતિના કારણે પાછળથી ઈર્ષાવશ થઈ હત્યા કરવામાં આવેલી તે, એરૂલેનસ રસ્ટીકસ એક શ્રોતા તરીકે ઉપસ્થિત રહેલો. મારું વ્યાખ્યાન ચાલુ જ હતું એ દરમિયાન એક સૈનિક આવી પહોંચ્યો અને સમ્રાટ તરફથી એક પત્ર તેને ધરતાં શ્રોતા વર્ગમાં એકદમ ચૂપકીદી છવાઈ ગઈ. મેં એને એ પત્ર વાંચી જવાનો સમય આપ્યો, પણ તેનાથી એ વ્યાખ્યાનભંગ સહન ન થઈ શક્યો. તેણે એ પત્ર મારું વ્યાખ્યાન પૂરું થયું અને શ્રોતાવર્ગ વિખરાયો ત્યાં સુધી ખોલ્યો સુધ્ધાં નહિ.'

ચરિતાલેખનના કિંમતી સંગ્રહ ઉપરાંત પ્લુટાર્ક ધર્મ ને તત્ત્વજ્ઞાનનાં લખાણોનો પણ વિપુલ સંગ્રહ મૂકતો ગયો છે. જુદા જુદા સાઠ વિષયો પરનાં એ લખાણો તેણે 'મોરેલિયા' શીર્ષક હેઠળ સંકલિત કરેલાં છે. આપણે એવું અનુમાન કરી શકીએ કે બે હજાર વર્ષથી વાચકો જેનો રસાસ્વાદ માણી રહ્યા છે એ આ લખાણો એણે રોમમાં આપેલાં

મનોજ બસુની લઘુકથા

ભગવાનની મુશ્કેલી

ભગવાન મુસીબતમાં ફસાયા છે. ક્યાંયે શાંતિ નથી, માણસો એ બેચેન કરી મૂક્યા છે—ઘોંઘાટ અને બૂમાબૂમ કરીને. યમને બોલાવીને એમણે કહ્યું: 'તમે નકામા...'

'જી, ખૂબ કોશિશ કરું છું. નવાનવા રોગ ફેલાવ્યા છે. તો તેની સામે ડાક્તરોનાં ટોળેટોળાં કામે લાગી જાય છે. મરે છે પણ પુષ્કળ લોકો, પણ છતાંય ઓછા નથી થતા.'

ભગવાને આદેશ આપ્યો: 'બચ્ચાંથી જ નિકાલ કરવા માંડો તો. બુદ્ધિ વિકસે ને એ બોલવા માંડે તે પહેલાં જ...'

બાળ-મરકી ચાલુ થઈ. પૂજાની ધમાલ વધી ગઈ. ઢોલ-નગારાંના અવાજથી પશુપંખી માનવ વસ્તીથી દૂર ગાઢ જંગલમાં નાસી ગયાં. ધૂપ-ધુમાડાથી આકાશમાં અંધકાર છવાઈ ગયો. લોકો કહે, ભગવાનની દયા, નાનાં બાળકો ભગવાનને બહુ વહાલાં હોય છે, એટલે એમણે પોતાનાં ચરણમાં તાણી લીધાં.

શો સર્વનાશ! સમજી ગયો. યમરાજથી કંઈ નહિ વળે. બુઢ્ઢાઓને જીવતા રાખીને જ મારવા જોઈએ. ભગવાને વિચાર્યું.

વરુણને ઈશારો કર્યો. ધોધમાર વરસાદ તૂટી પડયો, સર્વત્ર જળ-બંબાકાર. નદીમાં પૂર આવ્યાં. 'હવે શું કહે છે લોકો?'

'કહે છે. આ બધું આપણાં પાપનું ફળ છે. પાપ નિવારણ માટે હવે વધુ જોરશોરથી-ધમાલથી પૂજાની તૈયારીઓ કરે છે.' ભગવાન કંપી ઊઠયા. 'અચ્છા, બધાં જ આમ કહે છે? કોઈ ઊલટી વાત નથી કરતું?'

'જી, હશે બે-પાંચ જણ. શઠ-ધોખાબાજ જે છે તેઓ. સારા માણસો એમ નથી બોલતા.'

વિચાર કરીને ભગવાને કુબેરને બોલાવ્યા. 'કહે 'રૂપિયા ભરી દો આ બધા નઠારા લોકોની તિજોરીમાં.' પછી એ ખડખડાટ હસી પડયા. આ વખતે બુદ્ધિ સારી ચાલી. ખરાબ લોકોની ઉન્નતિ જોઈ ભગવદ્‌ભક્તિ નાશ પામશે. શ્રદ્ધા ગુમાવીને લોકો પાઠ-પૂજાની ધમાલ ઓછી કરી નાખશે. ઘોંઘાટ ઓછો થશે. કંઈક શાંતિ મળશે હવે.

લખપતિ કરોડપતિ બની ગયા. લોકો મોં વકાસી રહ્યા.

'કેમ, હવે શું કહે છે લોકો?' ભગવાને પૂછ્યું.

કહે છે, 'પૂર્વજન્મનાં સત્કર્મ હતાં. તેથી આટલું ઐશ્વર્ય પામ્યા છે આ બધા, અને હવે પુણ્યનું ફળ આવતે જન્મે પામવા તેઓ સારું ખાધા વિના, સારું પહેર્યા વિના પૈસા બચાવીને તેમાંથી ભવ્ય મંદિર બાંધી રહ્યા છે.'

'ઓહ!' કપાળ પરનો પરસેવો લૂછી ભગવાન પ્રવાસે નીકળ્યા. છૂપાવેશે ત્રિભુવન ફરી વળ્યા. પછા આવીને અનંત શય્યા પર સૂઈ ગયા. પણ પાછા આવતી વખતે થોડું રૂ સાથે લેતા આવ્યા હતા એ કાનમાં ખોસીને સૂતા છે. લોકોના ચિત્કાર અને ઘંટનાદ-ઘોંઘાટથી હવે તેઓ વિચલિત થતા નથી. —સુકન્યા ઝવેરી

વ્યાખ્યાનોનું જ સંકલન હશે પરંતુ જગતને એણે ભેટ ધરેલો એ એનો શ્રેષ્ઠ અક્ષરખજાનો નથી. એનો શ્રેષ્ઠ અક્ષરખજાનો તો એણે આલેખેલાં ચરિતો છે જે એણે રોમથી પોતાના વતન પાછા ફર્યા બાદ ટ્રાજનના મૃત્યુ સમય આસપાસ લખેલાં હોવાં જોઈએ. સાથે સાથ એ પણ ભૂલવું ન જોઈએ કે તે રોમમાં પણ ગ્રીક સિવાય બીજી કોઈ ભાષા બોલતો નહોતો, લૅટિન પર તેને પ્રભુત્વ નહોતું, અને તે એણે કબૂલ પણ કરેલું છે. આમ છતાં રોમન લોકો એને સાંભળવા ઉત્સુક રહેતા એ રોમનોના ઉદાર-દૃષ્ટિકોણ અને તેમના વિદ્યાપ્રેમનું દ્યોતક છે; જો કે જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં તે લૅટિન શીખેલો, પરંતુ લૅટિન ગ્રંથોનું તેનું વાચન મર્યાદિત હતું, પરિણામે લૅટિનમાં એણે એક શબ્દ સુદ્ધાં લખ્યો નથી.

પ્લુટાર્ક જબરો પ્રવાસી હતો, આખું ઇટલી તે ઘૂમી વળ્યો હતો, અને કદાચ ઇજિપ્ત પણ. પરંતુ પોતાના વતનમાં પાછા ઠરીઠામ થયા પછી તેણે પ્રવાસનો એ શૉખ જતો કરેલો. એણે શેષ જીવન વતનમાં જ વીતાવી પોતાનો સઘળો સમય ચરિતાલેખનને આપેલો, જે માનવજાતનો એક અમૂલો વારસો બની રહેલ છે.

એણે ગ્રીસ અને રોમ બંનેની નામાંકિત વ્યક્તિઓનાં ચરિતો આલેખ્યાં છે અને બંનેને એકબીજાને પડછે મૂકી તેમનાં સંયોગો, આદર્શો, વ્યવહાર અને વર્તનમાં રહેલું સામ્ય તારવવાનો પ્રયાસ કરેલો છે. એ પાછળ એનો આશય એ દર્શાવી આપવાનો હતો કે, ગ્રીકો કોઈ રીતે રોમનોથી ઊતરતા નહોતા.

એણે આલેખેલાં કુલ ચરિતોમાંથી સંયોગવશાત્ પચાસ જેટલાં બચવા પામેલાં. લગભગ વીસેક જેટલાં નાશ પામ્યાં છે. એ ચરિતોમાં જે ૨૫૦ જેટલા લેખકો ટાંકયા છે—માત્ર ગદ્ય-લેખકો જ નહિ, પરંતુ પદ્ય લેખકો પણ, એમાંનાં ગદ્યપદ્ય માત્ર પ્લુટાર્કનાં લખેલાં ચરિતોમાં જ સંઘરાયેલાં છે, અન્યત્ર એ ક્યાંયે ઉપલબ્ધ નથી. એ ચરિતો એવાં છે કે એક વાર હાથમાં લીધા પછી પૂરાં કર્યા વિના ચેન ન પડે, કારણ એ આબાલવૃદ્ધની રસવૃત્તિ ને જિજ્ઞાસા સંતોષે એવાં છે. તે સદાય પુરુષાર્થનો પ્રશંસક રહેલો, અને એ બાબતમાં ભારતીય તત્ત્વજ્ઞાનનું ઋણ તેણે સ્વીકારેલું છે. એના જણાવ્યા પ્રમાણે, ભારતીય તત્ત્વજ્ઞાન બે શાખાઓમાં વહેંચાયેલું હતું-બ્રાહ્મણ અને શ્રમણ. આ બંને શાખાઓનાં ગ્રીક નામો એણે આપ્યાં છે 'Brachmani' અને 'Germani' આમાંની બ્રાહ્મણ શાખાને તેણે ઉત્તમ ગણેલી છે, અને એણે તથા પાછળથી એપ્યુલિયસે જણાવ્યા પ્રમાણે, બ્રાહ્મણશાખાના આશ્રમોમાં જે દિવસે પોતે કોઈ સત્કૃત્ય કર્યાનું અથવા સદ્‌વાચન કર્યાનું આચાર્ય આગળ પુરવાર ન કરે ત્યાં સુધી તેને એ દિવસના ભોજનથી વંચિત રાખવામાં આવતો.

એણે એના જમાનાની અનેક વ્યક્તિઓનાં ચરિતો આલેખેલાં છે જેમને ઇતિહાસે 'મહાન' તરીકે સ્વીકાર્યા છે. સિકંદર અને સીઝર, ઍન્ટની અને ક્લીઓપેટ્રા, આર્કીમીડિઝ, પીરસ, ડેમોસ્થીનિસ, પૉમ્પી, સોલન, ચિચેરો વગેરે. આધુનિક યુગના મહાન પુરુષોમાંનો એક નેપોલિયન તો ગર્વપૂર્વક એવી જાહેરાત કરતો કે પોતે પ્લુટાર્કનો શિષ્ય હતો. અનેક વિસ્મૃત વિગતોનો પત્તો આજે માત્ર પ્લુટાર્કનાં લખાણો-માંથી જ મળે છે. દા. ત. મહાન ગ્રીક ચિંતક પ્લેટોએ ઇજિપ્તનું પોતાનું પ્રવાસખર્ચ કાઢવા માટે તેલ વેચવાનું શરૂ કર્યું હતું, વગેરે.

એનાં લખાણોમાં અત્રતત્ર વ્યંગ પણ મળી આવે છે. તેણે આલે-ખેલા લીસિયાસના ચરિતમાંનું આ ઉદાહરણ તેનો નમૂનો છે. આથેન્સમાં પોતાની સામે ચાલતા મુકદ્દમામાં એક માણસ પોતે કેવી જુબાની આપવી તે જાણવા માટે લીસિયાસ પાસે પહોંચ્યો. લીસિયાસે મુકદ્દમાની વિગત જાણી તેણે આપવાની જુબાની તેને ઉતારી આપી. બીજે જ દિવસે એ માણસ કટાણું મોઢું કરી લીસિયાસ પાસે પહોંચ્યો અને બોલ્યો, 'હું તમે ઉતારી આપેલી જુબાની પહેલી વાર વાંચીને ખુશ થઈ ઊઠયો. બીજી વાર વાંચતાં મને એ એટલી બધી ન ગમી. ત્રીજી વાર વાંચતાં તો જરા ય ન ગમી, અને ચોથી વાર વાંચતાં તો મને થયું કે એ મારો બચાવ કરી શકે તેમ જ નથી.'

'મારા પ્રિય મિત્ર', લીસિયાસે જવાબ આપ્યો, 'તું એ ભૂલી ગયો લાગે છે કે, ન્યાયધીશ જુબાની માત્ર એક જ વાર સાંભળે છે, ચચ્ચાર વાર નહિ.'

પ્રો. ગિલબર્ટ મરેના કહેવા પ્રમાણે. બે હજાર વર્ષમાં સૌથી વધુ ચિરંજીવી અને સૌથી વધુ લોકપ્રિય કોઈ લેખક રહ્યો હોય તો તે માત્ર પ્લુટાર્ક છે, અને એણે લખેલાં ચરિતોનો કોઈપણ વાચક એ સાથે સંમત થયા વિના નહિ રહે. □

ગુફાઓની અજબ સૃષ્ટિમાં પ્રવેશ

લેખક · વિજયગુપ્ત મૌર્ય

સામાન્ય માણસને તો ગુફાનું નામ લેતાં સિંહ, વાઘ, કે દીપડા રીંછની બોડ યા અઘોરી બાવા, ઋષિ કે યોગીના નિવાસસ્થાનનો ખયાલ આવશે. આપણે તો અહીં ગુફાનો પ્રાકૃતિક પરિચય કરવા માગીએ છીએ, જે ઉપરોક્ત ખયાલ કરતાં વધુ અજાયબીઓ ધરાવે છે.


ગુફાઓ આપણા દૂરના પૂર્વજોનું નિવાસસ્થાન હતી. એટલે આ પૂર્વજો કેવા હતા ને તેમનું જીવન કેવું હતું તેનો પરિચય આ ગુફાઓમાં દટાએલો પડ્યો છે. ગુફાની વિદ્યાશાખા ભૂસ્તરવિજ્ઞાનની એક રસપ્રદ શાખા છે. પરંતુ આપણા દેશમાં ભાગ્યે જ કોઈએ તેનો અભ્યાસ કર્યો છે. યુરોપ, અમેરિકા, રશિયા અને જાપાનમાં તેને એટલું બધું મહત્ત્વ આપવામાં આવ્યું છે કે ગુફાની વિદ્યાશાખાને એક વિશિષ્ટ નામ આપવામાં આવ્યું છે—Speleology. લૅટિન ભાષામાં સ્પેલીઅમનો અર્થ ગુફા થાય છે. ફ્રાન્સ ને સ્પેઈનની સરહદ ઉપર પિરિનીઝ પર્વતમાળામાં તેમ જ મધ્ય યુરોપમાં આલ્પ્સ પર્વતમાળામાં ઘણી ગુફાઓ છે. તેમની પ્રાકૃતિક અજાયબીઓ પ્રત્યે યુરોપીય વિદ્વાનોનું ધ્યાન ગઈ સદીમાં ખેંચાયું. આથી રશિયામાં, યુરોપી દેશોમાં અને અમેરિકામાં સ્પેલીઓલૉજિકલ સોસાયટીઓ સ્થપાઈ. તેમણે પૃથ્વીના પેટાળમાં ઊતરીને આ ગુફાઓ વિશે જે માહિતી આપી તે વિસ્મય પમાડે તેવી છે. ગુફાની વિદ્યાશાખામાં ગુફામાં કેમ ઊતરવું, તેનું સંશોધન અને સર્વેક્ષણ કેમ કરવું, તેમની તસ્વીરો કેમ લેવી, ગુફાઓ કેમ બની અને વિકસી, તેમનું ભૌતિક સ્વરૂપ, તેમનું હવામાન, તેની અંદરની જીવસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિનો અભ્યાસ, તેની અંદર થએલા ભૂસ્તરોની જમાવટ વગેરેના સંશોધનનો સમાવેશ થાય છે. આ વિદ્યાશાખા એટલી બધી ઉપયોગી અને રસપ્રદ નીવડી, કે છેલ્લાં ૫૦ વર્ષથી સ્પેલીઓલૉજી વિષે આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસનાં અધિવેશનો પણ યોજાવા લાગ્યાં છે.

એવરેસ્ટ પર ચઢવું તેના કરતાં ઊંડી ગુફાઓમાં ઊતરીને અન્વેષણ કરવું તે વધુ જોખમી અને મુશ્કેલ કામ છે. ત્યાં ઉતરાણનાં જોખમ ઉપરાંત અંધારાનો, પાણીનો અને પ્રતિકૂળ વાયુઓનો પણ સામનો કરવો પડે. દિવસો સુધી સેંકડો ફૂટ ઊંડે અંધારામાં, ભેજમાં અને પ્રતિકૂળ સંજોગોમાં રહેવા માટે હિંમત, જિજ્ઞાસા અને ખડતલપણું જોઈએ. કેટલીક ગુફાઓના માર્ગ વચ્ચેથી પાણીમાં ડૂબેલા હોય છે. તેમાં ડૂબકી મારીને બીજી બાજુ પહોંચી જવું જોઈએ. તે માટે અનુભવી મરજીવાઓ જોઈએ, જેમને ઊંડા પાણીમાં ડૂબકી મારવાનો અનુભવ હોય.

ધરતીના પેટાળમાં ક્યાં સરોવરો અને ક્યાં ભૂગર્ભ નદીઓ છે તેના અભ્યાસ માટે ગુફાવિજ્ઞાનનું જ્ઞાન જરૂરી છે. કોઈ વાર એવું બને છે કે નદી ધરતીમાં ઊતરી જાય છે. પછી તે ધરતીમાં જ સમાઈ જાય છે કે બીજે ક્યાંય નીકળે છે તે જાણવા માટે નદીમાં લીલો રંગ ઉમેરવામાં આવે છે. બીજે ક્યાંય એ લીલા રંગનું પાણી મળે ત્યારે જાણી શકાય કે ભૂગર્ભમાં ઊતરી જતી નદી આ જ છે.


આપણે ગુફામાં ઊતરીએ તે પહેલાં ગુફાઓ કેમ બને છે અને કેટલા પ્રકારની ગુફાઓ હોય છે તે જોઈ લઈએ.

જ્યાં સમુદ્રકાંઠે ઊંચા ખડકો હોય ત્યાં ભરતીનાં મોજાંના પ્રહારોથી



યૉર્કશાયરની 'ગૅપિંગ ઘીલ' નામે ઓળખાતી ગુફાના પ્રવેશ પાસેનો મુખ્ય ભાગ. ગુફાના મુખ પાસેથી તળ સુધી તેમાં ૩૫૦ ફૂટ ઊંડે આ જે પોલાણ છે તે ૫૦૦ ફૂટની લંબાઈ, ૧૧૦ ફૂટ પહોળાઈ અને છતથી તળ સુધી ૯૦ ફૂટની ઊંડાઈવાળું છે. અહીંથી આગળ લગભગ ૩॥ માઈલ જેટલા ભૂગર્ભ પથમાં એ ફેલાએલી છે. આ ગુફામાં આગળ એક સ્થળે પ્રવેશતું પાણી ભૂગર્ભમાં સમાઈને ફરી એકાદ માઈલ દૂર ક્લૅપહેમમાં બહાર નીકળે છે. દુનિયામાં મોટામાં મોટી ગુફા કેન્ટુકીમાં બાઉલિંગ ગ્રીન નજીક આવેલી 'મૅમથ કેવ' છે. તેમાં જુદીજુદી ઊંડાઈએ એકબીજા સાથે સંકળાએલાં નાનાંમોટાં પોલાણોની કુલ લંબાઈ બસો એક માઈલ જેટલી થવા જાય છે. લગભગ પાંચ ચોરસ માઈલ જેટલા વિસ્તારમાં તે ફેલાએલી છે. એના કેટલાક ભાગના વિગતવાર નકશા પણ તૈયાર થયા છે, પણ એનું સંપૂર્ણ સર્વેક્ષણ થઈ શક્યું નથી. બેચાર ફૂટથી માંડી સોથી યે વધુ ફૂટના પોલાણો ધરાવતા એના કેટલાક]ભાગમાં ઝરણાં, જળાશયો અને નાના જલધોધ પણ છે.

ખડકો કોરાતા જાય છે અને ગુફાઓ બનતી જાય છે. સમય જતાં તે વધુ ને વધુ ઊંડી થતી જાય છે. આખરે તે એટલી ઊંડી બને કે જેથી ઉપરની છતનો ભાર ઝીલી ન શકે, અને ત્યારે છત તૂટી પડીને ગુફા બેસી જાય છે. આવી ગુફા કંઈ આપણા જીવનકાળ દરમિયાન જ કોરાઈ જતી નથી. તેને સૈકાઓ લાગે છે. પરંતુ આવી રીતે કોરાએલી ગુફા અને તે પછી તૂટી પડેલી એ જ ગુફાઓ મેં જોઈ છે. પોરબંદરમાં દરિયાકાંઠે ઇન્દ્રેશ્વરની ભાઠના નામે ઓળખાતી આવી ત્રણેક ગુફાઓ કોરાએલી હતી. શાળાજીવન દરમિયાન અમે સમુદ્ર ઓટાઈ ગયો હોય ત્યારે એ ગુફાઓ જોવા જતા અને તેમાં ફરતા કરચલા તથા ચોંટી રહેલ એકદળ છીપોનું નિરીક્ષણ કરતા. આ ઊંડી ગુફાઓમાંથી સમુદ્રનું નિરીક્ષણ કરવાની યે મજા આવતી હતી. ઉનાળા ચોમાસામાં તોફાની સમુદ્રનાં પ્રચંડ મોજાં આ ગુફાઓમાં પ્રહાર કરે તેથી ગર્જનાઓ થતી હતી. સમુદ્ર પણ એક કુશળ જીવતા કારીગર જેવો છે. તે ગુફાઓને કોરવા માટે પથ્થરોને મોજાં વડે ઊંચકીને ગુફાઓમાં પછાડે છે. વળી, મોજાંના




ગુફાના સર્જનના એક પ્રકારના ચાર તબક્કા, ડાબેથી જમણી બાજુ અનુક્રમે: (૧) ખડકમાં પડેલી ફાટ દ્વારા અંદર ઊંડે સુધી ઊતરતું પાણી ધીરે ધીરે અંદરના ભાગને કોરીને ત્યાં પોલાણ વધારતું જાય છે. (૨) કાળાંતરે એ પાણી આગળ અને આગળ માર્ગ કરતું જાય છે. (૩) તેના ઘર્ષણથી ને અન્ય રાસાયણિક કારણોથી ખડકની અંદરનું પોલાણ નબળું પડી ભાંગવા લાગે છે. અને એ રીતે ત્યાં રચાએલી ગુફામાં કાળાંતરે સ્ટૅલેક્ટાઈટ અને સ્ટૅલેગ્માઈટ પણ રચાય છે. આજે જોવા મળતી આવી ગુફાઓ એ સદીઓથી એકધારી ચાલતી રહેલી આ કુદરતી પ્રક્રિયાનું પરિણામ છે.


ઘસારાથી ગુફામાં જે હવા પુરાઈ રહે તે મોજાંના પ્રચંડ બળ વડે દબાવાથી ગુફાની છતને ઢીલી બનાવે છે. આથી છતમાં બાકોરાં પડે ત્યારે મોજાંના પ્રહારથી તેમાંથી જોરથી ઊંચા ફુવારા ફૂટે છે. ત્રણેક દાયકા પછી એ ગુફાઓ હું જોવા ગયો ત્યારે ત્યાં ગુફાઓ ન હતી. તેમની છત તૂટી પડી હતી અને મોજાંની પછડાટ વડે તેના ખડકો ઘસાઈ રહ્યા હતા. સમુદ્રકાંઠે આવી ગુફાઓ ભારતમાં અને બીજા ઘણા દેશોમાં છે.


ગુફાનો બીજો પ્રકાર મુખ્યત્વે પહાડોમાં હોય છે. સામાન્ય રીતે જે પહાડોમાં ચાક કે ચૂનાના પથ્થરો હોય છે તેમાં વરે તો પાણી વડે ઘસારો લાગતો હોવાથી ગુફાઓ બને છે. કેટલીક ગુફાઓ જ્વાળામુખી પ્રવૃત્તિથી બનેલી હોય છે.


પૃથ્વીના ખડકો કંડારવામાં કુદરતરૂપી વિશ્વકર્માને કંઈ ઉતાવળ હોતી નથી. હજારો, લાખો કે કરોડો વર્ષ દરમિયાન તે ખડકોને ઘસીને અને ધોઇને વિવિધ રચનાઓ બનાવે છે. ચૂના અથવા લાઈમસ્ટોનના ખડકો કૅલ્સિયમ કાર્બોનેટના બનેલા હોય છે, એટલે કે ચૂના સાથે તેમાં કાર્બન ડાયોક્સાઈડ સંયોજિત હોય છે. જ્યારે તેમાં વધુ કાર્બન ડાયોક્સાઈડ ભળે ત્યારે તે કૅલ્સિયમ બાયકાર્બોનેટ બની જાય છે. આ બે વચ્ચેનો તફાવત એ છે કે કૅલ્સિયમ કાર્બોનેટ પાણીમાં અદ્રાવ્ય છે જ્યારે કૅલ્સિયમ


▽ ગુફાની છતમાંથી સતત ટપકતાં ખનિજયુક્ત પાણીનાં ટીપાંથી ગુફાના તળિયા પર રચાતા સ્ટૅલેગ્માઈટ તથા ઉપરથી લટકતા સ્ટૅલેક્ટાઈટનાં દૃષ્ટાંતો. ડાબી બાજુ ફ્રાંસમાં આ દેંક મુકામે આલૅ દ'ઍાગેંનેક નામે ઓળખાતી ગુફાઓમાંના સ્ટૅલેગ્માઈટ. જમણી બાજુ છેડે એ જ ગુફાઓમાંના એક અન્ય ભાગમાં લટકતા સ્ટૅલેક્ટાઈટ. વચ્ચે ન્યૂ મેક્સિકોની કાલ્સંબેડ ગુફામાંનો 'ધી કિંગ્સ ગ્રોન રૂમ' નામે ઓળખાતો ભવ્ય સુંદર વિભાગ, જે તેના નામ પ્રમાણે ખરેખર શાહી દમામભર્યો લાગે છે. લગભગ ૩૦ માઇલ લાંબી આ ગુફાની અંદર અનેક નાનામોટા વિભાગો વિધવિધ ભવ્યતા બતાવે છે. ઈ. ૧૯૦૧ માં અકસ્માત તેની ભાળ મળેલી. આજે તેમાં ઊતરવા ૬૦૦ ફૂટ સુધી એલિવેટરની સગવડ પણ ગોઠવાઈ છે. અનેકવિધ સૌંદર્ય દર્શાવતા તેના નાના મોટા વિભાગોમાં ૧૩૦૦ ફૂટ ઊંડે, ૪૦૦૦ ફૂટ લાંબી, ૬૨૫ ફૂટ પહોળી ને છતથી તળ ૩૫૦ ફૂટના પોલાણવાળો ભાગ સૌથી મોટો છે. તેના અમુક ભાગમાં તો સદીઓ પૂર્વેના માનવ વસવાટના પુરાવા રૂપ પ્રાણીઓની આકૃતિઓનાં આલેખન પણ મળ્યાં છે. આમાંની જ એક ગુફામાં લાખો ચામાચિડિયાં વસે છે. રાત પડતાં એ બધાં જ્યારે બહાર ઊડી આવે છે ત્યારે એક સેકંડે ત્રણસો જેટલાંના હિસાબે ચ કલાકો લાગે છે.











કેટલીક ગુફાઓની અંદરના ઊંડાણમાં ભૂગર્ભનું પાણી એકઠું થતું રહે છે, ને તે ગુફાના મુખની સપાટીએ પહોંચે ત્યારે તેમાંથી બહાર ઠલવાય છે. આવું મુખ ગુફાની અંદરના ભાગમાં પણ હોઈ શકે. જે પાણીની સપાટી ચડે ત્યારે ઢંકાઈ જાય અને પાણી ઠલવાઈ જતાં ફરી ખુલ્લું થાય. ફ્રાંસમાં બ્રાકલોઝની આવી એક ગુફા વિખ્યાત છે. તેમાંના પાણીનું ઊંડાણ માપવાનો પ્રયાસ થએલો ત્યારે ૧૯૨ ફૂટની ઊંડાઈ પછી યે તેના તળનો પત્તો લાગ્યો નહોતો. એથી આગળનો ભાગ હજી યે અજ્ઞાત જ છે. એ પણ ખબર નથી કે આ ગુફામાં આટલું બધું પાણી ક્યાંથી આવે છે. (જમણી બાજુ) પિરિનીઝની એક ગુફાની અંદરના જળાશયનું દૃશ્ય.

બાયકાર્બોનેટ પીગળી જાય છે. આથી જો ડુંગરોમાં કૅલ્સિયમ કાર્બોનેટના ખડકો કૅલ્સિયમ બાયકાર્બોનેટમાં ફેરવાઈ ગયા હોય તો વરસાદના પાણીમાં પીગળીને ધોવાયા કરે છે ને ખાલી પડેલી જગ્યા ગુફાનું સ્વરૂપ ધારણ કરે છે.


હવામાં અલ્પ માત્રામાં કાર્બન ડાયોક્સાઈડ હોય છે. વરસાદ પડે ત્યારે તે વરસાદનાં ફોરાં સાથે ભળી જાય છે. આ ફોરાં જ્યારે ચૂનાના પથ્થરો પર પડે છે ત્યારે તેમાં પીગળી ગયેલો કાર્બન ડાયોક્સાઈડ કૅલ્સિયમ કાર્બોનેટને કૅલ્સિયમ બાયકાર્બોનેટમાં ફેરવી નાખે છે. એથી કૅલ્સિયમ બાયકાર્બોનેટ વરસાદના પાણીમાં પીગળીને ધોવાયા કરે છે. આ ક્રિયા ઘણી ધીમી હોય છે, કારણ કે હવામાં કાર્બન ડાયોક્સાઈડ અલ્પ માત્રામાં જ હોય છે. આથી ચૂનાનો પથ્થર અલ્પ માત્રામાં જ કૅલ્સિયમ બાય કાર્બોનેટમાં ફેરવાય છે અને અલ્પ માત્રામાં જ તેનું ધોવાણ થાય છે. પરંતુ લાખો અને કરોડો વર્ષ સુધી આ પ્રક્રિયા ચાલુ રહેવાથી પહાડોમાં નાની-મોટી ઘણી ગુફાઓ કોરાઈ જાય છે.


માનવ-ઇતિહાસ દરમિયાન હાણચોરો, ચાંચિયાઓ, ડાકુઓ વગેરે પણ ગુફાઓનો ઉપયોગ કરતા આવ્યા છે. આપણે ત્યાં ચંબલનાં કોતરોમાં બનેલી ગુફાઓ પરાપૂર્વથી ડાકુઓને આશ્રય આપે છે. આ કોતરો સપાટી પરથી અચાનક એવાં ઊંડાં ઊતરી જાય છે કે સામેથી ચાલી આવતો માણસ અચાનક ક્યાં ગાયબ થઈ ગયો તે જાણી શકાય નહિ. કોતરમાં ઊતરી ગયા પછી ભૂગર્ભમાં કોતરોની એટલી બધી ગલીકૂંચીઓ હોય છે કે ડાકુઓને શોધી શકાય નહિ, શોધવામાં સલામતી પણ નહિ. આ બધી ભુલભુલામણી પોચા ખડકોને કોરીને પાણીએ બનાવી હોય છે.

ગુફાઓ ધરતીની સપાટીને જ સમાંતર હોય એવું કંઈ નથી. સૌરાષ્ટ્રમાં રાણાવાવની રેલવે લાઈનની ડાબી બાજુના ડુંગરાળ પ્રદેશમાં જાંબુવાનની ગુફા નામે ઓળખાતી એક ગુફા છે, જે ધરતીની સપાટી પર નથી, પણ ભૂગર્ભમાં છે.

કેટલીક ગુફાઓમાં છતમાંથી પાણીનાં ટીપાં ઝરે છે. એ ટીપાંની સાથે ચૂનો અને બીજાં ખનિજો પણ પીગળેલાં હોય. એ ટીપાં ધીરેધીરે નીચે પડે એ પહેલાં પાણી જો સુકાઈ જાય તો તેની અંદરનાં ખનિજો નક્કર રૂપે બાઝતાં જાય. આમ, ધીમી ગતિથી લટકતા શંકુ આકારની આકૃતિ વધતી જાય. કોઈ વાર તેમાં મનોહર રંગો પણ જોવા મળે છે. અંગ્રેજીમાં તેમને સ્ટૅલૅક્ટાઈટ (Stalactite) કહે છે. કોઈ વાર આ આકૃતિ થતાં થતાં છેક ગુફાના તળિયા સુધી પહોંચી જાય છે ને તેનો સળંગ થાંભલો બની જાય છે. આવા થાંભલાવાળી ગુફાઓની રચના સુંદર લાગે છે. કોઈ વાર ખનિજનાં દ્રાવણયુક્ત ટીપાં સુકાઈ ગયા પહેલાં ગુફાના તળિયા પર પડે છે. ત્યાં પાણી સુકાતું જાય છે અને તેની અંદરનાં ખનિજોની જમાવટ થતી જાય છે. એવા કિસ્સામાં થાંભલો ઊપરથી નીચે ઊતરવાને બદલે નીચેથી ઉપર ચઢે છે. આવી આકૃતિને અંગ્રેજીમાં સ્ટૅલૅગ્માઈટ(Stalagmite) કહે છે. ફ્રાન્સમાં લોઝેર ખાતે 'આવેં આમાંદ' નામની ગુફામાં દુનિયાનો સૌથી ઊંચો સ્ટૅલૅગ્માઈટ છે, જેની ઊંચાઈ તળિયેથી ૯૮ ફૂટ છે. સ્પેઈનમાં મલાગા ખાતે 'કવદ નેરજા' નામની ગુફામાં સૌથી લાંબો સ્ટેલેક્ટાઈટ છે, જેની ઊંચાઈ છતથી તળિયા સુધી ૧૯૫ ફૂટ છે, કૅલ્સિયમ કાર્બોનેટ વજન સહન કરવાની ઓછી સહનશક્તિ ધરાવે છે. તે જોતાં ૧૯૫ ફૂટની લંબાઈ સુધી લટકતો સ્ટેલેક્ટાઈટ એક અજાયબી છે. કુદરત કેવાં અજબ સ્થાપત્ય રચે છે તેના આ દાખલા છે. કોઈ વાર સ્ટેલેક્ટાઈટ ઉપરથી નીચે ઊતરે છે ને સ્ટેલેગ્માઈટ ઉપર વધતો જાય છે અને વચ્ચે તેઓ મળી જઈને સુંદર સ્તંભ રચે છે. ગુફાની છતને તેથી ટેકો મળે છે.

દુનિયામાં જ્યાં જ્યાં પર્વતમાળાઓ છે ત્યાં ત્યાં ગુફાઓ થઈ છે. પિરિનીઝ, આલ્પ્સ અને હિમાલયની જેમ જે પર્વતમાળા સમુદ્રમાંથી ઊંચકાઈ છે, તેમાં ચૂના અને ચીખલના નરમ ખડકો ઘણા હોવાથી તેમાં ગુફાઓ વધારે હોય છે. ગિરનાર, બરડો, પશ્ચિમઘાટ, વગેરે ડુંગરમાળાઓ અગ્નિકૃત ખડકોની હોવાથી તેમાં ગુફાઓ ઓછી હોય છે, સિવાય કે લાવારસ એવી રીતે ઠર્યો હોય કે આસપાસનું આવરણ વહેલું ઠરી ગયું હોય અને ભીતરનો લાવારસ વહી જવાથી પોલાણ થઈ ગયું હોય. હિમાલયની ઉત્પત્તિ સમુદ્રમાંથી થઈ હોવાથી તેમાં ગુફાઓ છે, પરંતુ તેમનું સર્વેક્ષણ અને સંશોધન થયું નથી. આપણે હિમાલયના આરોહણને વધુ પડતું મહત્ત્વ આપીએ છીએ, પરંતુ તેના પ્રાકૃતિક અભ્યાસની ઉપેક્ષા કરી છે. આમ આપણી ગુફાઓ પણ ઉપેક્ષિત રહી છે. દક્ષિણ ભારતમાં કુર્નુલ જિલ્લામાં બનગનપલ્લી પાસે ચૂનાના ખડકોના ડુંગરમાં એક ગુફામાં લગભગ ૨૫થી ૩૦ ફૂટ જાડા સ્ટેલેગ્માઈટના થાંભલા છે. આ ગુફામાં ઇતિહાસ પહેલાંના માણસો રહેતા હતા. થોડાંક લાખ વર્ષ પહેલાં તેઓ અહીં જે પ્રાણીઓનો





સ્કૉટલૅન્ડમાં આવેલી ફિંગલ્સ ગુફા. લગભગ બે કરોડ વર્ષ પૂર્વેની જ્વાળામુખીય હલચલથી રચાએલી આ ગુફામાં એક ઉપર એક ઠરેલા લાવારસના સ્તરના કારણે તેની દીવાલો જાણે પથ્થરના સ્તંભોના આધારે ટેકવાઈ રહી હોય તેવું લાગે છે. જમણી બાજુ: દક્ષિણ આફ્રિકાની કાંગો ગુફાઓ-માંની એક. તેમાં રચાએલા સ્ટૅલેક્ટાઈટ અને સ્ટૅલેગ્માઈટ તેને એક રહસ્યમય ભવ્યતા આપે છે.

શિકાર કરતા હતા તેમનાં હાડકાં, તેમણે બનાવેલ ઉકરડામાંથી મળી આવ્યાં છે. તેમાં ગેંડાનાં હાડકાં પણ છે. આજે દક્ષિણમાં ક્યાંય ગેંડા નથી. અહીંથી આશરે એક ડઝન જાતિનાં પ્રાણીઓનાં હાડકાં મળી આવ્યાં છે, જેમાં જંગલી ઘોડા, ઝરખ, વડવાગોળ, ઉંદર ખિસકોલી અને શેઢાઈનો પણ સમાવેશ થાય છે. તે બતાવે છે કે લાખ વર્ષ પહેલાં અહીં રહેતા લોકોનો ખોરાક શો હતો. કાશ્મીરમાં શ્રીનગર પાસે હરવાન નામના સ્થળ નજીક હિમાલયમાં ચૂનાના પથ્થરના ડુંગરમાં એક નાની ગુફા મળી આવી છે, જેના ઉકરડામાં તરેહતરેહનાં સ્તન્ય પ્રાણીઓના અવશેષ છે. કાશ્મીરમાં બીજી ગુફાઓ પણ છે. પરન્તુ તેમનો અભ્યાસ થયો નથી.

કેટલાંક વર્ષ પહેલાં એક વિજ્ઞાની પિરિનીઝની એક ગુફામાં શોધખોળ કરી રહ્યો હતો. તેની સાથે બારેક વર્ષની એક દીકરી હતી. દીવાના પ્રકાશમાં આ ચતુર છોકરીનું ધ્યાન છત પર ચીતરેલાં ચિત્ર તરફ ખેંચાયું. ઇતિહાસ પહેલાંના માણસો શિકાર કરી રહ્યા હતા તેનું એ ચિત્ર તે સમયના માણસોએ ચીતર્યું હતું. આ શોધે ગુફાવિજ્ઞાનમાં એક નવું ક્ષેત્ર ખોલી આપ્યું. તે પછી વિજ્ઞાનીઓ આ દૃષ્ટિએ પણ ગુફા તપાસવા લાગ્યા, અને તેમણે ઘણાં ચિત્રો શોધી કાઢ્યાં જે પ્રાચીન યુગના ગુફાવાસી માણસના જીવન ઉપર તરત પ્રકાશ પાડે છે. તેઓ કયાં પ્રાણીઓનો કેવી રીતે શિકાર કરતા હતા અને તેમનાં અસ્ત્રો ને શસ્ત્રો કેવાં હતાં તે આપણે જાણીએ છીએ. તેઓ હાથી જેવા બળવાન પ્રાણીનો પણ શિકાર કરતા હતા!

સૌથી વધુ પ્રખ્યાત ગુફાઓ અમેરિકા, ફ્રાન્સ, સ્વિત્ઝરલૅન્ડ, ઑસ્ટ્રિયા, યુગોસ્લાવિયા અને સ્પેઈનમાં છે. આ માત્ર એકવડી સાદી ગુફાઓ નથી. તેમાં એક ગુફામાં બીજી ગુફાઓની પરંપરા આવેલી છે. ગુફામાં સરોવરો અને નદીઓ પણ વહે છે અને તેમાં જીવસૃષ્ટિ પણ છે! તેમાં કેટલાંક માછલાંને આંખોનો અભાવ છે, કારણ કે તેમણે આખી જિંદગી અનંત અંધકારમાં જ જીવવાની હોય છે. ફ્રાંસમાં 'ગુફ્ર બર્ગર 'નામની ગુફા કુલ ૩૬૮૦ ફૂટની લંબાઈ ધરાવે છે. સંપૂર્ણ રીતે સર્વેક્ષણ નહિ થએલી ગુફાઓમાં આ સૌથી મોટી છે. સર્વેક્ષણ નહિ થએલી ગુફાઓમાં સ્વિત્ઝરલૅન્ડની હુલોક ગુફા' કુલ ૩૭ માઈલ કરતાં વધુ લંબાઈ ધરાવે છે! ફ્રાન્સના આલ્પ્સ પર્વતમાં એક ગુફા ૧૩૦૦ ફૂટ લાંબી, ૫૦૦ ફૂટ પહોળી છે, અને ૧૫૦ ફૂટ કરતાં વધુ ઊંચી છત ધરાવે છે.

દુનિયાની સૌથી મોટી અને સૌથી પ્રખ્યાત ગુફા અમેરિકાની 'મૅમથ' નામની ગુફા છે. તે એટલી વિશાળ છે અને એટલી વિસ્મયતાઓ ધરાવે છે કે તેના પરિચય માટે તો જુદો લેખ લખવો પડે. અમેરિકાના કેન્ટુકી રાજ્યમાં આ ગુફા અમેરિકન વસાહતીઓને ૧૭૯૯માં મળી આવી હતી. તે વખતે તેમાં અમેરિકાના આદિવાસીઓ રહેતા હતા. તેના સર્વેક્ષણની શરૂઆત પેટ્રીસિયા ક્રોથ નામની એક મહિલાએ કરી હતી. આ ગુફાની અંદર પેટા ગુફાઓ પણ છે, જે બધીની કુલ લંબાઈ ૧૯૧ માઈલથી વધુ છે! અને તેનો નકશો તૈયાર કરવામાં આવ્યો છે.


જે ગુફાઓ ધરતીને સમાંતર નહિ પણ ભૂગર્ભમાં છે, એવી ગુફાઓમાં ફ્રાન્સ અને સ્પેઈનની સરહદ પર આવેલી 'ગુફ્ર દ લા પીઅર' છે, જે સૌથી ઊંડી–૪૩૭૦ ફૂટ ઊંડી–છે. ફ્રાન્સની બીજી ગુફા 'ગુફ્ર ઝીઆં બર્નાર્દ' ૪,૨૫૮ ફૂટ ઊંડી છે. રશિયાની ગુફા 'કીવાકાયા' ૩,૫૪૩ ફૂટ ઊંડી છે. બીજી ઊંડી ગુફાઓ યુરોપમાં આવેલી છે. મેક્સિકોમાં ૨,૪૯૩ ફૂટ ઊંડી અને ઈરાનમાં 'ઘર પારાઉ' નામની ગુફા ૨,૪૬૪ ફૂટ ઊંડી છે.

ઍન્ડિઝ પર્વતમાળામાં ઉત્તરના પર્વતોમાં વિશાળ ગુફાઓ છે. જેમાં તેલિયા પક્ષીઓ નામનાં અસંખ્ય નિશાચર પક્ષીઓ વસે છે પ્રાચીનકાળથી ઍન્ડિઝના આદિવાસીઓ આ ગુફાઓમાં દોરડા પકડી હાથ પહોંચે ત્યાં સુધી આ પક્ષીઓનાં બચ્ચાં એકઠાં કરી તેમને પાણીમાં ઉકાળીને તેલ કાઢી લે છે. કારણ તેમનાં શરીરમાં ઘણું તેલ હોય છે.

જીવ અને વનસ્પતિની જેમ જળસૃષ્ટિને પણ જન્મ, જીવન અને નાશ હોય છે. ચૂનાના ખડકોમાં બનેલી ગુફાઓ કેમ જન્મે છે અને જીવે છે તે આપણે જોયું. હવે તેમના મૃત્યુ વિષે પણ વાત કરી લઈએ. કોઈ વાર ભૂકંપોથી ગુફા તૂટી પડે છે. કોઈ ગુફાની છતનું વધુ પડતું ધોવાણ થવાથી એ તૂટી પડે છે. જે ગુફાઓમાં યુગો દરમિયાન સ્ટૅલેગ્માઈટ અને સ્ટૅલેક્ટાઈટ બન્યા કરે છે, તે દીર્ઘ કાળ દરમિયાન એટલા બધા વધી જાય છે કે તેમના વડે ગુફા પુરાઈ જાય છે અને તે ગુફા રહેતી નથી. છતમાંથી પીગળેલાં ખનિજોની જાત પ્રમાણે સ્ટૅલેગ્માઈટ અને સ્ટૅલેક્ટાઈટ તરેહતરેહના મનોહર રંગો ધરાવે છે. પરંતુ સમુદ્રને તળિયે છીપમાં પૂરાએલા મોતીના મનોહર રંગોની જેમ આ રંગોનું મહત્ત્વ શું? તેમ છતાં જિજ્ઞાસુ માણસો જ્યારે આવી ગુફાઓનો અભ્યાસ કરવા જાય છે ત્યારે કુદરતના આ રંગબેરંગી થાંભલાઓનો આકાર, પ્રકાર અને રંગોની શોભાથી મુગ્ધ બની જાય છે.

આમ, ગુફાવિજ્ઞાન પથ્થર જેવું શુષ્ક ને અંધારી દુનિયાનું બિહામણું વિજ્ઞાન નથી. તે પૃથ્વીના પોપડાનો, ડુંગરોનો, લાખો વર્ષ પહેલાંના માણસોનો અને જીવ તથા વનસ્પતિસૃષ્ટિનો સરસ પરિચય આપે છે.

છેલ્લે બરફની ગુફાઓનો ઉલ્લેખ કરીને આ લેખ પૂરો કરીએ. ઑસ્ટ્રેલિયામાં ૧૮૭૯માં વેરફેન નામના સ્થળે દુનિયાની મોટામાં મોટી બરફની ગુફાઓ મળી આવી હતી, જેમની કુલ લંબાઈ ૨૬ માઈલથી થોડી વધુ છે. દક્ષિણ ધ્રુવખંડમાં સાગરકાંઠાની પાસે બરફની એક વિશાળ ગુફા છે. દક્ષિણ ધ્રુવખંડનું એ પણ એક અનેરું આકર્ષણ છે. □





Bauhinia Veriegata કાંચનાર [પુષ્પમાળા ૨૧] કોવિદાર Bauhinia Perpurea

લેખક · પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર

कांचनारः कांचनकः गंडारीः शोण-पुष्पकः। कोविहारश्चमरिकः कुद्दालो युग्म-पत्रकः।
कुंडली ताम्रपुष्पश्च अश्मन्तकाः स्वल्प-केसरी ॥

સંસ્કૃત નામ : કાંચનાર, કાંચન, કર્બુદાર, ગંડારિ, શોણ પુષ્પક, કોવિદાર, ચમરિક, કુદ્દાલ, યુગ્મ-પત્રક, તામ્રપુષ્પ, કુંડલી, કુલી, યમલપત્રક, ભ્રમરેષ્ટ, માલકાપર્ણુ, અશ્મન્તક.

બંગાળી નામ : લાલ-કંચન, રક્ત-કંચન, બાગ કંચન, યુગપત્ર, દેવકાંચન.

હિન્દી : કચનાર, કોવિદાર   મરાઠી : કાંચન, રક્તકાંચન   ઉર્દૂ : કચનાલ.

અંગ્રેજી : Mountain Ebony, Geranium Tree, Camel's foot tree, Tree bean.

કાંચનાર (કોવિદાર) ભારતવર્ષમાં પ્રાચીનકાળથી પરિચિત પુષ્પવૃક્ષ છે. વાલ્મીકિ રામાયણમાં એનાં પુષ્કળ ઉલ્લેખો મળે છે. મહારાજા દશરથની રાજપતાકામાં કોવિદાર-પુષ્પ અંકિત થતું હતું. શ્રીરામસીતા-લક્ષ્મણના વનવાસ દરમિયાન નગરજનો સાથે ભરત એમને મળવા આવે છે, ત્યારે તેમની સાથેના ધ્વજમાં કોવિદાર પુષ્પ જોઈ લક્ષ્મણ દૂરથી તેમને ઓળખી લઈ જાય છે:

विराजते महासैन्ये कोविदार-ध्वजो रथे।

હિમાલયની આખી તરાઈમાં, સમસ્ત ભારત, બ્રહ્મદેશ, મલયપ્રાયઃદ્વીપ અને ચીન દેશ સુધી કાંચનાર પુષ્કળ પ્રમાણમાં થાય છે. આપણા દેશમાં શોભનવૃક્ષ તરીકે બાગબગીચાઓમાં કાંચનાર પણ ઉગાડવામાં આવે છે. મધ્યમ કદનું ૧૨થી ૧૫ ફીટ ઊંચે વધતું આ પુષ્પવૃક્ષ છે. શીતકાળમાં એનાં પાન ખરી જાય છે. વૃક્ષની છાલ લગભગ લીસી અને ઘેરી ભૂખરા વર્ણની હોય છે.

એનું વૈજ્ઞાનિક નામ બાહિનીઆ. બે જર્મન વનસ્પતિશાસ્ત્રીઓ—જીન બાહેન અને ગેસ્પર બાહેનનાં નામ ઉપરથી પાડવામાં આવ્યું છે. એનાં જરા લંબગોળ મોટાં પાન અગ્રભાગમાં કપાએલાં હોઈ જાણે બે પાન જોડી દીધાં હોય તેવાં દેખાય છે. એટલે જોડિયા બાહેન ભાઈઓનું નામ અપાયું યથાર્થ છે. સંસ્કૃતમાં એને 'યુગ્મપત્રક' કે 'યમલપત્રક' જેવાં નામો પણ અપાયાં છે. આ પાન એક વેંત લાંબા-પહોળાં અને એકાંતરે ગોઠવાએલાં હોય છે. આ પાનનાં બે અડધિયાંને બેવડાં વાળીએ તો તેનો આકાર લંબગોળ જેવા દેખાય છે. ખુલ્લાં પાનનો આકાર રેતીમાં પડેલાં ઊંટનાં પગલાં જેવો લાગતો હોઈ અંગ્રેજીમાં આ વૃક્ષને 'કૅમલ્સ ફૂટ-ટ્રી' પણ કહે છે. કુમળાં હોય ત્યારે પાન ઉપર બારીક રુવાંટી હોય છે.

કાંચનાર (બાહિનિયા વેરીગેટા–લૅટિન શબ્દ વેરીગેટાનો અર્થ થાય છે રંગબેરંગી.)નાં પુષ્પો મંદ સોરભવાળાં અને રંગે શ્વેત, ગુલાબી, તથા નીલાસણુ (જાંબુડી જેવા) રંગનાં સુંદર હોય છે. પુષ્પોમાં પાંચ પાંખડીઓમાં એક પાંખડીમાં ઘેરી જાંબુડી રંગની ટીલી હોય છે. કાંચ-

નારનાં ફૂલની કળીઓનું શાક, અથાણું અને રાયતું પણ બને છે અને તે સ્વાદિષ્ટ લાગે છે. ઉત્તરભારતનાં ઘણાં શાકબજારમાં કાંચનારની કળીઓ વેચાય છે. સંપન્ન ને સ્વાદરસિયા લોકો એ શોખથી ખરીદે છે. ફેબ્રુઆરીથી એપ્રિલનો ગાળો એ એનો પુષ્પકાળ ગણાય છે, તે પછી પુષ્પો ખરી જઈ તેના સ્થાને એકાદ ફૂટ લાંબી અને અંગૂઠા જેટલી પહોળી શીંગો બેસે છે જે પાકી થતાં કથ્થઈ રંગની થઈ જાય છે. આ શીંગોમાં પચ્ચીસ પૈસાના સિક્કા જેવાં ચપટાં બીજ આવે છે. આ બીજ દ્વારા કાંચનાર આસાનીથી ઉગાડી શકાય છે. પૂરતું ખાતર-પાણી મળી રહે તો કાંચનાર વૃક્ષ બહુ જલદીથી વધે છે. બૌદ્ધશિલ્પોમાં આ કાંચનાર વૃક્ષનું સારી પેઠે શિલ્પાંકન થયું છે.

કોવિદાર (બાહિનીઆ પરપ્યૂરિયા) કાંચનારની જ એક જાત છે. તેનાં પુષ્પો ઑક્ટોબર-નવેમ્બર મહિનામાં ખીલે છે. એની કળીઓ પર ઉપસેલી રેખાઓ હોય છે. રમણીય જાંબુડી રંગનાં અલ્પ સોરભવાળાં પુષ્પો કાંચનારનાં ફૂલો કરતાં જરા નાનાં હોય છે. આ પુષ્પો પર રસપાન માટે ભ્રમરો ને પંખીઓ ખૂબ આવે છે. આથી એને 'ભ્રમરેષ્ટ' કહે છે. આ પુષ્પો શ્રી કૃષ્ણ અને શક્તિ-માતાને વધુ પ્રિય હોવાનું ભાવિકો માને છે.

શ્રીલંકામાં પીળાશ પડતો તામ્રવર્ણી કાંચનાર પણ થાય છે. તેનાં પુષ્પો વિજયાદશમીના પર્વ પર હિન્દુ દેવાલયોમાં ચડાવવામાં આવે છે.

અગાઉ કાંચનાર અને કોવિદારના પ્રભેદ વિષે પ્રાચીન વિદ્વાનોમાં ઘણો મતભેદ હતો. પણ ચરકસંહિતાના ટીકાકાર ચક્રપાણિ દત્તે એ વિષે ઠીકઠીક સ્પષ્ટીકરણ કર્યું છે :

कोविदारः स्वनाम ख्यातः स शरदि पुष्पति।
कर्बुदारः कांचनारः स वसन्ते पुष्पति॥

એટલે કે—કોવિદાર-(બાહિનીઆ પરપ્યુરિયા) શરદકાળમાં ખીલે છે અને કાંચનાર (બાહિનીઆ વેરીએગેટા) વસન્ત ઋતુમાં પુષ્પિત થાય છે.

આપણા સાહિત્યમાં કાંચનાર અને કોવિદારનાં પુષ્કળ વર્ણનો મળી આવે છે. કવિગુરુ કાલિદાસ ઋતુસંહારમાં લખે છે :

चित्तं विदारयति कस्य न कोविदारः।

આ કોવિદારનાં પુષ્પો કોના ચિત્તને વિદીર્ણ ન કરી શકે?

કવિવર ભવભૂતિના 'માલતી-માધવ' નાટકનું એક પાત્ર મકરંદ કહે છે—આવો આપણે વિવિધ પુષ્પોથી સુરભિત બનેલા આ ઉદ્યાનમાં કાંચનારના વૃક્ષ નીચે વિશ્રામ કરીએ—

तदस्यैव तावद् उच्छसित–कुसमकेसर–कषाय–शीतलामोद वासितो
दयानस्य कांचनार–पादपस्प अघः स्तावद् उपविशावः। १-२४॥

દસમી સદીના કવિવર રાજશેખર વર્ણન કરે છે :

पुष्पैः संप्रति कांचनार–तरवः प्रत्यंग मालिंगिताः।
वाहलीकी दशान व्रणारूणतरैः पत्रै रशोकोऽर्चितः॥

અર્થાત્—કાંચનારનાં વૃક્ષો પુષ્પો વડે પ્રત્યેક અંગમાં આલિંગિત થઈ રહ્યાં છે. વળી એ અન્યત્ર કહે છે :

कांति कर्षति कांचनार कुसुमं मंजिष्ठ–धौतात् पटात्॥

એટલે કે—મંજિષ્ઠના રંગથી રંગાયેલાં કપડાં જેવાં રંગવાળા કાંચનારનાં પુષ્પો અમને આકર્ષિત કરી રહ્યાં છે.

કાંચનારની એક જાતિ લતારૂપ પણ છે. તેનું નામ છે 'માલકા પર્ણ'. (ગુજરાતી માલગ્ડન=Bauhinia Vahlii) આ વિસ્મૃત વેલ હરિદ્વાર પાસે શિવાલકનાં વનોમાં ખૂબ થાય છે. તેનાં તાજાં મોટાં લીલાં પાન કંદોઈઓ મીઠાઈઓનાં પડીકાં બાંધવામાં વાપરે છે. પાન બબ્બે જોડાયેલાં હોય છે. આ લતાને આપણે કાંચનારની સગી બહેન કહી શકીએ.

સામાન્ય ઉપયોગ : (૧) કાંચનારની છાલ રંગવા અને ચામડાં કમાવવામાં વપરાય છે. (૨) કાંચનારના ગુંદરના ગુણ ચેરીના ગુંદર જેવા જ છે. (૩) છાલમાંથી રેસાઓ પ્રાપ્ત થાય છે. (૪) એનાં પાન બીડી, યા પતરાળાં માટે અને ઢોરોના ચારા તરીકે વપરાય છે. (૫) એનું લાકડું મજબૂત હોય છે તેથી તેનાં ખેતીનાં ઓજારો પણ બને છે.

કાંચનારના ઔષધીય ઉપયોગો પણ છે : (૧) વૈદ્યતીર્થ આપ્પા શાસ્ત્રી સાઠેના અનુભવ પ્રમાણે કાંચનારની ૪ તોલા છાલનો અર્ધા શેર પાણીમાં કાઢો બનાવી મધ સાથે લેવાથી ગંડમાળ રોગ મટે છે. (૨) છાલના કવાથથી અતિસાર અને રક્તાતિસારમાં સારો ગુણ થાય છે. (૩) કાંચનારનાં પુષ્પોનું શાક ખાવાથી રક્તપિત્ત શાંત થાય છે. (૪) કાંચનારના પાનને ઉકાળીને તેનું રાયતું ખાવાથી સ્ત્રીઓના રક્તપ્રદર અને શ્વેતપ્રદર સારા થાય છે. (૫) કાંચનારની છાલને વાટીને મઠા સાથે ખાવાથી હરસ (અર્શ રોગ) મટે છે. (૬) મોઢાની ગરમીમાં કાંચનારના કાઢાના કોગળા કરવાથી આરામ થાય છે. (૭) રક્તવિકાર ને ચર્મરોગમાં પણ એની છાલનો કાઢો લાભ કરે છે. (૮) આફરા (આધ્માત)માં કાંચનારનાં મૂળનો કાઢો અજવાયન સાથે લેવાથી ફાયદો થાય છે. (૯) પ્રમેહમાં કાંચનારની કળીઓ સાકર સાથે ખાવાથી આરામ થાય છે. (૧૦) કાંચનારનાં પુષ્પો મૃદુ વિરેચક હોય છે. □

અનુસંધાન] અમીબા [પૃષ્ઠ ૩૭૭થી

આની પાછળ પાણીના પ્રદૂષણને કારણભૂત માને છે. આ પુસ્તકમાં એ જણાવે છે કે સેંદ્રિય કચરાથી પ્રદૂષિત થએલા ઝરાઓ અને જળાશયોમાં બૅક્ટિરીઆ ફૂલેફાલે છે, જેને પરિણામે આ જાતના અમીબા પણ વધે છે.

તરવાના હૉજ (સ્વિમિંગ-પુલ)માં તેમ જ ગરમ પાણીના ઝરાઓમાં પણ એ જણાયા છે. ઝેકોસ્લૉવેકિયામાં એક તરવાના હોજમાં આ રોગથી છ વર્ષના ગાળા દરમિયાન ૧૬ મૃત્યુ નોંધાએલાં, તો રિચમેન્ડ, વર્જિનિયામાં તો કોર્ટે આવા ચેપી જળાશયોમાં નાહવાની બંધી કરતો કાયદો કરવો પડેલો, કારણ કે તેમાં નાહીને આ રોગથી ૧૮ વ્યક્તિ મૃત્યુ પામેલી. અલબત્ત, કાયદા-કાનૂન એ કાયમી રસ્તો નથી જ. આપણે કાયદાથી બધાં જ જળાશયો તરવા માટે બંધ ન જ કરી શકીએ. તો વળી બધાં તળાવોમાં ક્લૉરિન જેવાં જંતુનાશક ઉમેરવાનું પણ બહુ વ્યવહારુ નથી. રોગની પિછાણ પ્રારંભિક તબક્કામાં જ થઈ શકે તે માટેની પદ્ધતિઓ અને સંશોધનો વિકસાવવાની દિશામાં તેમ જ આવા જીવલેણ અમીબાની રોગોત્પાદક શક્તિને ક્ષીણ કરી નાખે કે તેમને ખતમ કરી નાખે તેવા પરભક્ષી (Predator) જીવો વિકસાવવાના નુસખા પણ આ માટે અજમાવાયા છે.

પણ આ બધું વાંચીને રખે ગભરાઈ જતા. તમે ખુશીથી મીઠા પાણીમાં તરો, ડૂબકી લગાવો અને ઊંડા પણ જાઓ, પણ એની સામે રક્ષણાત્મક પગલાં તરીકે અમુક તકેદારી રાખો તો પછી વાંધો નહિ. જેમ કે જો તમે તળિયા સુધી ડૂબકી ખાવાના હો તો નાકમાં રૂનાં કે એવાં ગમે તે પદાર્થનાં પૂમડાં ખોસીને જાઓ અને જ્યારે બહાર આવો ત્યારે નાક બરાબર ખંખેરવાનું ન ભૂલતા.

છેલ્લે એક મઝાના પ્રયોગની વાત કરી લઈએ. કેટલાંક રસાયણોનું મિશ્રણ જીવંત અમીબાની જેમ વર્તે છે, તેમને 'કૃત્રિમ અમીબા' કહેવાય છે. અમીબાને સૂક્ષ્મદર્શક યંત્ર નીચે જોવાનો લહાવો મળે કે ન મળે, પણ એનું હલનચલન કેવી રીતે થાય છે તે આ પ્રયોગથી જોઈ શકાશે. એક પાત્રમાં મંદ નાઈટ્રિક ઍસિડ ભરો. પછી એમાં થોડો પારો નાખો, એટલે અમીબા તૈયાર. હવે પોટૅશિયમ ડાયક્રોમેટના થોડા સ્ફટિકો તેમાં નાખો. જ્યાં જ્યાં આ સ્ફટિકો નાખશો, ત્યાં ત્યાં આ અમીબા પોતાના ખોટા પગો ફેલાવીને ગતિ કરતું જશે! શોધી કાઢજો, બીજાં પણ આવાં રસાયણો ક્યાં ક્યાં છે તે. □

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ



પ્રકરણ ૫મું
આદિવિવેચક નવલરામ

લેખક
પ્રા. ડૉ. મધુસુદન પારેખ

દલપત અને નર્મદના સમકાલીન અને ગુજરાતી સાહિત્ય આદિ વિવેચક તરીકે નામના પ્રાપ્ત કરનાર નવલરામનો જન્મ ઈ. ૧૮૩૬માં, સુરતમાં થયો. પિતા લક્ષ્મીરામ પંડયા ગુમાસ્તી કરતા હતા. માતાનું નામ નંદકોર. નવલરામ એમનું એક માત્ર સંતાન. ગામઠી નિશાળે થોડું ભણી આઠમા વર્ષે એ દુર્ગારામ મહેતાજીના નિશાળિયા બન્યા. તેજસ્વી અભ્યાસથી એ થોડા સમયમાં અંગ્રેજી હાઇસ્કૂલમાં 'ફ્રી સ્કૉલર' નિમાયા અને ઈ. ૧૮૫૩માં અભ્યાસ પૂરો કરી એ સંસાર શાળાના વિદ્યાર્થી બન્યા. બચપણમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્કાર તેમણે ઝીલેલા અને ત્યાર પછી શંકર મત તરફ તેમની વૃત્તિ વળી અને ઢળી. મૅટ્રિકની પરીક્ષા પસાર કરેલી નહિ, તથાપિ સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના સારા ગ્રંથો વાંચીને તેમણે રસ અને રુચિ કેળવ્યાં હતાં. યુવાવસ્થામાં કવિ ને ગ્રંથપરીક્ષક થવાના મનોરથ વિકસવા માંડયા હતા.

ઈ. ૧૮૬૨માં મહારાજ લાયબલ કેસ ચાલતો હતો. કોઈક સુધારાવાદી શ્રીમંતે એ વિષે ઉત્તમ કવિતા રચવાની ઈનામી સ્પર્ધા ગોઠવી. નવલરામનો કાવ્યોત્સાહ ભભૂકી ઊઠયો અને બસો પચાસ પાનાં ભરીને તેમણે કવિતા લખી મોકલી. એ સમયે નર્મદ તેમનો આરાધ્ય કવિ હતો. કવિતાની સાથે જ 'માઈ ડિયર' નર્મદાશંકરને અંગ્રેજીમાં પત્ર લખી એ કવિતા પ્રગટ થાય ત્યારે તેમને અર્પણ કરવાની અભિલાષા વ્યક્ત કરી; થોડીક ચર્ચા ગોષ્ઠિ પણ એ પત્રમાં કરી લીધી. પણ નર્મદ 'આવા નીરસ વિષય ઉપર તમને લખવાનું સૂઝયું કયાંથી ?' અને 'ગોદરે લૅસ ને ઘેર ઘડકા જેવું તમે કરો છો. પરિણામ જણાયા વિના અર્પણ કેવું ?' એમ પ્રત્યુત્તરમાં જણાવીને ટાઢું પાણી રેડયું.

લાંબા સમય સુધી પરિણામ પ્રગટ ન થયું તેથી અધીરા યુવાન નવલરામે પત્ર લખ્યો. પરીક્ષકોએ તેમને અર્ધું ઈનામ આપવાનો નિર્ણય લીધો. આથી નારાજ થએલા નવલરામે પદ્ય નિબંધ પાછો મંગાવી લીધો. એ એમની કવિતા પ્રવૃત્તિનું પહેલું ફળ. એ અપ્રગટ જ રહ્યું.

ઈ. ૧૮૬૫–૬૬ના ગાળામાં તેમની સિસૃક્ષા સળવળતી દેખાય છે, 'વીરમતી' અને 'ભટનું ભોપાળું' નાટકો પાછળ એ ઉત્સાહથી મચ્યા જણાય છે. આ સમયમાં આત્મમંથનમાં સપડાય છે. પ્રેમની તડપન તેમને પીડે છે. શૃંગાર એમની કલમમાંથી નીતરવા માંડે છે, ને મંથનના પરિણામરૂપ થોડીક કવિતા રચાય છે. છેવટે વેદાન્તમાં ચિત્ત શાંતિ પામે છે.

સૂરતમાં હેડમાસ્તરના હોદ્દા સુધી ક્રમેક્રમે પહોંચેલા નવલરામ ગ્રંથપરીક્ષક થવાના મનોરથ પાર પાડવા સજ્જ થતા જ રહે છે. કાયદાના અભ્યાસ માટે પણ તેમનું મન ખેંચાયેલું રહે છે. કવિતા, નાટક, વિવેચનની પ્રવૃત્તિ પણ તેમના ચિત્તને રોકી રહે છે.

ઈ. ૧૮૭૦માં નવલરામ સવાસો રૂપિયાના પગારે અમદાવાદ ટ્રેનિંગ કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ નિમાયા છે. મહીપતરામ એ સમયે ત્યાં પ્રિન્સિપાલ હતા. સુરતથી અમદાવાદ આગગાડીમાં જતાં ચરોતર પ્રદેશમાં 'તુળસી'ને બદલે 'તળસી' તેમ જ અમદાવાદમાં સૂરતના 'ગિલ્લી, મકું, હલમત, ધણી' ઇત્યાદિ શબ્દોને સ્થાને 'મોઈ, વાત કહું, વતાં, લાયડો' જેવા શબ્દપ્રયોગો તેમને આશ્ચર્ય અને રમૂજ પમાડે છે. અમદાવાદ વિશે તેમનામાં રાગ જન્મતો નથી. દલપતરામની પહેલી છાપ પણ તેમના ચિત્ત પર સારી પડતી નથી. એ કલ્પના કે ચિંતન વિનાના અને ખંધા લાગે છે. એમના મુખ પરનું હાસ્ય પણ તેમને શઠતાભર્યું લાગે છે. મહીપતરામ વિશે તેમનો સારો અભિપ્રાય બંધાય છે. ટ્રેનિંગ કૉલેજનું 'શાળાપત્ર' એ ચડે છે અને 'શાળાપત્ર' એમને ચડે છે. અમદાવાદમાં એમની શૈક્ષણિક તેમ જ વિવેચકીય પ્રવૃત્તિ રૂડી રીતે વિકસવા માંડે છે. એમની સાક્ષરકીર્તિ અહીં બરાબર બંધાય છે. ગ્રંથપરીક્ષક થવાનો અભિલાષ પાર પડતો દેખાય છે.

ઈ. ૧૮૭૬માં એ વિવેચક અને કેળવણીકાર તરીકે નામના કમાઇને રાજકોટ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે જાય છે. અહીં એમનો ગ્રંથપરીક્ષક તરીકેનો વિકાસ સ્પષ્ટ થાય છે. એમના વિવેચનોમાં ઠરેલ પકવતા જણાય છે. સંસાર સુધારા અંગે તેમની કવિતા પણ 'બાળ ગરબાવળી' રૂપે અહીં પ્રગટ થાય છે. બાળલગ્ન વિરોધની કવિતા રચનારા નવલરામના જીવનમાં એમની મોટી થઈ ગયેલી પુત્રી કમળાના લગ્નનો પ્રશ્ન આવે છે. એક મિત્રને લખે છે : 'મારી ખાતરી થઈ કે હાલ આપણા દેશની રીતભાત જોઈ છોકરીનો વિવાહ તો પાંચેક વર્ષની હોય ત્યાંથી જ કરી મૂકવો–અને લગ્ન મોડું કરવું એ ડહાપણ ભરેલું છે.–આઠ નવવર્ષની કર્યા પછી યોગ્ય ઉમરનો છોકરો મળવો અશક્ય છે.' (નવલરામની જીવનકથા, લેખક ગોવર્ધનરામ, આવૃત્તિ બીજી, ઈ. ૧૯૫૭. પૃ. ૬૯.)

રાજકોટમાં એમની શૈક્ષણિક તેમજ વિવેચન પ્રવૃત્તિ ઉત્તમ માર્ગે ચાલતી હોવા છતાં એમને વારંવાર નિરાશાનું મોજું હલાવી નાખે છે : 'હે પ્રભુ ! મારો આત્મા આમ કેમ ખિન્ન થાય છે ? મને લાગે છે કે હું failure છું–નોકરીના કામમાં તેમ જ સર્વ પ્રકારે. ગ્રંથકાર કે પંડિતપણામાં પણ ફત્તેહ–' અહીંથી વાક્ય અધૂરું છે, પણ તાત્પર્ય સ્પષ્ટ છે.

ઈ. ૧૮૮૮માં નવલરામનો અંતકાળ નજીક આવ્યો. ગોવર્ધનરામે એમની એ સમયની મનોદશાનો સુરેખ ચિતાર આપ્યો છે. જ્યારે નવલરામના મનમાં લાગ્યું કે હવે આજકાલમાં અંતકાળ નક્કી છે, ત્યારે પોતાના પિતાને પાસે બોલાવ્યા અને મારા (પોતાના) મરણ પછી મારા (પોતાના) પુત્ર તથા સ્ત્રી સાથે અણબનાવ થતાં આ વૃદ્ધ પિતાને પરતંત્રપણું ભોગવવું ન પડે એ હેતુથી પાંચ હજાર રૂપિયાની સરકારી નોટો રાખી મૂકી હતી તે દુઃખી ડોસાના હાથમાં મૂકતાં ગદ્ગદ કંઠે કહ્યું : 'પિતાજી ! જે વખતે આપણા લોકમાં હાલના જેવી કેળવણીની બૂજ હતી નહિ તેવે સમયે તમારી ટૂંકી રોજીમાંથી કરકસર કરી મને પૂરો વિદ્યાભ્યાસ કરાવવા ખરચ કર્યો તો હું બે અક્ષર ભણ્યો ને કંઈ વિદ્વાનમાં ખપ્યો તેનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી, એમ છતાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી આ હું તમને આપું છું તે સ્વીકારી મને આશીર્વાદ દો કે મારા આત્માનું કલ્યાણ થાય.' આમ કહેવાંની સાથે નવલરામ હૃદયફાટ રોઈ પડયા.

પુત્રીને તથા પુત્રને પણ તેમણે સારી શિખામણ દીધી. જમાઈ નરભેરામને સૂચના કરી કે જો કોઈ રોવાફૂટવાનો ગરબડાટ કરશે તો મારા ઇશ્વર સ્મરણમાં ભંગ પડશે. તેમણે સહુને પોતાના પલંગ પાસે બોલાવ્યા. પોતાનો કંઈ અપરાધ થયો હોય તો તે માટે ક્ષમા માગી અને અંતિમ શબ્દો ઉચ્ચાર્યા : 'હવે હું પરવારી ચૂકયો, ચાલો હવે ઇશ્વર સ્મરણ કરીએ; –નરભેરામ, Now be on your guard–સચ્ચિદાનંદ ! દીનબંધુ ! દીનાનાથ !' અને ૧૮૮૮ના ઑગસ્ટની સાતમી તારીખે મધરાતે એ 'શુક્ર તારક' ખરી પડયો.

નવલરામની કવિતા

નવલરામની કીર્તિ મુખ્યત્વે વિવેચક તરીકેની છે. તેમની સાહિત્યિક પ્રવૃત્તિમાં કવિતાને ગૌણ સ્થાન દેખાય છે. એમની કવિતા ભલે પ્રમાણમાં થોડી છે તેમ છતાં કવિ 'સુંદરમ્'ના શબ્દોમાં કહીએ તો 'નર્મદની અણઘડતા તો તેમનામાં જરા યે નથી, અને દલપતનો સ્થૂલ ચાતુર્યમોહ પણ નથી. છતાં નર્મદ તથા દલપતની શૈલીના બધા ગુણો તેમનાં કાવ્યોમાં છે.' ('અર્વાચીન કવિતા' આવૃત્તિ પહેલી, ઈ. ૧૯૪૬. પૃ. ૫૮.) નવલરામના જીવનમાં એમની ત્રીસીના અરસામાં પ્રેમનું મંથન જાગેલું. એ મંથનમાંથી થોડીક કવિતા પ્રગટી. પણ એમાં એમના ઊર્મિલ ઉદ્‌ગારો સિવાય ઝાઝું દૈવત નથી. એ એમની આરંભકાળની કવિતા છે. એમનાં 'ભટનું ભોપાળું' અને 'વીરમતી' નાટકમાં છૂટીછવાઈ કવિતા છે. 'વીરમતી'ની થોડીક કાવ્યપંક્તિઓ તેમને યશ અપાવે તેવી છે. નાટકની નાયિકા વીરમતી ખલપાત્ર લાલશાજનો પ્રતિકાર કરે છે તે સમયનું વર્ણન ચિત્રાત્મક છે ને નવલરામની કવિતાના તેજનો ચમકાર એમાં વરતાય છે.

> સળકે મણિધર જેમ સોય અણી ઉર અડકતાં,
> ઉછળે વાઘણ જેમ નિજ અર્ભક પર-કર જતાં,
> ચમકી છટકી ઝટ તુટયાં બંધન તડતડી,
> લોચન લોહી ઝરંત જાણે ચંડી રણચંડી.

નવલરામના બે કાવ્યસંગ્રહો છે: 'બાળ-લગ્ન-બત્રીસી' (ઈ. ૧૮૭૫) અને 'બાળ ગરબાવળી' (ઈ. ૧૮૭૭). એમનો 'બીરબલ કાવ્યતરંગ' હિંદીમાં રચાયો છે અને 'મેઘદૂત' એ તેમનું ભાષાંતર છે.

બાળ લગ્ન એ નર્મદ–દલપત યુગની વ્યાપક સામાજિક બદી હતી. દલપતરામે 'વેનચરિત્ર'માં વિગતે એ અનિષ્ટનાં પરિણામ વર્ણવ્યાં છે. નવલરામે એમની રીતે આ અનિષ્ટને કટાક્ષનો વિષય બનાવ્યો છે. પણ દલપતરામ કરતાં નવલરામમાં હાસ્ય વધુ સૂક્ષ્મ છે. બાળલગ્નથી ઉદ્‌ભવતાં કજોડાંનાં વર્ણનમાં નવલરામની વિનોદશક્તિ વિશેષ ખીલે છે: 'ભાઈ તો ભૂગોળ ને ખગોળમાં ઘુમે છે, બાઈનું ચિત્ત, ચુલા માંહ્ય.'

'બાળ ગરબાવળી'ની ગરબીઓ નિશાળમાં ભણતી કન્યાઓને લક્ષમાં રાખીને લખાઈ છે, પણ તે મોટેરાંઓને પણ રસપ્રદ નીવડે તેવી છે. એમાં પણ 'જનાવરની જાન'ની ગરબી એ તેમાંના સમર્થ કટાક્ષને કારણે ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ બની ગઈ છે. એમાં નવલરામે વ્યાજવીર (Mock-heroic)નો પ્રકાર અજમાવ્યો છે:

> જાન જનાવરની મળી, મેઘાડંબર ગાજે,
> બકરીબાઈનો બિટડો. પરણે છે આજે.

નવલરામની શક્તિ જેમ હાસ્યમાં તેમ કરુણમાં પણ સારી એવી ખીલે છે. 'લાડી વિદાય' એમની કરુણરસ નિષ્પન્ન કરવાની શક્તિનું દ્યોતક કાવ્ય છે. 'ઇતિહાસની આરસી'માં તેમનો વેદનારસ્યો ઉદ્‌ગાર હૃદયસ્પર્શી બની રહે છે. મુસલમાનો સાથેના યુદ્ધમાં પરાજય પામ્યા પછી હિંદુઓની સ્થિતિનો તે ચિતાર આપે છે:

> એ દિવસ પડી જે પોક હજી ઉપર ગાજે,
> એ દિવસે દેશિયો શોક કરો ને મળી આજે.
> એ દિવસ થકી પરતંત્ર થયા, લાગી ખાપણ રે,
> એ પહેલાં હતા સ્વતંત્ર, ખરેખર આપણે રે.
> વધ્યો શોક થંભ્યુ ગુજ ગાન જ્ઞાન આ એક જ રે.

નવલરામે કાલીદાસના 'મેઘદૂત'નું ભાષાંતર (ઈ. ૧૮૭૧) કર્યું છે તે એક સન્નિષ્ઠ પ્રયાસ લેખે નોંધપાત્ર ગણાય. આ અનુવાદની પ્રસ્તાવનામાં તેમણે અક્ષરમેળ છંદ ગુજરાતી ભાષા માટે અનુકૂળ નથી એવી મતલબનું જે વિધાન કર્યું છે તેમાં કવિ સુંદરમે નવલરામ કરતાં તેમના કાળનો દોષ વિશેષ જોયો છે. દલપત–નર્મદે અક્ષર મેળ વૃત્તોની ગુજરાતી ભાષા માટે ક્ષમતા દર્શાવી આપ્યા પછી પણ નવલરામને એ વૃત્તો કેમ યોગ્ય ન જણાયા તે આશ્ચર્યની વાત છે. તેમણે ભાષાંતર માટે 'મેઘછંદ', ગરબીમાં થોડો ફેરફાર કરીને યોજ્યો. મંદાક્રાન્તામાં ૨૭ માત્રા થાય છે અને પોતે ઉપજાવેલા મેઘછંદમાં પણ ૨૭ માત્રા આવે છે એવું એમનું બીજું આશ્ચર્ય પમાડે તેવું વિધાન છે. મંદાક્રાન્તા અક્ષરમેળ અને ગરબી માત્રામેળ—એમાં માત્રાની સમાનતા શોધવાનો શો અર્થ?

ભાષાંતર અનેક કચાશોવાળું અને અહીંતહીં ક્લિષ્ટ પણ છે, તેમ છતાં કેટલાક ખંડો રસિક ને ચિત્રાત્મક બની શક્યા છે. મૂળ કૃતિ ન વાંચી હોય તેવા વાચકને એવા કાવ્યખંડો લલિત-મધુર લાગે તેવા છે જેમ કે:

> મારગમાં મળશે નિર્વિંધ્યા નદિ લડથડતી ચાલ,
> વમળ નાભિવત શોભે ને કટિબંધ મરાળ નિમાળ
> લહરીએ વિખરાણી
> તેનું પાણિગ્રહણ તું કરજે છે આતુર અતિ ખારો
> હાવભાવ જ સ્ત્રીની ભાષા છે પ્રિત પ્રથમ પ્રકારો.'

નવલરામની કવિતા પ્રમાણમાં થોડી અને તે પણ ઉચ્ચ કક્ષાની નહિ જ. તેમ છતાં એમની કવિતામાં રસિકતા સરળતા અને આછો વિનોદ તેમ જ શૈલીની પ્રાસાદિકતા ધ્યાન ખેંચી રહે છે.

નવલરામનાં નાટકો

નવલરામનાં બે નાટકો પ્રગટ થયાં છે. 'વીરમતી' પહેલું લખાયું. તે પછી 'ભટનું ભોપાળું', પણ એ વહેલું પ્રકાશિત થયું (ઈ. ૧૮૬૭) અને 'વીરમતી' એની પછી પ્રગટ થયું (૧૮૬૯).

'ભટનું ભોપાળુ' એ મોલિયેરના ફ્રેન્ચ નાટકના ફીલ્ડિંગે કરેલા અંગ્રેજી અનુવાદ 'મૉક ડૉક્ટર'નું રૂપાંતર છે. દલપતરામના 'મિથ્યાભિમાન' પછીનું આ બીજું સળંગ હાસ્યરસપ્રધાન નાટક મળે છે. એમાં નવલરામે કન્યાવિક્રયનો પ્રશ્ન વણી લીધો છે. ગુમખાશાહ શેઠ ધનના લોભથી પોતાની યુવાન પુત્રી ચંદાને એંશી વર્ષના નથ્થુ શેઠ સાથે વરાવવા માગે છે. ચંદા આ લગનથી બચવા મૂંગી બની જવાનો પેંતરો રચે છે. પરાણે વેદ બનાવવામાં આવેલા, આ નાટકના નાયક ભોળા ભટ સંજોગવશાત્ ચંદાની મતલબ પામી જાય છે. આનંદરાય યુવાન સાથેના તેના સ્નેહભાવની તેમને જાણ થાય છે. એ ગુમખાશાહ અને નથ્થુ શેઠ બંનેને મૂર્ખ બનાવીને આનંદરાય ને ચંદાનાં લગ્ન પતાવી આપે છે ભોળાભટનું ઊંટવૈદું અને એની ધૂર્તતા હાસ્યરસના વિભાવ બને છે. વેદનો સ્વાંગ ધરીને એ ચંદાની માવજત કરવા જાય છે અને નથ્થુ શેઠ તેમ જ ગુમખાશાહને પોતાના જ્ઞાન (!)ની હુશિયારીથી તે આંજી નાખે છે, તે આખો પ્રસંગ વિનોદભર્યો અને ભોળાભટના પાત્રના અંતરંગને પ્રગટ કરનારો છે. બંને 'મહાનુભાવો' અંગ્રેજી ભણ્યા નથી તે, યુક્તિથી જાણી લઈને ભોળા ભટ એમને કહે છે—અંગ્રેજી દાક્તરો શું કરવાના? એક વાર એક અંગ્રેજી દાક્તરને મેં અંગ્રેજીમાં સવાલ પૂછેલો—

> ટિવંકલી ટિવંકલી લિટલી ઈસ્ટાર, હાઉ આઈ વોંડેર વ્હાટ યુ આર.
> અપ એબાવ ધી વરલ્ડ સો હાય લાઈક એ ડાયમન્ડ ઈન ધી સ્કાય.

એની માએની તમે સમજ્યા? એમાં એમ પૂછ્યું કે વાલની કેવી ખાસિયત છે? ચટણી ગરમી કરે કે શરદી? માંદાને કયું શાક ખવડાવ્યું હોય તો અવગુણ નહિ કરે? વાયુ કેટલા પ્રકારના છે?'

આ નાટકનો હાસ્યરસ સ્થૂળ પ્રકારનો છે—નાટકનું રૂપ ફારસનું છે. હાસ્યરસ અનેક વાર અશ્લીલતાના સીમાડા પર આવી જાય છે અને સંવાદોમાં પણ ગ્રામ્યતા વારંવાર પ્રગટ થાય છે. નવલરામે નાટકનું સ્થળ સુરત કલ્પ્યું છે અને તત્કાલીન સુરતની રુચિએ એમાં ભાગ ભજવ્યો હશે. ફારસમાં વસ્તુસંકલના કે પાત્રચિત્રણની ઝાઝી અપેક્ષા હોતી નથી. તેમ છતાં લેખકે ભોળા ભટના પાત્રને સારો ઉઠાવ આપ્યો છે. 'ભદ્રંભદ્ર' પૂર્વેનાં બે હાસ્યપ્રધાન પાત્રોમાં જીવરામ ભટ્ટ અને ભોળા ભટ ધ્યાન ખેંચી રહે છે. નવલરામે સંસારસુધારાનો ઉદ્દેશ પણ અહીં સફળ રીતે

સાધ્યો છે. નવલરામ પ્રકૃતિએ ગંભીર હોવા છતાં તેમનામાં વિનોદવૃત્તિ સતત ધ્યાન ખેંચી રહેતી. એમની ગરબીઓ અને 'ભટનું ભોપાળું' એમના હાસ્યરસિક સ્વભાવનાં નિદર્શક છે. નર્મદને આ નાટકમાં અસંભવિતતાનો દોષ દેખાયો તેના ઉત્તરમાં નવલરામે સ્પષ્ટ ઉત્તર આપેલો : 'કવિ, તમે હાસ્યરસનું શાસ્ત્ર જ સમજતા નથી, અને એ નિમિત્તે હાસ્યરસ વિષેની પ્રથમ મીમાંસા તેમણે લખી.

વીરમતી નાટક

ફાર્બસની 'રાસમાળા'માંથી જગદેવ પરમાર અને સિદ્ધરાજ જયસિંહની કથા ઉપરથી તેમણે 'વીરમતી નાટક' રચ્યું. એમાં અત્રતત્ર ઇતિહાસ છે, પરંતુ સમગ્રપણે જોતાં નાટક કલ્પિત છે. જગદેવ અને વીરમતી આ નાટકનાં નાયકનાયિકા છે. જયસિંહના રક્ષણ માટે બને પોતાના દેહની આહુતી આપવા તત્પર બને છે અને પોતાની વફાદારી સિદ્ધ કરે છે, એ આ નાટકની મુખ્ય ઘટના છે. એના સાથે વીરમતીના શિયળની કસોટીનો કથાપ્રવાહ તેમણે સાંકળી લીધો છે. લાલરાજ નામનો એક ધનિક વીરમતીના સૌન્દર્યથી આકર્ષાયો છે. વીરમતી રજપૂતાણી છે તે આ વાણિયાનો અસ્વીકાર કરી પોતાને વાઘના મુખમાંથી ઉગારનાર વીર જગદેવને પરણે છે. વીરમતી પર અત્યાચાર કરવા માટે લાલરાજ રાજદરબારની ગણિકા જામેતીની સહાય લઈ તેને એકાંત મકાનના ઓરડામાં સપડાવે છે. એ સમયે લાલરાજની સામે શિયળરક્ષા માટે ઝૂઝતી વીરમતીનું દૃશ્ય સમગ્ર નાટકનો એક ઉત્તમ અંશ છે. વીરમતીને હાથે તે ખતમ થાય છે.

લેખકે સોલંકી યુગમાં બ્રાહ્મણ ને જૈનધર્મ વચ્ચે ચાલતા સંઘર્ષનું ચિત્ર પણ નાટકમાં ગૂંથી લીધું છે. પણ ધર્મ અંગેના વાદવિવાદ વાર્તાપ્રવાહને અવરોધે છે અને સમગ્ર નાટકમાં અપ્રસ્તુત છે. જૈન ગુરુ જ્ઞાનસાગરના પાત્રને નાટ્યકારે અંધારી રાતના સિતારાની જેમ ચમકાવ્યું છે. એની કુટિલતા આઘાતજનક છે. તદુપરાંત, ગણિકાનો પ્રશ્ન પણ લેખકે આ નાટકમાં ભેળવ્યો છે. એમની આ સમાજસુધારણાની વૃત્તિમાંથી ઉદ્ભવેલા અંશો નાટકની કલાને હાનિ પહોંચાડે છે. સમગ્રપણે 'વીરમતી નાટક' નવલરામની કોઈ વિશિષ્ટ શક્તિ પ્રગટ કરનારું નથી.

નવલરામની વિવેચનપ્રવૃત્તિ

અર્વાચીન ઢબના વિવેચનના બીજ પશ્ચિમી સાહિત્યના સંપર્ક પછી, સહુ પ્રથમ નર્મદમાં જોવા મળે છે. દલપતરામ અને નર્મદ બંનેએ પોતપોતાની રીતે કવિતાની વિભાવના રજૂ કરવાનો પ્રયત્ન કર્યો, પણ કવિતાની વિભાવના તરફ સાચી દિશાનું પ્રથમ સોપાન નર્મદમાં મળે છે. આ બંને કવિઓએ અત્રતત્ર થોડીક સાહિત્ય વિવેચના કરી છે. પણ અર્વાચીન સાહિત્યના ઉદયની સાથેસાથે તેનુ વ્યવસ્થિત રીતે વિવેચન કરનાર નવલરામ પંડયા છે. 'નવલ ગ્રંથાવલિ' એ આપણો પ્રથમ વિવેચન ગ્રન્થ છે. તેમાં કવિતાના સિદ્ધાંતો, નાટક ઇત્યાદિ વિશેની ચર્ચા તેમ જ તત્કાલે પ્રકાશિત થયેલાં અનેકવિધ પુસ્તકોનું વિવેચન જોતાં તેમણે વિવેચન પ્રવૃત્તિ કેવી વિપુલપણે ને સામર્થ્યથી ખેડી છે તેની સુખદ પ્રતીતિ થાય છે.

નવલરામે ઈ. ૧૮૬૩ના અરસામાં નર્મદાશંકર પર લખેલા એક પત્રમાં જૂની સ્કૂલનો અસ્ત અને નવી સ્કૂલનો ઉદય થવા અંગે પોતાની મનોવૃત્તિ પ્રગટ કરી અને 'Masters of such schools'નું યોગ્ય ભાષાંતર શું થઈ શકે તેની ચર્ચા કરી ત્યારથી તેમનામાં ગ્રન્થ પરીક્ષક થવાનો થનગનાટ જોઈ શકાય છે. નવલરામ પ્રકૃત્તિએ વિચારપરાયણ ને પૃથક્કરણશીલ હતા. ગ્રંથવિવેચક થવા માટે એ ગુણ જરૂરી હતા. તદુપરાંત પોતાનો મનોરથ સિદ્ધ કરવા માટે એ ગ્રંથોનું સતત પરિશીલન કર્યા કરતા. બેકનનું નૉવમ ઑર્ગેનન, આર્નોલ્ડનો હિતોપદેશ, એડિસન, ભાંડારકરની માર્ગોપદેશિકા–એમ અનેકવિધ વિષયોના અધ્યયનમાં એમનું ચિત્ત પ્રવૃત્ત હતું. ઈ. ૧૮૬૬માં 'ગ્રન્થકારનો ધંધો બીજા ધંધા કરતાં કઈ રીતે અલાયદો છે તેની ચર્ચા કરે છે. ગ્રન્થપરીક્ષક થવાની તેમની સજ્જતા વધતી જાય છે. એ જ અરસામાં 'કરણઘેલો' નવલકથા પર એક વાર્તિક પણ પ્રગટ કરે છે. અમદાવાદમાં ટ્રેનિંગ કૉલેજમાં વાઈસ પ્રિન્સિપાલ તરીકે નિમાયા અને 'શાળાપત્ર'નું તંત્રીપદ તેમના હસ્તક આવ્યું ત્યારથી તેમની વિવેચનપ્રવૃત્તિ રૂડી રીતે વિકાસ પામવા માંડી. એમની 'નવલગ્રંથાવલિ' એ આ પુરુષાર્થનું સુફળ છે. એમાં સાહિત્યસિદ્ધાંતોની ચર્ચા છે, નાનાંમોટાં પુસ્તકોનાં અવલોકનો છે, શિક્ષણના પ્રશ્નોને લગતા–ભાષા, જોડણી કોશ વિશેના, તેમ જ સંસારસુધારાની ચર્ચાવિચારણાના પણ લેખો છે.

પશ્ચિમી કવિતા સાહિત્યના સંસ્કારો ઝીલીને વિવેચક હેઝલીટની અસર તળે નર્મદે કાવ્ય વિશે પ્રથમ વાર સ્વતંત્ર વિચારણા કરી અને જોસ્સાને કાવ્યમાં પ્રાધાન્ય આપ્યું. નવલરામ નર્મદની વિચારણાને યથામતિ સુધારીને થોડીક આગળ લઈ જાય છે. કૃત્રિમ જોસ્સાને બદલે એ સચ્ચાઈ પર ભાર મૂકે છે અને ખરા જુસ્સાને કવિતાનો આત્મા ગણવાની હદ સુધી તે પહોંચી જાય છે. કવિતા વિશેની તેમની વિભાવના 'કવિ નર્મદાશંકરની કવિતા' વિશેના લેખમાં મળે છે : 'શબ્દનો ધ્વનિ એ કવિતા નથી પણ રાગ છે. કવિતા તો અર્થમાં રહેલી છે. જે અર્થ આપણા મનમાં ચિત્ર પાડી નાના પ્રકારની લાગણીઓ ઉપર અસર કરે છે તે કવિતા અને એ ચિત્રની સાચાઈ અને સંપૂર્ણતા ઉપરથી કવિતાના ક્રમ બંધાય છે. કુદરત અથવા નાચાના સ્વરૂપનું ખરેખરું પૂર્ણ ચિત્ર તે ઉત્તમ કવિતા.' ('નવલગ્રંથાવલિ'–સં. નરહરિ પરીખ ઈ. ૧૯૬૬ની આવૃત્તિ, પૃ ૧૨૬)

આમ, નવલરામ કાવ્યમાં અર્થની ખૂબી પર ભાર મૂકે છે. વિચારપ્રધાન કવિતાનું બીજ જેમ નર્મદમાં તેમ નવલરામમાં પણ જોઈ શકાય છે. તેમણે 'હાસ્ય અને અદ્ભુત રસ', 'કાવ્યશાસ્ત્ર સંબંધી વિચારો', 'દેશી પિંગળ' ઈત્યાદિ લેખોમાં સાહિત્યના સિદ્ધાન્તોની ચર્ચા કરી છે અને ગ્રન્થાવલોકનોમાં એ સિદ્ધાન્તોનો વિનિયોગ કરી બતાવ્યો છે. નવલરામની રુચિ અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યના અભ્યાસથી ઘડાયેલી હતી. એમના જમાનામાં શક્ય તેટલી એક વિવેચક તરીકેની સજ્જતા પણ તેમનામાં હતી. વિવેચનની પરિભાષા હજુ ઘડાઈ નહોતી, ગુજરાતી

લઘુકથા

કુન્તી

પ્રફુલ્લ રાવલ

ધીમે ધીમે પરિચય વધતો ગયો છે. છતાં ય કશું જ જાણવાની ઇચ્છા થતી નથી. વારે વારે એ ડાયરી વાંચવાનો આગ્રહ રાખ્યા કરે છે ને હું એક પ્રેમલ સ્મિતથી તેના સમગ્ર અસ્તિત્વને ભરી દઉં છું. એ પણ બધું જ ભૂલી જઇ સાંપ્રત સુખનો મહિમા માણે છે. ક્રમશઃ દિવસો પસાર થાય છે. ગોકળગતિએ. આજે એણે જ પિક્ચર જોવાની ઇચ્છા પ્રગટ કરી ને અમે ગયાં. વળતાં સ્કૂટર પાછળ બેસી હોંશથી વાતો કરે છે. એનો એ અજ્ઞાત આનંદ કળવાનો હું યત્ન કરું છું અને મનથી મલકાઉં છું. સ્કૂટર સરકે છે ટાઉન હૉલ આવતાં 'હેવમોર'માં કૉફી પીવાની ઇચ્છાને હું રોકી શકતો નથી. કૉફીની રાહ જોતાં અમે ગપ્પાં મારી રહ્યાં છીએ. વચ્ચે જ એ પૂછે છે : 'શેષ, ખેર, મારી ડાયરી ન વાંચ તો કંઈ નહિ. મને એ તો કહે તારી મમ્મીનું નામ શું હતું?'

ક્ષણવાર માટે મન સાથે દ્વન્દ્વ ખેલાઈ રહે છે. મારા હોઠ ફફડે છે. છતાં ય કશું જ બોલી શકાતું નથી. મને લાગે છે કે મારી વાચા ચાલી ગઈ છે. ત્યાં જ વેઈટર ટેબલ પર કૉફી મૂકે છે ને કપના ખખડાટે વાચા ઊપડે છે. હું સહેજ મોટા અવાજે બોલી નાખું છું : 'કુન્તી...'

હવે અમે બંને અવાક છીએ. મારી આંખના ખૂણાને હું લૂછી રહ્યો છું.

ગદ્ય પણ હજુ તો વિકસતું આવતું હતું. એવા સંજોગોમાં વિવેચનની ભાષા કાઠું ક્યાંથી પ્રગટ કરી શકે? એથી જ નવલરામે સ્વીકારેલા કેટલાક પારિભાષિક શબ્દો અને તેની તેમણે આપેલી સમજૂતી આપણને આજે યથાર્થ ન લાગે તે સ્વાભાવિક છે. ઉદાહરણ તરીકે ખંડકાવ્ય એટલે જીવનના અમુક વિશિષ્ટ પ્રસંગનું કે અનુભવનું આલેખન એવી આપણી સામાન્ય સમજ છે. નવલરામ સામાન્ય ટૂંક કવિતા તેમ જ ઊર્મિકાવ્યના અર્થમાં 'ખંડકાવ્ય' શબ્દ પ્રયોજે છે. એ જ પ્રમાણે 'રસ' શબ્દને પણ તે 'મઝા', 'જુસ્સો', 'ગમે તે મનોવિકારનું પૂર્ણબળે પ્રગટ થવું' ઇત્યાદિ અનેક અર્થમાં તે પ્રયોજે છે. રસને જુસ્સા તરીકે ઓળખાવવો યોગ્ય નથી.

તેમ છતાં નવલરામે કાવ્ય વિશે સારી એવી સમજદારી દાખવી છે. Lyrical Poetryમાં એ રાગનું પ્રાધાન્ય જુએ છે અને તેની સમજૂતી આપતાં કહે છે કે 'શુદ્ધ ગાયન-કવિતામાં વિચાર આટલો જ હોવો જોઈએ–વિષય અને તેની થતી અસર. એ અસરનું લાંબું ચિત્ર નહિ, પણ એક શબ્દથી તે અસર સ્પષ્ટ રીતે ઓળખાય એટલું જ. શબ્દોની ગોઠવણ પણ Logical નહિ જ જોઈએ...' (એજન, પૃ. ૧૯૧–૧૯૨) નવલરામે Subjective કવિતા માટે 'સ્વાનુભવરસિક' ને Objective કવિતા માટે 'સર્વાનુભવરસિક' એવા બે પર્યાયો પણ યોજી આપ્યા.

નવલરામ ગુજરાતી કવિતામાં દેશી‌ઓ પ્રયોજવા પર ભાર મૂકે છે. એમને અક્ષરમેળ છંદો અનુકૂળ લાગતા નથી. અલબત્ત એ અંગે વાજબી કારણ તે દર્શાવી શકતા નથી. નવલરામે સાહિત્યસિદ્ધાંતોની નવી દિશા ખોલી આપી. પણ તેમની દૃષ્ટિ પરિપક્વ થઈ દેખાતી નથી અને કેટલાક પૂર્વગ્રહો તેમની સિદ્ધાંતચર્ચામાં પ્રવેશી ગએલા જણાય છે.

નવલરામે એમના જમાનામાં વિકસતા જતા વિવિધ સાહિત્યસ્વરૂપોને અનુલક્ષીને જેમ સિદ્ધાંત ચર્ચા કરી, તેમ તત્કાલે પ્રગટ થતાં પુસ્તકોનું વિવેચન કરીને સારા લેખકોને ઉત્તેજન આપવાનો અને સાથેસાથે સારી કૃતિઓના વાચન પ્રત્યે પ્રજાને અભિમુખ કરીને તેની રુચિ ઘડવાનો બેવડો ધર્મ બજાવ્યો. વિવેચક તરીકે નવલરામની આ નોંધપાત્ર વિશેષતા છે.

તેમનાં ગ્રન્થાવલોકનોમાં 'કરણઘેલો', 'કાન્તા', 'અંધેરી નગરીનો ગર્ધવસેન', 'બુદ્ધિ અને રૂઢિની કથા', 'સુબોધ ચિંતામણી' ઇત્યાદિ પુસ્તકો વિશે વિગતવાર વિવેચનો છે. તદુપરાંત પ્રેમાનંદ, શામળ, દલપતરામ, નર્મદ ઈત્યાદિ કવિઓની કવિ તરીકેની ગુણવત્તા આંકવાનો પણ તેમણે પ્રયાસ કર્યો છે અને તે સાથે સંસ્કૃતમાંથી નાટક અને કવિતાનાં ભાષાંતરોની પણ તેમણે ચર્ચા-વિચારણા કરી છે. 'માલતી–માધવ', 'રત્નાવલી', રઘુવંશકાવ્ય' વગેરે વિષયોની ચર્ચા આ પ્રકારની છે.

નવલરામની વિવેચન–પદ્ધતિ પૃથક્કરણાત્મક છે અને એમનામાં ન્યાયાધીશની વૃત્તિ વિશેષપણે ધ્યાન ખેંચી રહે છે. કૃતિના વિવેચનમાં તે તેના અંગોનું સાહિત્યના સિદ્ધાંતોને લક્ષમાં રાખીને તટસ્થાપૂર્વક અવલોકન કરે છે. 'કાન્તા' નાટકમાં તેમણે એ કૃતિનાં વિવિધ અંગોની જે સફળતા અને મર્યાદા ચીંધી છે તેમાં એક નીડર અને સમર્થ વિવેચક તરીકેની છાપ પડે છે. કૃતિ ખરાબ હોય તો તેને ખરાબ કહેવામાં તેમણે જરા પણ સંકોચ રાખ્યો નથી. 'અંધેરી નગરીનો ગંધર્વસેન'નું વિવેચન' તેનું ઉદાહરણ છે. 'સુબોધચિંતામણિ' તેમને સારાં તત્ત્વો જણાયાથી તેમણે તેનું વિગતવાર ને ઉમળકાભેર વિવેચન કર્યું છે.

અલબત્ત, નવલરામે વિવેચનમાં બિનઅંગત અને શાસ્ત્રીય પદ્ધતિ સ્વીકારી હોવા છતાં કેટલીકવાર તેમના અંગત ગમા–અણગમા તેમાં પ્રવેશી ગયા છે. નર્મદની કવિતા પર તે આરંભના કાળમાં એવા તો વારી જાય છે કે તેને પ્રેમાનંદ કરતાં ય ચડિયાતા ને લગભગ ઉત્તમ કવિ તરીકે સ્થાપી દે છે. એ જ પ્રમાણે દલપતરામ પ્રત્યેનો અણગમો તેમને દલપતરામની કવિતાનું સાચું વિવેચન કરવામાં અવરોધરૂપ બને છે. કેટલીક વાર પ્રમાણવિવેક પણ તેમનામાં જળવતો દેખાતો નથી. 'સુબોધ ચિંતામણિ' માટે તે અનેક પૃષ્ઠો રોકે છે; અને 'સરસ્વતીચંદ્ર' તથા કુસુમમાળા' જેવાં પુસ્તકો એકાદ-બે પેરેગ્રાફમાં તેમણે પતાવ્યાં છે.

પણ નવલરામની વિવેચક તરીકેની વિશેષતા એમાં છે કે જેમજેમ એમની વિવેચક તરીકેની દૃષ્ટિ પરિપક્વ થતી જાય છે તેમતેમ એ કવિઓની કવિ તરીકેની ગુણવત્તામાં પુનર્મૂલ્યાંકન કરે છે. નર્મદ અને પ્રેમાનંદ વિશેનો અભિપ્રાય પાછળથી તે સુધારી લઈને પ્રેમાનંદની કવિતાને સાચી ભાવભીની અંજલિ આપે છે. અને દલપતરામની કવિતાની ગુણવત્તા પણ દર્શાવી આપે છે. આમ નવલરામના વિવેચનના વિકાસની ગતિનું 'નવલગ્રંથાવલિ'ના વિવેચનોમાં આપણને સુભગ દર્શન થાય છે.

નવલરામ પોતાની અંગત રુચિ-અરૂચિને કારણે કેટલીકવાર સારી કૃતિને કેવો અન્યાય કરી બેસે છે તેનું એક ઉદાહરણ 'કલાન્ત કવિ'ના વિવેચનમાં દેખાય છે. આ કૃતિ વિશે ત્રણચાર લીટીમાં સહેજસાજ માહિતી આપીને તે નોંધે છે કે 'એમાં ઠેકાણેઠેકાણે ઉઘાડો શૃંગાર અને પરકાયાભાવ હોવાથી અમે તેનું વિવેચન જ લખવા રાજી નથી.' (એજન. પૃ. ૭૩) આવાં વિવેચનોમાં નવલરામ વિવેચક મટી નીતિવાદી બની જતાં દેખાય છે.

નવલરામે ભાષાન્તરોનાં વિવેચનો કરતી વખતે ભાષાંતર કેવાં હોવાં જોઈએ તેની પણ ચર્ચા કરી લીધી છે. એમનો અભિપ્રાય સ્પષ્ટ છે કે 'ભાષાંતર કરવાનું કામ મૂળ કવિના પ્રતિસ્પર્ધી થવાને ઠેકાણે, તેના આજ્ઞાંકિત સેવક, તેના એકાંતિક મિત્ર થવાનું છે...ભાષાન્તર કરનારે ક્યારે પણ પોતાની તરફનો વધારો-ઘટાડો કરવો ન જોઈએ, કેમકે આપણે તેના વિચાર જાણવા નથી બેઠા, પણ મૂળ ગ્રંથકર્તા જેની કીર્તિથી આપણે મોહિત થઈ ગયા છીએ તે શું કહે છે તે આપણે જાણવું છે. એવે ઠેકાણે ભાષાંતરકર્તાએ પોતાનું ડોઢડાહ્યું કરવું એ એક જાતની ઠગાઈ છે. જે ગુણ, જે છટા, જે ભાષાની મીઠાશ મૂળમાં છે તે સઘળી ભાષાંતરમાં આવવી જોઈએ—જાણે તે જ કવિ આપણી ભાષામાં લખવા બેઠા હોય તો તે કેમ લખે. ભાષાંતરનું આ તો સંપૂર્ણ લક્ષણ છે.' (એજન, પૃ. ૫૨) નવલરામે ભાષાંતરના ત્રણ પ્રકારો પાડ્યા છે: શબ્દાનુસારી અર્થાનુસારી. અને રસાનુસારી. તેમાં રસને અનુસરીને થએલું ભાષાંતર તે ઉત્તમ ગણે છે.'

નવલગ્રંથાવલિ'ના બીજા ખંડમાં તેમણે શિક્ષણના પ્રશ્નો ચર્ચ્યા છે તેમાં 'એકલિપિ' 'સ્વભાષાના અભ્યાસનું અગત્ય', 'ગુજરાતી ભાષાની હાલની જોડણી', 'હિન્દુસ્તાનમાં એક ભાષા' વગેરે લેખો એક દીર્ઘ દૃષ્ટિવાળા શિક્ષણકાર તરીકેની તેમની છબી ઉપસાવે છે. એમણે ચર્ચેલા એ પ્રશ્નોનું મહત્ત્વ આજે પણ ઘણું બધું છે. એમણે ગુજરાતી શબ્દમૂળદર્શક કોશ'નો પ્રશ્ન ઊભો કરેલો. એવો અધિકૃત જોડણીકોશ આજે પણ આપણે ત્યાં ક્યાં છે? પારિભાષિક કોશની તો વાત જ શી?

નવલરામે એમના સમયની અનેક મર્યાદાઓ વચ્ચે પોતાની વિવેચન પ્રવૃત્તિ આરંભી. એમની સમક્ષ પશ્ચિમની જે કંઈ અભ્યાસ સામગ્રી હતી તેને આધારે તેમણે વિવેચનના કેટલાક કૂટપ્રશ્નોની છણાવટ કરી. તેમની રુચિની મર્યાદા, તેમના પૂર્વગ્રહો ઇત્યાદિ છતાં વિપુલપણે અને સાચી દિશામાં વિવેચનને ગતિ આપનાર તરીકે નવલરામ યશના અધિકારી છે. એમના વિવેચનમાં સત્યનિષ્ઠા, ઊંચી રસિકતા, તાટસ્થ્ય, નીડરતા ઈત્યાદિ ઉત્તમ ગુણો પ્રગટ થાય છે. કેટલાય ઊગતા લેખકોની કૃતિઓનાં વિવેચનો દ્વારા તે લેખકોને પ્રોત્સાહિત કરી આગળ પાડવાનો વિવેચક કુલધર્મ તેમણે બજાવ્યો છે. અર્વાચીન સાહિત્ય પ્રગટ થવા માંડ્યું તેની સાથે સાથે જ તેના વિવેચનનો પ્રવાહ પણ વહેતો થયો. તેનું મુખ્ય શ્રેય નવલરામને ઘટે છે. આપણા સાહિત્યમાં 'આદિ વિવેચક' તરીકે તેમની સેવાઓ ચિરસ્મરણીય છે. (પ્રકરણ પર્યું પૂરું)

'પેન' કૉંગ્રેસની બેઠકોમાં કોરિયા અને જાપાનનો ઝઘડો પેપરનું વાચન અને બેઠકોની પૂર્ણાહુતિ

—લેખક · પ્રા. ડૉ. રમણલાલ ચી. શાહ—

પ્રદેશે જય-વિજયના ૧૨

સીડનીમાં પ્રથમ દિવસે ઝુલાવાલીન નામના જર્મન પ્રતિનિધિનો ઔપચારિક પરિચય થએલો. તેઓ કૉંગ્રેસની બેઠકોમાં બહુ હાજરી આપતા નહિ, ને આવતા ત્યારે યે સભાને છેડે થોડી વાર બેસીને ચાલ્યા જતા. કોઈની સાથે ખાસ બોલતા પણ નહિ. પોશાકની પણ કંઈ ટાપટીપ રાખતા નહિ. પણ પછી એક-બે પાર્ટીમાં થોડી વાતોચીતો થયા બાદ એમના એ અતડાપણાનો ખુલાસો મળી ગયો. તેઓ અંગ્રેજી કે ફ્રેન્ચ નહિ જેવું જ જાણે, એટલે કોઈની સાથે વાત કરવાનું ફાવતું નહિ. મને કહે : 'ડૉ. શાહ, હું તો કોઈની સાથે બોલતો કે ભળતો નથી. પરંતુ અમારા જર્મન પ્રતિનિધિ કે હૉફ મને તમારી ભલામણ કરી છે.'

'મારે માટે આવો પક્ષપાત કેમ ?' હસતાંહસતાં મેં પૂછ્યું.

કે હૉફ કહેલું : 'ડૉ. શાહ જે અંગ્રેજી બોલે છે તે ઑસ્ટ્રેલીઅનો, અમેરિકનો કે બ્રિટિશરોના અંગ્રેજી કરતાં આપણને જલદી સમજાય એવું હોય છે. વળી, તમે ડૉ. શાહને વિનંતી કરશો તો તેઓ શબ્દો છૂટા પાડીને બોલશે. અને એથી પરસ્પર વાતનો વ્યવહાર ચાલશે.'

'અમારા હિંદીઓના ઉચ્ચાર અંગ્રેજી માતૃભાષાવાળા બ્રિટિશરો, અમેરિકનો કે ઑસ્ટ્રેલીઅનો કરતાં જુદા હોય છે એ સાચું. અમારા ઉચ્ચારોની તેઓ મજાક પણ ઉડાવે છે; છતાં એમ કહેવાય છે કે અમે લોકો 'કિંગ્સ ઇંગ્લિશ'-શુદ્ધ અને સાચું અંગ્રેજી બોલીએ છીએ. વળી, બિનઅંગ્રેજીઓ સાથે અંગ્રેજીમાં બોલવાનું હોય ત્યારે અમને અધ્યાપકોને બે વાર ન બોલવું પડે તેવી રીતે શબ્દો છૂટા પાડીને બોલવાની ટેવ હોય છે. તમારા કરતાં યે જાપાન અને કોરિયાના લોકો સાથે અંગ્રેજીમાં બોલવાનું એથી પણ અઘરું છે. ત્રણેક વખત જાપાનના પ્રવાસ દરમિયાન ત્યાંના લોકો સાથે છૂટું પાડીને અંગ્રેજી બોલવાનો ઠીકઠીક મહાવરો થઈ ગયો છે. તમને કંપની આપવી એ મારા માટે આનંદની વાત છે.'

કોરિયામાં કવિ કિમ ચી હા કેટલાંક વર્ષોથી કેદમાં હોઈ એ અંગે જાપાને પોતાના વિરોધની લાગણી વ્યક્ત કરતું એક નિવેદન રજૂ કરેલું. સવારની બેઠકમાં એક વિષય તે અંગેની ચર્ચાનો પણ હતો.

બે દિવસ અગાઉથી જાપાનીઓએ પોતાના નિવેદનની નકલો વહેંચવા માંડી હતી. તેના જવાબરૂપે કોરિયનોએ પણ પોતાના નિવેદનની નકલો તુરત વહેંચી હતી. બંનેના લેખકોની સંખ્યા ઘણી મોટી હતી અને તેઓ હવે એક બીજા પ્રત્યે કતરાતી નજરે જોતા હતા. ૧૦ × ૪

બેઠકમાં જાપાનના પ્રતિનિધિએ પોતાનું નિવેદન વાંચીને કિમ ચી હાની તબિયત વિષે ચિંતા વ્યક્ત કરી.

કોરિયાના પ્રતિનિધિઓ ઉકળી ઊઠ્યા, કહે : 'દુનિયામાં ઘણા દેશોમાં લેખકો જેલમાં છે, છતાં માત્ર કિમ ચી હા માટે જાપાનને કેમ આટલો બધો પ્રેમ ઉભરાય છે ? બીજા દેશના લેખકો માટે જાપાને કેમ એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી ? કિમ ચી હાને રાજદ્વારી કારણોને લીધે જેલમાં પૂરવામાં આવ્યા છે, લેખન માટે નહિ. એનો કેસ કોર્ટમાં ચાલે છે. અમે તે માટે બનતી કોશિશ કરીએ છીએ. ૧૯૭૫માં અમે એમને જેલમાંથી છોડાવ્યા હતા. ફરી તેઓ જેલમાં છે. જાપાને આ નિવેદન અમને ઉતારી પાડવા માટે કર્યું છે.'

'પેન'નાં આંતરરાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી ચોહન સુક મોહે પણ કોરિયાનાં છે. તેમણે કહ્યું કે : 'જાપાનના નિવેદન પાછળ રાજદ્વારી ગંધ રહેલી છે. કિમ ચી હા માટે અમે અમારાથી બનતા બધા જ પ્રયત્નો કરીએ છીએ. વસ્તુતઃ કિમ ચી હાની બાબતને આવી આંતરરાષ્ટ્રીય પરિષદમાં ચર્ચવાથી એમના કેસને આપણે બગાડીશું. અહીં આવતાં પહેલાં હું એમને જેલમાં મળીને આવી છું, ને એમની તબિયત સારી છે.

અમેરિકનોએ જાપાનનો પક્ષ લીધો. એથી એવી છાપ પડતી હતી કે કદાચ એમની ચડવણીથી જ જાપાને આ નિવેદન કર્યું હશે.

કોરિયાના પક્ષે બીજા કોઈ બોલનાર નહોતા. મને લાગ્યું કે આમાં કોરિયાને અન્યાય થાય છે. બોલવા માટે મેં રજા માગી, તે મળી. મેં કહ્યું : 'કવિ કિમ ચી હા જેલમાંથી મુક્ત થાય એની તરફેણમાં હું છું; પરંતુ મારે જાપાનના પ્રતિનિધિ પાસેથી જાણવું છે કે આવી આંતરરાષ્ટ્રીય પરિષદમાં નિવેદન કરતાં પહેલાં જાપાનના પેન સેન્ટરે કિમ ચી હાની બાબતમાં કોરિયાના પેન સેન્ટરનો સંપર્ક સાધ્યો હતો કે કેમ ? જો સાધ્યો હોય તો તે ક્યારે ક્યારે ? અને જો તેમ ન હોય તો કોઈ પણ એક સેન્ટર બીજા સેન્ટરને પૂછ્યા વગર તેના દેશની સાહિત્યિક બાબતોમાં માથું મારે તો તેથી એકંદરે 'પેન'ને લાભ નહિ થાય, પણ પેન તેવા ઝઘડાઓ માટેનું મોકળું મેદાન બની જશે.'

જાપાનના પ્રતિનિધિએ ઊભા થઈ એકરાર કરતાં કહ્યું કે, 'અમે આ બાબતમાં કોરિયાના પેન સેન્ટરનો સંપર્ક સાધ્યો નથી. અલબત્ત, અમે કિમ ચી હા વિષે તપાસ કરવા માટે જાપાની લેખકોને કોરિયા મોકલ્યા હતા. પરંતુ તેઓએ કોરિયન પેન સેન્ટરનો સંપર્ક સાધ્યો ન હતો.'

આ એકરારથી શ્રોતાઓ ઉપરની છાપ કોરિયાની તરફેણમાં પલટાઈ ગઈ. કોરિયાના પ્રતિનિધિઓ આનંદમાં આવી ગયા. જાપાનની વાત ઊડી ગઈ, અને તેઓ ઉઘાડા પડી ગયા.

બેઠક પછી કોરિયા માટે બોલવા બદલ ઘણાએ મને અભિનંદન આપ્યા. કોરિયાના અગિયારે પ્રતિનિધિઓ મને વીંટળાઈ વળ્યા. તેઓ કહે : 'જુઓ, અહીં પણ કેવું રાજકારણ ચાલે છે ! અમેરિકા અને જાપાન એક પક્ષે હતાં એટલે અમારી તરફેણમાં કોઈ બોલવા પણ ઇચ્છતું નહોતું. તમે બોલ્યા એથી વાતાવરણ કેવું બદલાઈ ગયું !'

સાંજે શ્રીમતી સૅાંગ નામની એક પ્રૌઢ કોરિયન નવલકથાકાર મને એક નાનકડી ભેટ આપી ગઈ. 'તમે અમને ઉગારી લીધા એની યાદગીરી તરીકે અમારી આ નમ્ર ભેટ સ્વીકારો.'

આ કોરિયનોને પણ અંગ્રેજી ઓછું ફાવે, એટલે બીજાઓ સાથે બહુ ભળી શકે નહિ. હવે તો હું જ્યાં હોઉં ત્યાં એકાદ લેખક તો મારી સાથે પોતાની ભાંગીતૂટી અંગ્રેજીમાં વાત કરવા આવી પહોંચતો જ.

આંતરરાષ્ટ્રીય પેન કૉંગ્રેસની સાહિત્યિક બેઠકમાં પેપર વાંચવો હોય તો બે મહિના અગાઉ તે આપવો પડે. પ્રતિનિધિ તરીકે મારી પસંદગી કૉંગ્રેસના એક મહિના પહેલાં જ થએલી અને પછી પરદેશ જવા માટેના વિધિ પાછળ દોડાદોડમાં ફસાયો. છતાં સમય કાઢીને મારો પેપર લખીને સીડની મોકલી આપ્યો હતો. અલબત્ત, અસાધારણ વિલંબ થએલો એટલે સીડની પહોંચ્યો ત્યારે પાંચે દિવસની સાહિત્યિક બેઠકમાં વંચાનારા પેપરોનો જે છપાએલો કાર્યક્રમ જોવા મળ્યો એમાં

મારું નામ તો ક્યાંથી હોય? છતાં પેપર લખ્યો જ છે તો એ વાંચવાની તક મેળવવાનો પ્રયત્ન મારે કરવો જ જોઈએ. આ માટે આંતરરાષ્ટ્રીય પ્રમુખ, મંત્રી તથા સ્થાનિક પેન સેન્ટરના પ્રમુખને હું મળ્યો. બધાએ દિલગીરી જ દર્શાવી. મુખ્ય કારણ તો સમયનો અભાવ હતો. પેપર વાંચનારા પ્રતિનિધિઓને પણ માત્ર દસ દસ મિનિટ જ અપાઈ હતી. છતાં મેં મારો પ્રયત્ન ચાલુ રાખ્યો. વિદેશમાં એક વખત ના પડાયા પછી બીજીવાર પૂછવું એ શિષ્ટાચારની વિરુદ્ધ ગણાય છે, પરંતુ ભારતીય પ્રણાલિકા પ્રમાણે નમ્રતાપૂર્વક પ્રેમભર્યા આગ્રહથી કેટલાંક કામ પાર પડી તો થઈ શકે છે, એમ માની મેં આશા છોડી નહિ. છેવટ જાણવા મળ્યું કે સાહિત્યિક બેઠકોનું આયોજન સંભાળતા શ્રીમતી નાન્સી કીર્લિંગને છેવટનો નિર્ણય લેવાની સત્તા છે. પછી તો બીજા હોદ્દેદારોને મળવાનું છોડી હું એમની પાસે બે ત્રણ વાર જઈ આવ્યો. શરૂઆતમાં તો એમણે ના પાડ્યા કરી. પરંતુ મેં કહ્યું કે, 'મને ફક્ત ત્રણ મિનિટ આપશો તો પણ ચાલશે. આ આંતરરાષ્ટ્રીય કૉંગ્રેસમાં મેં મારો પેપર વાંચ્યો છે એટલું કહી શકું તો તેનો મને આનંદ રહેશે. હું જાણું છું કે આમાં તમારો કંઈ વાંક નથી. વાંક મારો પોતાનો છે. અમારા દેશમાં સરકારી ખાતાઓમાં ઘણીવાર છેલ્લી ઘડી સુધી નિર્ણયો નથી લેવાતા, એટલે પેપર મોકલવામાં મારે ઘણો વિલંબ થયો હતો. આમ છતાં કોઈક બેઠકમાં તમે મારો સમાવેશ કરી લેશો તો હું તમારો ખૂબ જ આભારી થઈશ. મને છેલ્લી મિનિટે કહેશો તો પણ ચાલશે. બેઠકના અગાઉથી પ્રકટ થતા કાર્યક્રમમાં મારું નામ નહિ હોય તો તેનો ય વાંધો નથી.

નાન્સીને ગળે મારી વાત ઊતરી. એમણે કહ્યું. 'હું જોઈશ. મારાથી શક્ય હશે તો જરૂર પ્રયત્ન કરીશ.'

સાહિત્યિક બેઠકો તો રોજરોજ ચાલવા લાગી, પરંતુ મારો વારો આવ્યો જ નહિ. હવે એક છેલ્લો દિવસ બાકી હતો અને ત્યારે તો ઉપસંહાર અને આભારવિધિનો કાર્યક્રમ હતો. એટલે પેપર વંચાવા માટે હવે કોઈ જ આશા રહી નહિ.

પણ સાંજે બહારથી આવીને હું મારી રૂમની ચાવી લેવા ગયો ત્યારે કાઉન્ટર ઉપર મને એક ચિઠ્ઠી આપવામાં આવી. મારે તુરત નાન્સીનો સંપર્ક સાધવાનો હતો, હું તેમને મળ્યો. તેમણે કહ્યું,'ડૉ. શાહ, તમારે માટે ખુશખબર. આવતી કાલે તમારે બોલવાનું છે. ઉપસંહારના કાર્યક્રમ સાથે સાહિત્યિક બેઠક જોડી દીધી છે, કારણ કે જેમનાં નામ છપાયાં છે એવા બે પ્રતિનિધિઓને અમે હજી સુધી સમય આપી શક્યાં નથી. કાલે તેમની સાથે તમારું નામ પણ મૂકી દીધું છે. તમને દસ મિનિટ આપી છે. એક મિનિટ પણ વધારે લેશો નહિ'.

છેવટે મારો પ્રયત્ન સફળ થયો એટલે હું રાજી થયો. વધુ આનંદની વાત તો એ હતી કે રોજેરોજની બપોરની સાહિત્યિક બેઠકમાં, સવારની કાર્યવાહક સમિતિની બેઠકના થાક અને કંટાળાને લીધે હાજરી ઘણી જ ઓછી રહેતી. આવતીકાલે તો વિદાય-કાર્યક્રમ છે એટલે ઉદ્‌ઘાટનના કાર્યક્રમની જેમ તેમાં સારી હાજરી રહેવાની.

અને એમ જ બન્યું. છેલ્લી બેઠકમાં હાજરી ઘણી હતી હોદ્દેદારો બધા જ હાજર હતા. બેઠકમાં ઠાઠમાઠ અને ચમક દેખાતાં હતાં. સમયસર સાહિત્યિક બેઠક શરૂ થઈ, અને ઘડિયાળના કાંટે ચાલવા લાગી. પેલા બે પ્રતિનિધિઓના પેપર વંચાયા પછી મારો વારો આવ્યો. 'સાહિત્ય – સંસ્કાર-સેતુ' એ વિષય પર બોલતાં મેં કહ્યું:

'...સમગ્ર માનવજાતનો વિચાર કરીએ ત્યારે આપણને એકતામાં અનેકતા અને અનેકતામાં એકતાનું દર્શન થશે. વય, જાતિ, સ્વભાવ, પહેરવેશ, ભાષા, રહેણીકરણી, રીતરિવાજ, શિક્ષણ, રાજ્યપદ્ધતિ, ધર્મ વેપારઉદ્યોગ, ભૌગોલિક પરિસ્થિતિ વગેરેની દૃષ્ટિએ માનવ માનવ વચ્ચે અપાર વૈવિધ્ય છે. ઈશ્વરની આ સૃષ્ટિમાં બે મનુષ્યોના સમાન ચહેરા

ઑક્ટોબર માસ માટેનું

મુરારકા ચેરિટેબલ ટ્રસ્ટનું રૂ. ૫૦નું ચરિત્ર-પારિતોષિક

'વલ્લભાચાર્ય'ના લેખક પ્રફુલ્લ રાવળને મળે છે.


કે આંગળાની છાપ પણ સમાન જોવા મળતાં નથી. એક જ કુટુંબનાં ચાર કે પાંચ સભ્યો વચ્ચે પણ પ્રકૃતિ, રુચિ અને ટેવોની બાબતમાં પણ કેટલું બધું સામ્યવૈષમ્ય જોવા મળે છે, અને છતાં તે કુટુંબના બધા સભ્યો એક બીજા પ્રત્યે પ્રેમ, આદર તથા સંપથી રહી શકે છે. આમ એક જ કુટુંબમાં વિવિધતામાં એકતાનું દર્શન આપણને થાય છે. કુટુંબ એ નાનામાં નાનું એકમ છે કે જેમાં આ એકતાનું દર્શન આપણે કરી શકીએ છીએ. આવી જ રીતે કુટુંબ, તેવી રીતે જ્ઞાતિ, સમાજ, રાજ્ય, રાષ્ટ્ર, ઉપખંડ, ખંડ અને સમગ્ર વિશ્વની દૃષ્ટિએ આપણને અનેકતામાં એકતાનું દર્શન થશે.

'...માનવ માનવ વચ્ચે બાહ્ય દૃષ્ટિએ ભેદ જરૂર છે, પરંતુ આ ભેદને બે અંતિમ છેડા પરથી જોવામાં આવે તો તે ઘણો મોટો લાગે છે. વસ્તુત: જગતમાં જેમ વૈવિધ્ય છે તેમ સાતત્ય પણ છે. માણસ જે સ્થળે રહે છે તેની આસપાસના પચીસ, પચાસ કે સો માઈલના વિસ્તારમાં રહેનારા લોકો વચ્ચે તેને કોઈ ભેદભાવ દેખાતો નથી. કેટલીક વખત તો સીમા ઉપર આવેલા પરસ્પર ભિન્ન બે રાજ્યો કે રાષ્ટ્રોનાં ગામડાંઓની પ્રજામાં કોઈ ભેદ જણાતો નથી. ક્યારેક તો ફક્ત યુદ્ધના સમયે જ તેઓને ભાન થાય છે કે તેઓ બે પરસ્પર ભિન્ન રાષ્ટ્રોના વતની છે. આમ, એક દેશમાંથી બીજા દેશમાં જતાં પ્રજાઓનું ભાષા, પહેરવેશ, રહેણીકરણી, ખોરાક રીતરિવાજ વગેરેનું કેટલું બધું સામ્ય અને સાતત્ય છે તેનું આપણને દર્શન થાય છે.

'...સાહિત્યની ઉત્તમ કૃતિઓનું લક્ષણ એ છે કે તે માનવ માનવ વચ્ચેના ભેદને ગાળી નાખે છે. શાંતિના દિવસોમાં તો એ સહજ છે કે વિભિન્ન દેશ અને પ્રજાના સાહિત્યનું રસપાન માણસ કરી શકે છે. પણ સંઘર્ષના સમયમાં પણ ઉત્તમ સાહિત્ય કૃતિઓ શાંતિના દૂતની જેમ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં, એક પ્રજામાંથી બીજી પ્રજામાં કોઈપણ રુકાવટ વગર ગતિ કરી શકે છે. ભારતની અંગ્રેજો સામેની સ્વાતંત્ર્યની લડત વખતે યે ભારતીયજનો શેક્સપીઅર, મિલ્ટન, બર્નાર્ડ શૉ વગેરે લેખકોની કૃતિઓ પ્રેમથી વાંચતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટનના લોકો ગટે, દાન્તે વગેરેને પણ પ્રેમથી વાંચતા...શુદ્ધ, નિર્ભેળ સાહિત્યની ગતિને કોઈ સરહદો રોકી શકતી નથી.'

આજે છેલ્લે દિવસે સભાખંડમાં કૉંગ્રેસની ઑફિસ પર પ્રતિનિધિઓએ મોકલાવેલાં એમનાં સંખ્યાબંધ પુસ્તકોનું પ્રદર્શન હતું. સવારની બેઠકમાં જાહેર થયેલું કે આમાંનાં પુસ્તકો જેને જે જોઈતાં હોય તે ભેટ તરીકે લઈ જઈ શકે છે. મને થયું કે આમાં ઘણાં બધાં નવાંનવાં પુસ્તકો છે માટે પડાપડી થશે, પરંતુ છેક સાંજ સુધી ઘણાંખરાં પુસ્તકો એમનાં એમ જ પડયાં રહ્યાં હતાં. કેટલાં સરસ અને મોંઘાં પુસ્તકો હતાં! પણ જેઓ તેમાંથી પુસ્તક લેતા હતા તે પુસ્તકની ગુણવત્તા કરતાં એના વજનને વધુ મહત્ત્વ આપતા હતા, કારણ વિમાનમાં વધુ વજન લઈ જવાય નહિ અને ટપાલથી ઘેર મોકલતાં યે પુષ્કળ ખર્ચ થાય, જે બધું અહીં વિદેશી ચલણમાં ચૂકવવું પરવડે નહિ.

પુસ્તકો ભેટ મળતાં હોય, લેવાં જેવાં હોય, અને છતાં લઈ શકાય નહિ એ પણ કેવી વિચિત્ર પરિસ્થિતિ! (હવે પછી 'હરીંગા રૂ પાર્ક')



અમીબા×

એ અતિસૂક્ષ્મ એકકોષી પ્રાણીનાં વિધવિધ સ્વરૂપ

લેખક · ડૉ. સુશ્રુત પટેલ

બચપણના આનંદી દિવસોમાં સરી જઈએ તો ઘણાને ઉનાળાની રજાઓમાં ગામ કે શહેરની પાસેના તળાવમાં ડૂબકી મારવાના દિવસો યાદ આવશે. પણ કેટલાક બદનસીબો માટે આવાં સંસ્મરણો બહુ ટૂંકાં બની જતાં હોય છે. કારણ કે જળાશયોના આહ્લાદક પાણીની નીચે આપણે કલ્પી પણ ન શકીએ એવું જોખમ છુપાએલું હોય છે. ના, આ 'જૉઝ'માં આવતી શાર્કની વાત નથી, આ તો કેટલાક એકકોષી સૂક્ષ્મ પ્રાણીની વાત છે, જે દેખાય છે તો નિર્દોષ, પણ જીવલેણ રોગ માટે જવાબદાર છે. કયું છે આ પ્રાણી?

ચૌદ વર્ષના સુનીષને સુસ્તી તાવ અને થોડી માનસિક અસ્થિર અવસ્થામાં હૉસ્પિટલમાં દાખલ કરાયો. બે દિવસ અગાઉ તો એ તદ્દન સાજોસમો હતો. પછી માથામાં દુખાવાની એણે ફરિયાદ કરી અને દુખાવો વધતો ચાલ્યો. હૉસ્પિટલના તબીબોએ વિગતે પૂછપરછ કરી તો જણાયું કે એણે મીઠા પાણીના જળાશયમાં ડૂબકી મારેલી. સુનીષની કરોડરજ્જુમાંથી ખેંચેલા પાણીમાંથી પેલા એકકોષી જીવ ઝડપાયાં. પરિણામે એની સારવારમાં તબીબો તાત્કાલિક લાગી તો ગયા, પણ દાખલ થયા બાદ ૧૮ કલાકમાં જ તેની હાલત વધુ ને વધુ બગડતી ચાલી, અને પાંચમે દિવસે બાજી સંકેલાઈ ગઈ! સુનીષ જ નહિ; બીજી યે અનેક પાંગરતી વિભૂતિઓ આમ કરમાઈ જતી હશે!

ઈ. ૧૯૦૯થી આવા કિસ્સા નોંધાયા છે. અલબત્ત, આનાથી મૃત્યુ પામનારની સંખ્યા ઓછી છે, પણ એનો વ્યાપ બહોળો છે. ઑસ્ટ્રેલિયાથી ભારત અને નાઈજીરિયાથી ઝેકોસ્લોવેકિયા સુધીના બધા જ દેશ આ રોગના ખપ્પરમાં ઝડપાય છે.

શાળા–મહાશાળાઓમાં જીવશાસ્ત્રના પહેલા પાઠની શરૂઆત આ એકકોષી જીવ–'અમીબા' (Amoeba)થી થતી હોય છે. અલ્લાઈ બાવડી જણાતું અમીબા સાવ રાંક નથી. એમ માનવામાં આવે છે કે પ્રાણી સૃષ્ટિની ઉત્પત્તિની શરૂઆત આવાં પ્રાણીઓથી થઈ, તેથી એ 'પ્રજીવો' (Protozoa) કહે છે. એમના સમુદાય (Phylum)ને આથી જ આ નામે ઓળખવામાં આવે છે. અમીબા, પેરામીશિયમ વગેરે આ સમુદાયમાં આવે છે. જો કે પેરામીશિયમની જેમ અમીબાનો આકાર ક્યારેય નિશ્ચિત નથી હોતો. કારણ કે એ ધારે તે દિશામાં ફેલાઈને બનાવટી પગ ધારણ કરી શકે છે. 'ખોટા પગ' માટે ગ્રીક શબ્દ છે: Pseudopod. આ સુડોપોડથી અમીબા પોતાનું હલનચલન કરે છે.

સાવ દકિયાનુસી આ પ્રાણી હકીકતે આપણે ધારીએ એટલું સૂક્ષ્મ નથી. આપણા શરીરના સામાન્ય કોષના કદની સાથે સરખાવીએ તો કહી શકાય કે અમીબાનું કદ એમના કરતાં ૨,૪૦૦ ગણું છે, જ્યારે શરીરના સહુથી નાનામાં નાના કોષ (શુક્રાણુ) કરતાં અમીબાનું કદ ૨૫,૦૦૦ ગણું વધુ છે. બૅક્ટિરીઆની વાત કરીએ તો સૌથી નાનામાં નાના બૅક્ટિરીઆ કરતાં અમીબાનું કદ ૨૧,૦૦,૦૦,૦૦૦ ગણું હોય છે. વાયરસ કરતાં એ ૨૪૪,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ ગણા મોટા છે. આનો અર્થ એ થયો કે આપણે અમીબા આગળ જેટલા વિરાટ લાગીએ, તેટલા જ આ વાયરસની સરખામણીએ અમીબા લાગે!

જ્યારે 'અમીબા' શબ્દ એકલો વાપરવામાં આવે છે ત્યારે એનો અર્થ થાય છે અમીબા પ્રોટિયસ (Proteus). આ ઉપરાંત, અમીબાની બીજી અનેક જાતિઓ અસ્તિત્વમાં છે, જેમાંની કેટલીક પરોપજીવી (Parasitic) છે. તેમાંથી કમસે કમ છએક જેટલી જાતો મનુષ્ય-શરીરમાં 'એમીબિક ડીસેન્ટ્રી' (એક પ્રકારનો સંગ્રહણી) રોગ પેદા કરે છે.

પણ આ બધાને ટપી જાય એવી એની નપરોળ જાતિ કોઈ હોય તો તે છે 'Naegleria fowleri'. મીઠા પાણીના જળાશયોમાં તળના કાદવમાં એ રહે છે. આ અમીબાથી થતો રોગ 'પ્રાઈમરી એમીબિક મૅનિંગોઍનસેફૅલાઇટિસ' (Primany Amoebic Meningoencephalitis, ટૂંકમાં PAM) તરીકે ઓળખાય છે. એના સકંજામાં મોટે ભાગે યુવાન તંદુરસ્ત વ્યક્તિ ઝડપાય છે. પ્રારંભમાં 'ફ્લુ' જેવાં લક્ષણો દેખાયા પછી દર્દીના મગજમાં સોજો ચડે છે.

આ અમીબા મુખ્યત્વે આપણા ચેતાતંત્રને પહેલાં ઝડપે છે. નસકોરાં દ્વારા એ શરીરમાં પ્રવેશે છે, જ્યાંથી ઘ્રાણ તંત્રિકા (Olfactory nerve) દ્વારા એ મગજની અંદર પેસી જાય છે. અને ત્યાં અડિંગો લગાવી, મગજના સમગ્ર કોષોને તાંતરવેતર કરીને ઓહિયાં કરી જાય છે. આવા દર્દીઓની મરણોત્તર તબીબી તપાસમાં જણાયું છે કે એમનું મગજ જેલી જેવું પોચું પડી ગયું હોય છે, અને તેમાં ઠેરઠેર આંતરિક રક્તસ્રાવ થયો હોય છે.

તબીબી સંશોધકોએ આ રોગની પાછળ જીવપ્રાણ અને પોતાનો કસબઈલમ બધોય નીચોવી નાખ્યો છે, તે છતાં એની કોઈ ચોક્કસ દવા આજ લગી શોધાઈ નથી. વળી, એ જ તળાવમાં તરનાર બાકીના કેમ બચી જાય છે. એનું રહસ્ય પણ પામી શકાયું નથી. વૈજ્ઞાનિકો માને છે કે બહુ ઊંડે ડૂબકી ખાનારાને માથે અવળા ગ્રહો બેસે છે; કારણ કે આ જીવો બહુધા તળિયે રહેતા હોય છે. આ ઉપરાંત ૯૮ અંશ કે એથી ઊંચું ઉષ્ણતામાન એમની વૃદ્ધિ માટે અનુકૂળ હોઈ અમુક ઋતુમાં આ રોગના કિસ્સા વધુ પ્રમાણમાં બનતા હોવાનું જણાયું છે. અમુક જળાશયોમાં જ એ કેમ થાય છે, એ અંગે પણ કશું કળાયું નથી.

એક પ્રારંભિક સંશોધન મુજબ એવું સાબિત થયું કે પાણીમાં કેટલાક બૅક્ટિરીઆનું પ્રમાણ વધવાથી આ રોગોત્પાદક અમીબાનું પ્રમાણ પણ સાથેસાથે વધે છે. ડૉ. બૅરી કૉમનેર (Barry commoner) પોતાના 'The closing circle' નામે પુસ્તકમાં (અનુ. પૃષ્ઠ ૩૭૦)

× અમીબા એ નરી આંખે જોઈ શકાતું અતિ સૂક્ષ્મ એકકોષી પ્રાણી છે. ઈંડાની સફેદી કે જેલીના લચકા જેવું એ દેખાય છે. મીઠા પાણીમાં અતિ સૂક્ષ્મ છોડ પર એ નભે છે. આ માટે એ પોતાના લચકા જેવા અંગને લંબાવીને ખોરાકને ચારે બાજુથી આવરી લે છે ને તેને પચાવી જાય છે. આજ રીતે કોઈ પણ એક દિશામાં અંગ લંબાવી તેની પાછળ દેહ ખેંચી લઈને તે હલનચલન કરે છે, તેના દેહમાં સૂક્ષ્મ દડા જેવો લાગતો ભાગ 'કૉન્ટ્રેક્ટાઈલ વૅક્યુઓલ' કહેવાય છે. પોતાની આસપાસના લચકામાંથી એ વારંવાર પાણી ખેંચે છે ત્યારે કદમાં ફુગ્ગા જેમ વધે છે ને પછી ફાટી પડીને પાણીથી મુક્ત બને છે. મથાળે એ અમીબાનું ચિત્ર આપ્યું છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

નવેમ્બર ૧૯૫૫ • સળંગ અંક ૩૮૩

પચ્ચીસ વર્ષ પહેલાં નડિયાદમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ઓગણીસમા સંમેલનના પ્રમુખસ્થાનેથી શ્રી કનૈયાલાલ મુનશીએ અરધી સદીનું પ્રગતિદર્શન કરાવતું વ્યાખ્યાન આપેલું તેના સારદોહનમાંનો કેટલોક અંશ,—

ઈ. ૧૯૦૫માં રણજિતરામે પરિષદ સ્થાપી ગુજરાતની અવ્યક્ત અસ્મિતાનું મંદિર રચ્યું. ગોવર્ધનરામે તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરી. ગુજરાત આળસ મરડી બેઠું થયું. એક યુગ સંકેલાઈ ગયો ને બીજો શરૂ થયો.

એ જ અરસામાં રશિયા ને જાપાન વચ્ચેના યુદ્ધ તેમ જ બંગભંગને કારણે ઉદ્દામ રાષ્ટ્રભક્તિનો પવન પહેલી વાર ગુજરાતમાં વાયો. વડોદરામાં શ્રી અરવિંદની પ્રેરણાથી થોડાક ગુજરાતીઓએ દેશસેવાની કંઠી બાંધી. ૧૯૦૭માં સૂરતમાં કૉંગ્રેસ તૂટી ત્યારે ગુજરાતીઓએ રાજકારણમાં ઝંપલાવવું શરૂ કર્યું.

શ્રી વિદ્યાબહેન અને શારદાબહેન બી. એ. થયાં. આવો મોટો ગુનો કરવા માટે એમને જે સહેવું પડયું તેનો ખયાલ આજે ઘણાને આવે એમ નથી. સારા ઘરની સ્ત્રીઓએ ગરબા પણ વિસાર્યા; એમને તેમાં અધમતાની ગંધ આવી.

ગોવર્ધનરામ સર્વમાન્ય સાહિત્યગુરુનું પદ પામી સાહિત્યરસિકોને એકસૂત્રતા આપી રહ્યા હતા, છતાં જોડણી હજી એકધારી નહોતી ને શૈલીમાં સચોટ કથનપ્રભાવ આવ્યો નહોતો.

ડાહ્યાભાઈ ધોળશાજીએ નાટયકલા તથા નવાં ગાયન-ગરબીથી સામાન્ય હૃદયો હલમલાવ્યાં. પહેલી જ વાર લોકપ્રિય નટ 'સુંદરી'એ સારા ઘરની સ્ત્રીના હાવભાવ ને વેષભૂષા પર ઊંડી અસર કરી. શૃંગારમય પ્રેમ લોકોની જીભે ચડયો ને હૃદયમાં ઊતરવા લાગ્યો. 'કલાપી'ના ઊર્મિભર 'કેકારવે', 'કાન્ત'નાં સૂક્ષ્મતમ ભાવ દર્શાવતાં અપૂર્વ કાવ્યોએ ને કવિ નાનાલાલનાં શબ્દસૌંદર્યે શોભતાં ઊર્મિગીતોએ સંસ્કારી હૃદયો ગુંજતાં કર્યાં.

'ગુજરાત જોવાજોગ છે' ને 'વસંત કે આ ગુર્જરીની રસિકતા વરી' એમ રંગભૂમિ પર ગવાવા લાગ્યું. નાનાલાલે ગુજરાતને 'કૃષ્ણચંદ્રની કૌમુદી' સાથે સરખાવ્યો. ખબરદારે 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' ઉચ્ચારી મહાગુજરાતને શબ્દદેહ આપ્યો. ગુજરાતને એના ભૂતકાળનું ભાન થવા લાગ્યું. 'ગુણવંતી ગુજરાત' એક પ્રેરણાગાન બન્યુ.

આ વહેણમાં હું પણ તણાયો. ૧૯૦૫માં મેં 'The Graves of the Vanished Empires'માં ગુજરાતની વિસરાયેલી મહત્તા પર આંસુ સાર્યાં. ૧૯૧૪માં ગુજરાતની અસ્મિતા મારે હૈયે વસી ત્યારથી ચૌલુક્યયુગનું સાહિત્યમાં સર્જન કરવાનો મેં આરંભ કર્યો.

૧૯૧૭માં હાજીમહમ્મદે 'વીસમી સદી' માસિક દ્વારા નવા સાહિત્યકારો ને નવા ચિત્રકારોનો પરિચય કરાવ્યો. તેમાં શ્રી રવિશંકર રાવળે ચિત્રકલાનો ગુજરાતી સંપ્રદાય સ્થાપ્યો. આજે તેમાં ફાલ આવી રહ્યો છે.

૧૯૨૦માં ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠ સ્થાપી. તેના શિક્ષણગુરુઓએ સાહિત્ય અને સેવાભાવ બંને ક્ષેત્રોમાં નવી ભાત પાડી. 'જોડણીકોશ' ગુજરાતી જોડણી એકધારી કરવાનો સફલ પ્રયત્ન આદર્યો.

નવા પ્રભાવનું ભાન આવતાં ગુજરાતનું સાંસ્કારિક વ્યક્તિત્વ સુરેખ થયું. સાહિત્યસંસદે ગુજરાતના સંસ્કાર અને સાહિત્યની અભિવૃદ્ધિ કરવાનું કામ વેગભર ઉઠાવ્યું ને 'ગુજરાત' માસિક પ્રકટ થયું.

એક તરફથી ગુજરાતને ભૂત મહત્તાનું ભાન થવા માંડયું, બીજી તરફ ગાંધીજીએ વ્યક્તિગત કર્તવ્યપરાયણતા અને સામુદાયિક પરાક્રમ વડે આત્મદર્શન કરવાની કલા આપણને શીખવી. ગુજરાતે અર્જુનના કૌશલ્યથી એ પાઠ શીખી લીધો. મહત્તાનાં સ્વપ્નાં તેને સિદ્ધ કરવાના પ્રયાસોમાં પરિણામ પામ્યાં.

સત્યાગ્રહના આંદોલનથી ગુજરાતને પોતાની સામુદાયિક શક્તિમાં શ્રદ્ધા પ્રગટી. ગાંધીજીનાં વ્યક્તિત્વ અને આચરણ પર આપણો પૂજ્યભાવ કેન્દ્રિત થયો. સંઘશક્તિને કાર્યાન્વિત કરવાની આપણને ટેવ પડી અને તેની અસર સાહિત્ય ને સંસ્કાર બંને પર પડી.

ઈ. ૧૯૨૭માં રેલસંકટ વખતે વલ્લભભાઈ પટેલ (તે વખતે 'સરદાર'ને નામે દેશભરમાં વિખ્યાત નહોતા થયા)ના નેતૃત્વમાં ગુજરાતે સંઘશક્તિ દાખવી બધાંને ચકિત કર્યાં. ૧૯૨૮માં તેમણે પ્રચંડ વ્યવસ્થાશક્તિથી બારડોલી સત્યાગ્રહ વડે બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચાવ્યા, ને ગુજરાત તેમ જ ભારતને પરાક્રમો કરવાની આત્મશ્રદ્ધા આવી. સરદારે ગુજરાતી અનુયાયીગણનું નિયંત્રણ કર્યું અને કર્તવ્યક્ષેત્રમાં ગુજરાતના કાર્યકરસંઘને એક અને અવિભાજ્ય બનાવ્યો.

ઈ. ૧૯૩૮ના સંક્રમણકાળમાં કરાચી સાહિત્ય પરિષદે 'ગુજરાતીતા'ને પ્રગલ્ભ થવાની ઘોષણા કરી. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ આવ્યું. ગુજરાતીઓ સમૃદ્ધ થયા. એમની ઉદારતાને વેગ મળ્યો. સત્યાગ્રહથી સ્ત્રીઓમાં સ્વાતંત્ર્ય અને કાર્યકરોમાં સેવાભાવ આવ્યાં હતાં એટલે પરિણામે સામાજિક પ્રવૃત્તિઓ સબળ થઈ.

જેમ સ્વતંત્રતા પાસે આવતી ગઈ તેમ વિદ્યાવૃદ્ધિમાં પણ આપણો ઉત્સાહ વધ્યો. ૧૯૪૭માં વડોદરા પરિષદે ગુજરાત વિશ્વવિદ્યાલય સ્થપાય એવો નિર્ણય કર્યો અને તેની યોજના કરવા માટે મુંબઈ સરકારે માવલંકર સમિતિ નીમી. પ્રતાપસિંહરાવ ગાયકવાડે વડોદરા વિશ્વવિદ્યાલય સ્થાપવા મુનશી સમિતિ નીમી. વલ્લભવિદ્યાનગરમાં વિઠ્ઠલભાઈ વિદ્યાલય શરૂ થયું. ૧૯૪૯ની ૩૦મી એપ્રિલે વડોદરા વિશ્વવિદ્યાલયનો અને ૨૭મી નવેંબરે ગુજરાત વિશ્વવિદ્યાલયનો આરંભ થયો.

૧૯૪૭માં સ્વાધીનતાનાં વહાણાં વાયાં. સરદાર ભારતના એકીકરણના વિશ્વકર્મા બન્યા. ૧૯૪૮માં સૌરાષ્ટ્રનું એકીકરણ થયું તથા ૧૯૫૦માં વડોદરા, ગુજરાતનાં બીજાં દેશી રાજ્યો ને આબુ પણ મુંબઈ પ્રદેશમાં વિલીન થયાં.

સંવત ૨૦૦૪ની કાર્તિક સુદ પ્રતિપદાએ, ૧૨મી નવેમ્બર ૧૯૪૭ને દિને ગુજરાત ને ભારતના ઇતિહાસમાં અનેરો પ્રસંગ બન્યો: જૂનાગઢ પડયું. સરદારશ્રી પ્રભાસ ગયા અને સમુદ્રમાં જઇ હાથમાં પાણી લઇ કહ્યું: 'મારી બધી મહત્ત્વાકાંક્ષાઓ આજે પૂર્ણ થઇ.'

નવગુજરાતનો આરંભ થયો. સાથે ગુર્જર હૃદયની સદીઓની પ્રતિજ્ઞા પરિપૂર્ણ થઈ.


સ્ત્રીઓ ઘણે અંશે સ્વતંત્રતા અને સમાનતા પ્રાપ્ત કરવામાં આગળ વધી છે. ગીત, નૃત્યને નાટકોથી તેઓ સંસ્કાર અને જીવનમાં પ્રફુલ્લિતતા આણી રહી છે; છતાં તેમણે નથી ઘરસંભાળ છોડી કે નથી આર્યાનુરૂપ મર્યાદા છોડી.

ગુજરાતી જીવનમાં નીતિ અને ઈશ્વરશ્રદ્ધા કાયમ રહી છે. ભગવાન શ્રીકૃષ્ણ, નરસિંહ મહેતા, સ્વામીનારાયણ, દયાનંદ અને મહાત્મા ગાંધીના આદેશ આપણાં હૈયાં પ્રેરે છે. જગતને પોતાની ચૂડમાં આજે પકડી બેઠેલા જડવાદનું ઝેર ઉતારવાનું આધ્યાત્મિક સામર્થ્ય ગુજરાતમાં હતું તેવું જ છે.

છેલ્લાં પચાસ વર્ષોમાં આપણા સાહિત્યકારોએ ગુજરાતીને સચોટ ને સમૃદ્ધ બનાવી છે. આજે એની અભિવ્યંજનાશક્તિ ભારતની કોઈ પણ ભાષાની શક્તિ સામે ઊભી રહી શકે છે.

'ભગવદ્‌ગોમંડળે' આપેલો શબ્દસમુચ્ચય ગુજરાતી ભાષાની વિપુલતા બતાવે છે. સંસ્કૃત અને અંગ્રેજીના સંપર્કથી એનો કથનપ્રભાવ અર્વાચીન આવશ્યકતાને પહોંચી વળે એવો કરવો એ આપણું કર્તવ્ય થઇ પડે છે.

આ હતું સદીના પૂર્વાર્ધમાં ગુજરાત સાથેની પ્રગતિનું દર્શન. □



△ દૂધવાળો (ફોટો • શ્રીનિવાસ બી.) એકરંગી પ્રિન્ટ્સમાં પ્રથમ પારિતોષિક વિજેતા

કલાવાર્તા □ □ □ □ □ અતુલ સેલોં ઑવ ફોટોગ્રાફી–૧૯૮૦

ફોટોગ્રાફી એ હવે એક કલાશૉખ કે વ્યવસાય ન રહેતાં એથી આગળ વધીને માનવીના વિકાસના લગભગ બધાં જ ક્ષેત્રોમાં એક અતિ મહત્ત્વનું માધ્યમ બની ગઈ છે. સૂક્ષ્માતિસૂક્ષ્મતાથી માંડી અનંત આકાશમાં કરોડો માઈલ દૂર તેની દૃષ્ટિ પહોંચી વળે છે. ભાષા કરતાં યે વધુ સચોટ આ માધ્યમના અનેક વિધ ઉપયોગ અને ચોદિશ વ્યાપ છતાં એક કલાસ્વરૂપ તરીકે તેણે પોતાનું આગવું ગૌરવ રજમાત્ર ગુમાવ્યું નથી. આજે યે ફોટોચિત્ર-પ્રદર્શનો ચેતન–અચેતન સૃષ્ટિના સૌંદર્યનું પાન કરાવવાની એટલી જ ક્ષમતા ધરાવે છે, એટલું જ નહિ, રંગના ઉમેરણ પછી તો ફોટોગ્રાફી દ્વાર એક નવી જ સૌંદર્યસૃષ્ટિ પ્રકટ થઈ છે. તાજેતરમાં જ ભારતના ગ્રામજીવનને તાદૃશ કરતું એક ફોટોચિત્ર પ્રદર્શન અમદાવાદમાં યોજાયું. 'અતુલ'ના ટૂંકા નામે ઓળખાતા 'ધ અતુલ પ્રૉડક્ટ્સ લિમિટેડે' ગુજરાતની સુખ્યાત 'નિહારિકા' ક્લબના સહયોગથી તેનું આયોજન કરેલું. ગુજરાતના જાણીતા શ્રેષ્ઠી સ્વ. શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ વલસાડમાં સ્થાપેલા આ 'અતુલે' રંગ-રસાયણ અને દવાઓના ક્ષેત્રમાં અત્યંત વ્યાપક ખ્યાતિ તો મેળવી જ છે, પણ આ ઉપરાંત, વલસાડ જિલ્લાના અનેકવિધ વિકાસમાં પણ સક્રિય અને સફળ રસ દાખવ્યો છે. એ તરફના ગ્રામજીવનના વિકાસ પાછળ એ દર વર્ષે લગભગ દસ લાખ રૂપિયા ખર્ચે છે. મીઠા પાણીની પોતાની જરૂરિયાત અર્થે બંધ બાંધીને અને આસપાસ એક લાખ ઉપરાંત વૃક્ષો ઉગાડીને એણે એ વિસ્તારમાં નંદનવન ઊભું કર્યું છે. ધંધાની સાથે ગ્રામવિકાસાર્થે સ્વેચ્છાએ એણે ઘણી જવાબદારીઓ ઉપાડી છે.

'નિહારિકા'ના નામથી પણ 'કુમાર'ના વાચકો અજાણ નથી. ગુજરાતના ફોટો-કલાકારોના આ મંડળ–'ધી સોસાયટી ઑવ ગુજરાત પિક્ટોરીઆલિસ્ટ્સ' દ્વારા ગુજરાતના ફોટો-કલાકારોએ દેશભરમાં જ નહિ, દેશ બહાર વિદેશમાં પણ નામના મેળવી છે. 'નિહારિકા' એ 'કુમાર' માસિકનું જ એક સર્જન છે. કાવ્યક્ષેત્રે 'કુમારે' જેમ 'બુધસભા' આપી તેમ ફોટોકલાના ક્ષેત્રમાં એણે 'નિહારિકા'નું સર્જન કર્યું. ૧૯૨૪માં 'કુમાર' પ્રકટ થવા માંડયા પછી બેએક વર્ષે સ્વ. રવિશંકર રાવળે કુમાર કાર્યાલયમાં 'કુમાર કૅમેરા ક્લબ'ની સ્થાપના કરી, આ લેખક જેવા અન્ય કિશોરોને ફોટોગ્રાફીમાં રસ લેતા કર્યા. સ્વ. બચુભાઈ રાવતે એનું લાલનપાલન કર્યું. અને ઈ. ૧૯૩૮માં 'નિહારિકા'ના (અનુ. પૃ. ૩૮૪)

દૂર દક્ષિણમાં બૅંગલોરમાં વસતા ફોટોકલાકારે ઝડપેલા આ છબિચિત્રમાં સૌરાષ્ટ્રના ભરવાડે જે આકર્ષણ કર્યું છે તેમાં પ્રભાતના કૂમળા તેજે પણ સાથ પુરાવ્યો જ છે. કાવડમાં લટકેલા ગોરસના ભારની હાલકડોલક સાથે તાલ મિલાવતા ઊપડતા કદમને ફોટોગ્રાફરે બહુ યોગ્ય પળે અને યોગ્ય સ્થળે ઝડપી લીધા છે. પૂરા નહિ ઊપડેલા મળસ્કાની ઘેરાશને પશ્ચાદ્‌ભૂમાં રાખીને તેમાંથી બહાર આવતા ભરવાડને એણે ચિત્રમાં એવા સ્થાને અંકિત કર્યો છે કે જાણે એ પાછળનું લાંબું અંતર કાપીને આપણી વધુ ને વધુ નજીક આવતો લાગે છે. વહેલી સવારના કૂમળા તેજની તાજગી અને ભરવાડના દેહમાંથી પ્રકટતી ગતિ એક નવા ખુશનુમા દિવસના આરંભનો સંકેત બની રહે છે.

શબ્દકથા : સાધ્ર · સાદર

સાદર શબ્દનો એક અર્થ છે 'સગર્ભા સ્ત્રીને થતી તીવ્ર ઇચ્છા કે દોહદ.' આ માટે જૂનું રૂપ સાધ્ર પણ મળે છે. બંગાળી, ઉડીસી અને હિંદીમાં સાધ, સાદ, સિંધીમાં સધ અને લહંદામાં સધર છે.

આ બધાના મૂળમાં છે સં. श्रद्धा. તેનો મૂળ અર્થ 'આસ્થા' પછી 'ઇચ્છા' અને ચરકમાં 'સગર્ભા સ્ત્રીનું દોહદ'. પ્રાકૃત રૂપ सद्धा, અપભ્રંશ सद्ध. પછી સિંધીમાં સધ અને હિંદી, બંગાળી વગેરેમાં साध, साद થયું. પ્રાકૃત રૂપમાં રકાર ઉમેરાઈને બનેલા सद्ध्र પરથી એક તરફ લહંદા સધર તો બીજી તરફ ગુજરાતી સાધ્ર, સાધર, સાદર થયાં. સં. दोहद ઉપરથી ઊતરી આવેલું दोहळा માત્ર મરાઠીમાં જળવાયું. બીજી ભાષાઓમાં જુદા જ મૂળનો શબ્દ પ્રચલિત થયો.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

અમલપિયાલી

ધીરુ પરીખ

નીવડેલા કવિઓની રચનાઓનાં સંપાદનોની પ્રવૃત્તિ વેગ પકડતી જાય છે એ ઘટના વધી રહેલી કાવ્યપ્રીતિની દ્યોતક છે. આ ક્ષેત્રમાં શ્રી સુરેશ દલાલની કામગીરી નોંધપાત્ર છે. અગાઉ એમણે આ પ્રકારનાં કરેલાં સંપાદનોમાં આ• સંપાદનથી એક પ્રશસ્ય ઉમેરો થાય છે.

શ્રી મકરન્દ દવેની કવિતામાં એમનો આગવો અવાજ છે. આ અવાજ તળપદા વાતાવરણનો, ઉચ્ચ ભાવનાવાદનો ને ગૂઢાનુભૂતિનો છે. આ બધી કવિવિશેષતાઓને સમ્યક્ રીતે છતી કરી આપે એમ આ સંપાદનમાં શ્રી મકરન્દ દવેના વિવિધ કાવ્યગ્રંથો 'તરણાં', 'ગોરજ', 'સૂરજમુખી', 'સંજ્ઞા' ને 'સંગતિ'—માંથી અને અગ્રંથસ્થ રચનાઓમાંથી શ્રી દલાલે વિવેકપૂર્વક કાવ્યોની પસંદગી કરી છે. સંપાદનની એક શરત એ પણ ખરી કે તે જે તે કવિની કવિમુદ્રાને બરાબર ઉપસાવી આપે અને સાથેસાથે કવિતાનો માપદંડ ઊણો ના ઊતરવા દે. આ સંપાદનમાં પણ આ શરતનું પાલન થયાનો સુજ્ઞ વાચકને સંતોષ થશે.

સંપાદકે આરંભમાં શ્રી મકરન્દ દવેની કવિતાને તપાસતો જે આસ્વાદમૂલક અભ્યાસલેખ આપ્યો છે તે પણ ભાવકોને ઉપયોગી થાય તેવો છે. ઠેરઠેર પોતાનાં મંતવ્યોને પુષ્ટિરૂપ શ્રી મકરન્દ દવેની રચનાઓમાંથી અનેક અવતરણોની છૂટે હાથે 'રસલ્હાણ' કરી છે તેમાં સંપાદકની વિવેચનદૃષ્ટિ ને રસવૃત્તિનો સુભગ પરિચય મળી રહે છે. સંપાદક પોતે કવિ હોઈ સુંદર પંક્તિઓથી આકર્ષાઈ જાય એ તો સ્વાભાવિક જ છે, પરંતુ આવી ભાવભરતીમાં ય એઓ વિવેચકનાં તાટસ્થ્ય ને નિર્ભયતાને ગુમાવી બેઠા નથી એ વધુ મહત્ત્વની બાબત બની રહે છે. આ પ્રસ્તાવના રૂપ આસ્વાદલેખમાં શ્રી મકરન્દ દવેની કવિલાક્ષણિકતાઓને સુપેરે પ્રકટ કરી પોંખવાની સાથેસાથે મર્યાદાઓ પણ એમણે ચીંધી જ છે. કોઈ પણ કવિ કોઈની પણ અસર ઝીલે તેની સામે વાંધો ના હોઈ શકે પણ એ આખરે તો અસરમુક્તિ પામી અસ્મિતાને પ્રકટાવી રહે તેમાં જ એના સાચા ઉત્તમ કવિપણાનો કયાસ મળી રહેતો હોય છે. શ્રી મકરન્દ દવેએ પણ આપણા લોકસાહિત્ય તેમ જ ટાગોરની અસરો ઝીલી છે એ મતલબ પોતાનું અવલોકન નોંધતા શ્રી દલાલ બેધડક જણાવે છે : 'કોઈની પણ અસર ઝીલીને કવિ માતબર થાય છે, ઓશિયાળો નહિ, જો એને ઝીલેલી અસરને ધીમેધીમે વિસારે પાડતાં આવડે તો. મકરંદ બધી અસરોને હમેશાં વિસારે પાડતા નથી.' (પૃ. ૧૧)

આ જ રીતે જિંદગીની કટુ વાસ્તવિકતા અને તેની સામે મિષ્ટ ભાવનાવાદથી ભરીભરી રચનાઓનો ઉભાર એ વિપરીત પરિસ્થિતિ વિષે પણ શ્રી દલાલે શ્રી મકરન્દ દવેની કવિતાને મિષે પૃ. ૧૩ ઉપર એક મુદ્દો મૂક્યો છે તે ચિંત્ય છે : 'જીવનમાં કેવળ દુઃખ છે એ રીતે જ, દેવદાસ થઈને વિચારવું એ એક પ્રકારનો ન્યૂરોસિસ છે, એક પ્રકારનું રોમૅન્ટિકપણું છે, તેમ દુઃખ હોય અને છતાં એને અવગણીને સુખની તેમ જ સાધની અને ખુમારીની વાત કરવી એ પણ એક પ્રકારનું રોમૅન્ટિસિઝમ ન કહેવાય?' વ્યવહારજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના ભેદને પ્રકટ કરતો આ પ્રશ્ન માત્ર એક અભિગમ જ સૂચવે છે, અનુભૂતિ કદાચ જવાબ પણ આપે!

કવિની એક બીજી મર્યાદા—અતિ સ્પષ્ટતા અને પ્રસ્તાર—વિષે પણ શ્રી દલાલે યોગ્ય જ નોંધ્યું છે કે 'ફેલાઈ જવાથી અને ખૂબ ખુલ્લા થઈ જવાથી કવિતા કદાચ સુગમ બને, પણ સંકેતને ઊભા રહેવા માટે ઘણી વાર તસુભાર ભોંય પણ ન મળે. સંકેતને ઊભા રહેવા માટે પોતાની ધરા મળી રહે એટલા માટે પણ કવિની કલમને ઢૂંઢિયું વાળતાં આવડવું જોઈએ. આ ઢૂંઢિયું વાળવાની કલા કવિની કલમને હમેશાં સહજ નથી રહી.' (પૃ. ૧૭.)

શ્રી દલાલે વિવેચનની લપટી પરિભાષાથી પરા રહી આ આસ્વાદ-લેખમાં શ્રી મકરન્દની કવિતાનો ચટકો લગાડવાની સહજ પ્રવૃત્તિ કરી છે તે આવકાર્ય છે. સંગ્રહને અંતે શ્રી મકરન્દ દવેની કૃતિઓ અને એમને અંગે લખાયેલા લેખોની સૂચિ આપી છે તે અભ્યાસીઓને ઉપકારક થશે. આ સાથે એક-બે મુદ્દાઓ આ પ્રકારના ભાવિ સંપાદન માટે સૂચવવાનું મન થાય છે. એક તો એ કે કવિનો જીવનપરિચય અથવા ક્રમસેકમ ટૂંકી જીવન-તવારીખ આમાં જોડાવી જોઈએ. બીજી વાત પસંદ કરેલી કૃતિઓને લગતું મહત્ત્વનું ટિપ્પણ પણ પરિશિષ્ટ રૂપે મુકાય તો સંપાદનની ઉપકારકતામાં ઉમેરો જ થાય.

આખરે શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠને પણ ધન્યવાદ ઘટે છે કે વિદ્યાપીઠને અનુરૂપ અને અનિવાર્ય એવાં આ પ્રકારનાં વિદ્યાકીય કાર્યો એ કરતી રહે છે. એ વિદ્યાપીઠનો આ પ્રકારનો કાર્યવ્યાપ વિકસતો રહો એવી શુભેચ્છા.

● અમલપિયાલી - સંપાદક સુરેશ દલાલ, મુખ્ય વિક્રેતા, નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ–૪૦૦૦૦૨ અને રતનપોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧. કાચું પૂઠું, પૃ. ૧૭૨, રૂ. ૧૫.

આવકાર

એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.
મુંબઈ–૨

વેણુનાદ : લે. એની સરૈયા. પૃ. ૧૧૮, પાકું પૂઠું, રૂ. ૭.

સ્વરસરિતા : લે. એની સરૈયા. પૃ. ૪૮, પાકું પૂઠું, રૂ. ૬.

વંટોળ : લે. ધીરુબેન પટેલ. પૃ. ૪૪૭, પાકું પૂઠું, રૂ. ૨૮–૫૦.

એક ભલો માણસ : લે. ધીરુબેન પટેલ. પૃ. ૧૦૦, કાચું પૂઠું, રૂ. ૬–૭૫.

વાંસનો અંકુર (પુનર્મુદ્રણ): લે. ધીરુબેન પટેલ. પૃ. ૧૮૪, પાકું પૂઠું, રૂ. ૧૫.

પરિશેષ (પુનર્મુદ્રણ) : સં. પ્રમોદકુમાર પટેલ. પૃ. ૧૫૬, કાચું પૂઠું, રૂ. ૨૦.


નંદશંકર જીવનચિત્ર (પુનર્મુદ્રણ) : સં. ભૂપેન્દ્ર ત્રિવેદી. પૃ. ૨૮૦, પાકું, રૂ. ૨૫.

નર્મદ : એક સમાલોચના (પુનર્મુદ્રણ) : લે. ડૉ. રમેશ શુક્લ. પૃ. ૫૦૦, પાકું પૂઠું, રૂ. ૪૦.

આ અંકમાં આપણે એક ત્રણ ચાલનો Direct mate કોયડો જોઈશું. તેમાં સફેદે રમવાનું છે અને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું છે.

કોયડાના ઉકેલમાં Try ચાવીની ચાલ, ધમકી અને વિકલ્પોનો સમાવેશ થવો જોઇએ. આપનો ઉકેલ તા. ૨૫-૧૨-૧૯૮૦ સુધીમાં નીચેના સરનામે મોકલો.

Suresh M. Mody, H-6 Saraswati Society, Govandi Road, Chembur Bombay-400 071.



Mate in 3

સફેદે રમવાનું અને ત્રણ ચાલમાં મ્હાત કરવાનું kIN5/P2p4/4p3/2p5 (આ સાચી સ્થિતિ છે. આકૃતિમાં ભૂલ છે.)/7b/I6/6QK|

કોયડા નં. ૮ (ઑગસ્ટ)નો ઉકેલ

કોયડો : સફેદે રમવાનું અને બે ચાલમાં મ્હાત કરવાનું.

સ્થિતિ : b2K4/2p5/3k4/IQ6/5P2/IB6/I6.

ઉકેલ : Setplay I..., P-B3; 2Q-K5 mak.

I..., RB4; 2Q-Q7 mate.

ચાવી : IQ-B4.

ધમકી : 2Q x P mate

વિકલ્પ : I..., P-B3; 2Q-Q4 mate

I..., P-B4; 2Q-K6 mate

I..., B-B3; 2Q-N4 mate

H. Weenikના આ સુંદર Miniature (સાત કે ઓછાં મહોરાંનો ઉપયોગ કરતા કોયડા)માં સુંદર set-play છે. બન્ને બતાવેલ ચાલમાં કાળું પ્યાદું રાજાને ચાલવા માટેનું એક ખાનું Block કરે છે (આને self-black કહે છે). ચાવીની ચાલ પછી set-playમાં બતાવેલ મ્હાત શક્ય નથી, તેને બદલે મ્હાતની ચાલમાં જોવા મળે છે. વળી, I..., P-B3, અને I..., B-B3; વાળા વિકલ્પોમાં પ્યાદું અને ઊંટ એકબીજાના માર્ગમાં આડાં આવે છે એ P-Grimshawનું દષ્ટાંત છે.

ઉકેલ મોકલનારનાં નામ અને મેળવેલા ગુણ.

૧) એ. એલ. ઝાલાવાડિયા, શારદાગ્રામ-૧૦. ૨) ધીરુભા ગોહિલ, વડપંચાસરા-૧૦. ૩) દિલીપ રાવલ, અમદાવાદ-૭. ૪) હરેશચંદ્ર દવે, સિદ્ધપુર-૭ ૫) કિશોર દવે, ભાવનગર-૭ ૬) પંકજ તલાટી, નડિયાદ-૫. ૭) કિરણ શાહ, ભાદરણ-૫. ૮) હર્ષદ દવે, રાજકોટ-૫. ૯) લક્ષ્મણ કુરસીજા, અમદાવાદ-૪. ૧૦) જયંતીલાલ પંડયા, સાવરકુંડલા-૪. ૧૧) કે. એમ. મુલિયા-૪. ૧૨) જયસુખ રૂદીન, નવસારી-૨.



દુનિયાના અગ્રગણ્ય ધર્મોની સરખામણીમાં શીખધર્મ બહુ જૂનો ન ગણાય. ગુરુ નાનકે (ઈ.૧૪૬૯-૧૫૩૮) તેની સ્થાપના કરી. એમના પછી નવ ગુરુઓ થયા, જેમાંના છેલ્લા ગુરુ ગોવિંદસિંહ (૧૬૬૬–૧૭૦૮) હતા. એમણે પોતાના પછી શીખ ધર્મના ગ્રંથ–'ગ્રંથસાહેબ'ને જ ગુરુ ગણી તેને અનુસરવાનો આદેશ આપ્યો હતો. આ 'ગ્રંથસાહેબ' તે 'આદિ ગ્રંથ' અને 'દશમ ગ્રંથ'નું સંકલન છે. તેમાં ગુરુ નાનક, ગુરુ અંગદ, ગુરુ અમરદાસ, ગુરુ રામદાસ, ગુરુ અર્જુનદેવ તથા ગુરુ તેગબહાદુર વગેરેની સંતવાણી ઉપરાંત, કબીર, રવિદાસ, રામદેવ, શેખ ફરીદ, રામાનંદ, જયદેવ, સુરદાસ, પીપા, ધના, ત્રિલોચન, પરમાનંદ, ભિખ્ખન આદિ સાધુઓની પવિત્ર રચનાઓના પણ ઉલ્લેખ છે.

ઈશ્વર એક છે અને એના નામના જપથી એમને પ્રસન્ન કરી શકાય છે. ગુરુઆજ્ઞાનું પાલન અને આત્મસમર્પણ કરવાથી મોક્ષ મળે છે. આ શીખ ધર્મના પાયાના વિચારો છે.

ગુરુ ગોવિંદસિંહ છેલ્લા અને પોતાના પુરોગામી ગુરુઓ કરતાં વધુ પ્રભાવક અને ક્રિયાશીલ હતા. એમણે જ શીખધર્માનુયાયીઓમાંથી નરમાશ અને નમ્રતા દૂર કરીને તેમનામાં લડાયક જુસ્સો પ્રેર્યો. કોઈ જાતની અવઢવ અનુભવ્યા વિના, પોતે માગ્યા પ્રમાણે પોતાને માટે આત્મભોગ આપવા તૈયાર થએલા પાંચ શિષ્યોને–'પંજપ્યારા'ને અમૃતદીક્ષા આપી ત્યારથી શીખ (શિષ્ય) બધા જ એક ગણાયા. નાતજાત અને જાતિનો તેમનામાં ભેદ રહ્યો નથી. પુરુષો પાંચ કક્કા—કેશ, કચ્છ, કડું કિરપાણ અને કંગા (કાંસકો) ધારણ કરે છે. ધર્મ માટે લડવા અને આત્મસમર્પણ કરવા તેઓ સદા તૈયાર હોય છે. એમની ધર્મસંજ્ઞામાં પણ ઢાલ, તલવાર ને ખંજરનું આલેખન છે, જે એમના જુસ્સાનું દ્યોતક છે. શીખો એક જ ઈશ્વરમાં માને છે, અવતારને તેઓ ઈશ્વર ગણતા નથી. તેઓ પિતૃઓનું શ્રાદ્ધ કરતા નથી. એમનો-ધર્મદીક્ષાવિધિ સ્વતંત્ર જ છે અને એમનાં પોતાનાં જ અલગ તીર્થક્ષેત્રો છે. એમનો લડાયક જુસ્સો ભારતીય સેનાની અનોખી શાન છે.



મધુકરી

જિંદગી! ન્હોતી ખબર કે માત્ર તું તો છે ગણિત!
એક પગલું ખોટું ને ખોટો જ આખો દાખલો!
ના, ગણિત શાની?
ગણિતમાં આંકડા ભૂંસી રકમ પાછી ખરી માંડી શકાયે-
જિંદગીમાં એ કહીં?

('અનુરાગ'માંથી) —મનસુખલાલ ઝવેરી]

રાજકુંવર ચાર્લ્સ

૧૦ × ૪]

બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સ આ માસની આખરમાં ભારતની મુલાકાતે આવે છે. બ્રિટનના ઇતિહાસમાં, શાળામાં હાજરી આપીને ભણનારા તેઓ પ્રથમ પાટવી કુંવર છે. વળી, યુનિવર્સિટીની ડિગ્રી મેળવનારા, રમતવીરોની ટુકડીની આગેવાની લેનારા, હેલિકૉપ્ટર અને સુપર-સોનિક જેટ વિમાનોનું ઉડ્ડયન કરનારા, ફ્રૉગમૅન તથા કમાન્ડો તરીકે તાલીમ લેનારા અને હવાઈ છત્રી વડે ભૂસકો મારનારા પણ તેઓ જ પ્રથમ પાટવી કુંવર છે.


તેઓ ૨૧મા અંગ્રેજ પ્રિન્સ ઑફ વેલ્સ છે, પરંતુ બે મહાન વેલ્સ પ્રિન્સો, ઓવેન ગ્લૅન્ડોવર અને લેવલીન–એપ-ગ્રુફીડ કે જેઓ સમગ્ર વેલ્સ પરગણાના છેલ્લા સ્થાનિક રાજવી હતા, તેમની બન્નેની આનુવંશિકતા ધરાવનારા પણ તેઓ પ્રથમ છે. એક માત્ર ચાર્લ્સ પહેલા અને તેમના પુત્રો બાદ કરતાં તમામ બ્રિટિશ રાજવીઓ અને યુરોપના સંખ્યાબંધ રાજકુટુંબોની આનુવંશિકતા તેઓ ધરાવે છે. તેમના દૂરદૂરના પૂર્વજોમાં શાર્લમાન અને ચંગીઝખાન, અલ-સીડ અને જ્યૉર્જ વૉશિંગ્ટન, શેક્સપીઅર અને રોમાનિયાના એક પ્રિન્સ કાઉન્ટ ડ્રેકુલાનો સમાવેશ થાય છે. તેઓ કિંગ આલ્ફ્રેડ ધી ગ્રેટની ૩૯મી, વિલિયમ ધી કૉન્કરરની ૩૨મી, રાણી વિક્ટોરિયાની ૫મી અને જોન વૉલ્શ નામના અદના આદમીની ૮મી પેઢીના નબીરા છે.

અર્લ ઑફ ચેસ્ટર, ડયૂક ઑફ કૉર્નવૉલ ઍન્ડ રોથ્સે, લૉર્ડ્સ ઑફ આઈલ્સ અને ગ્રેટ સ્ટિવાર્ડ ઑફ સ્કૉટલૅન્ડ જેવા અનેક ખિતાબો ધરાવનારા પ્રિન્સ ચાર્લ્સ અનોખા પ્રકારના અને હૃદયથી આમજન છે. તેઓને મહેલની બહારનું જીવન માણવું ગમે છે. પોલોના ઉત્સાહી ખેલાડી છે. (૧૯૭૫માં ભારતની ટૂંકી મુલાકાત દરમિયાન તેઓ દિલ્હી ખાતે એક પ્રદર્શન-મૅચ પણ રમ્યા હતા.) તેમને માછલીઓ પકડવાનો અને ઘોડેસવારીનો પણ શૉખ છે. તેઓ બાહોશ પાઇલૉટ છે અને જ્યારે પણ વિમાનની મુસાફરીનો પ્રસંગ આવે ત્યારે થોડી વાર વિમાનનું નિયંત્રણ કરવાનું ચૂકતા નથી. ભારતના પ્રવાસમાં પણ શાહી વિમાનમાં તેમને મુંબઈ, મદ્રાસ, કલકત્તા અને અન્ય સ્થળોએ જવાનું થશે ત્યારે તેઓ વિમાનના કૉકપીટ(સંચાલન કક્ષ)માં અવશ્ય બિરાજશે.



ઘણાં વર્ષોથી તેઓ સક્રિયપણે સત્તાવાર કામગીરી પણ સંભાળે છે. તેમની માતાની માફક તેઓ જ્યાં જાય ત્યાં સત્તાવાર દસ્તાવેજો સ્વીકારે છે અને તેઓએ બ્રિટનના પ્રતિનિધિ તરીકે કૅનેડાના ધ્રુવપ્રદેશ, આઈવરી કોસ્ટ, પાપુઆ–ન્યૂગીની અને યુગોસ્લાવિયા જેવા દૂરદૂરના વિસ્તારોનો પુષ્કળ પ્રવાસ ખેડયો છે. યુગોસ્લાવિયા ખાતે તેઓ પ્રમુખ ટીટોના મહેમાન તરીકે ૧૯૭૯માં ગયા હતા.

માત્ર ૧૨ જ દિવસની આ મુલાકાત કોઈ પ્રિન્સ માટે ભારતના દરેક રાજ્યમાં જવાનું તો શક્ય નથી, છતાં બને તેટલા વધુ પ્રમાણમાં



કેટલીક રીતે અજોડ ધૂમકેતુ–'એન્કે'

'કુમાર'નો આ અંક તમારા હાથમાં હશે ત્યારે પૂર્વાકાશમાં, પરોઢિયે, સપ્તર્ષિ તારામંડળમાં 'એન્કે' (Encke, જેનો ખરો ઉચ્ચાર Enk'uh છે—ઍનકહ) નામનો એક અત્યંત ઝાંખો ધૂમકેતુ દષ્ટિગોચર થશે. ડિસેમ્બર માસના પ્રારંભમાં ત્યાંથી ખસીને એ કન્યા–નક્ષત્રમાં પ્રવેશશે, ત્યારે કદાચ વધુ સારી રીતે જોઈ શકાશે. ૨૩મી ઑક્ટોબરથી એ દેખાવાનો ચાલુ થયો છે. આ જ અરસામાં, એટલે કે ૩૧મી ઑક્ટોબરે સવારના ૫-૩૦ના સુમારે પૂર્વાકાશમાં ગુરુ-શુક્ર ગ્રહોની યુતિનું મનોહરી દૃશ્ય પણ જોવા જેવું હતું. કિરતારની કળા સમા આ ગ્રહોની યુતિ અને ધૂમકેતુનું એકસાથે દર્શન જેને થયું તેનાં અનન્ય સૌભાગ્ય!

ફૂલફટાકિયા થઈને મહાલતા ધૂમકેતુઓ એ અવકાશના કોઈ નૂરિયા-જમાલિયા કે આલામાલ નથી, એનું ય એક ચોક્કસ વિજ્ઞાન છે, અને એમાં ય આજ સુધી શોધાએલા આશરે ૬૦૦ જેટલા ધૂમકેતુઓમાં 'એન્કે' પોતાની રીતે અજોડ છે.

આ ધૂમકેતુને ફ્રાન્સના એક ખગોળજ્ઞે ૧૭ જાન્યુઆરી ૧૭૮૬ના રોજ સૌ પ્રથમ જોએલો. એ પછી એના દર્શનનો લાભ ખગોળજ્ઞ વિલિયમ હર્શલની નાની બહેન કૅરોલિન (૧૭૫૦–૧૮૪૮)ને મળેલો. પછી તો ફ્રાન્સના જ એક ખગોળજ્ઞે એને ૧૯મી ઑક્ટોબર ૧૮૦૫ના રોજ જોએલો; ત્યાં સુધી આ ધૂમકેતુનું નામકરણ થયું ન હતું. પછી ૨૬ નવેમ્બર ૧૮૧૮ના રોજ ફ્રાન્સના પોન્સ (Jean Louis Pons: ૧૭૬૧–૧૮૩૧) નામના વૈજ્ઞાનિકે એને પુનઃ જોયો. આ પોન્સે પોતાની જિંદગીમાં ૩૭ જેટલા ધૂમકેતુઓ શોધી કાઢેલા! બીજા વર્ષે, ૧૮૧૯માં બર્લિન વેધશાળાના જર્મન નિયામક જોહાન્ન એન્કે Johann Franz Encke: ૧૭૯૧–૧૮૬૫) આ ધૂમકેતુનો વિગતે અભ્યાસ કરીને ઘણાં મહત્ત્વનાં તારણો કાઢયાં. એણે એની કક્ષા દીર્ઘવૃત્તાકાર હોવાનું જણાવ્યું, અને સૌર-મંડળમાં એ દર ૩·૩ વર્ષને ગાળે (૧,૨૦૬ દિવસને ગાળે) ચક્કર માર્યા કરે છે એવું શોધી કાઢયું. આ ઉપરાંત, અગાઉ આપણે ઉપર જોયું તેમ, ઈ. સ. ૧૭૮૬ અને એ પછીનાં વર્ષોમાં દેખાએલો ધૂમકેતુ તે આજ હતો એવું પણ શોધી કાઢયું. આ ઉપરથી એણે આગાહી કરી કે હવે આ ધૂમકેતુ ૨૪મી મે ૧૮૨૨ના રોજ તેમ જ સપ્ટેમ્બર ૧૮૨૫મા પુનઃ દેખા દેશે. એની બંને આગાહીઓ સાચી પડી. એણે કરેલા આ ધૂમકેતુ અંગેના મહત્ત્વના સંશોધન ઉપરથી એના નામે આ ધૂમકેતુને ઓળખવામાં આવે છે. આમ, હેલીના ધૂમકેતુ પછી આ ધૂમકેતુ જ એક માત્ર એવો હતો કે જેના આગમનની આગાહી ઘણાં સમય પૂર્વે સચોટપણે થઈ શકેલી. ત્યારથી આજ સુધી, એક માત્ર ઈ. ૧૯૪૪ની સાલને બાદ કરતાં નિયમિત એનાં નિરીક્ષણો થયાં છે.

અમુક નિર્ધારિત સમયને અંતરે પૃથ્વીની મુલાકાત લેતા આ નિયત-કાલીન ધૂમકેતુ (Periodic comet)ના વર્ગમાં આવતા અન્ય ધૂમકેતુ-ઓની અપેક્ષાએ 'એન્કે'નો ૩·૩ વર્ષનો સમયગાળો આજ સુધીના સાત સૌ જેવા બધા જ ધૂમકેતુઓમાં સહુથી ઓછામાં ઓછો છે; જ્યારે એ જ વર્ગના અન્ય ધૂમકેતુઓ પોન્સ–બ્રુક્સ (Pons-Brooks) ૭૧ વર્ષે, હેલી ૭૬ વર્ષે અને રિગોલેટ (Rigollet) ૧૫૧ વર્ષને ગાળે દેખા દે છે. 'એન્કે' પછી આવતો Grigges–Skjellerup નામનો ધૂમકેતુ ૪·૯ વર્ષે દેખા દે છે; આની સામે, થોડા સમય પહેલાં દેખાએલો કોહુટેક (Kohoutek) દર (!) ૮૦,૦૦૦ વર્ષે દેખા દે છે!


એન્કે ધૂમકેતુ ગુરુ-ગ્રહના પરિવારનો સભ્ય હોવાનું મનાય છે, [આનો અર્થ એવો થાય કે આ ગ્રહના ભારે ગુરુત્વાકર્ષણ બળને આધિન [રહી એની ચોપાસ અંડાકાર કક્ષા બનાવીને એ ઘૂમે છે, જોકે એ કાયમ ગુરુને જ વફાદાર રહે એવું નથી બનતું. વચ્ચે ઈ. સ. ૧૮૩૫માં આ ધૂમકેતુ બુધ ગ્રહની નજદીક પહોંચી ગએલો. ત્યારે બુધના ગુરુત્વાકર્ષણથી એની કક્ષામાં થએલા ફેરફાર પરથી બુધનું દ્રવ્યમાન સૌ પ્રથમ વખત શોધી કઢાએલું. આમ 'એન્કે' ધૂમકેતુએ ઘણી બધી પહેલ કરી છે.

આ ધૂમકેતુનું કેન્દ્ર (Nucleus) ૨ માઈલ (૩·૨ કિ. મી.) જેટલું છે, જ્યારે બહુધા વાયુનું બનેલું એનું દ્રવ્યમાન ૧૦૦ અબજ ટન જેટલું હોવાનું મનાય છે. જ્યારે કોઈ ધૂમકેતુ સૂર્યની નજદીક આવે છે, ત્યારે સૂર્યતાપને કારણે એને પૂછડી ફૂટે છે. તાપનો માર ખાઈને ધૂમકેતુ ધીરેધીરે દોદળો બનતો જાય છે, અને કાળેકરી પોતાનો સમગ્ર દ્રવ્યરાશિ ગુમાવી દે છે. 'એન્કે' ધૂમકેતુ વારંવાર સૂર્ય પાસે જતો હોવાથી ઝડપથી પોતાનું અસ્તિત્વ ગુમાવતો જાય છે, અને વૈજ્ઞાનિકો કહે છે કે આવતાં ૬૦ થી ૧૯૦ વર્ષના ગાળા દરમિયાન એ ભુંસાઈ જશે. આમે ય પ્રત્યેક સદીએ એની તેજસ્વીતામાં ૨ તેજાંક (Magnitude) જેટલો ઘટાડો થતો જાય છે. આ ધૂમકેતુમાંથી છૂટેલું દ્રવ્ય ટુકડાઓ રૂપે સૂર્યની ચોપાસ કક્ષા બનાવીને ફર્યા કરે છે, અને વર્ષના ચોક્કસ દિવસોએ પૃથ્વીના વાતાવરણના ઉપરના ભાગમાંથી પસાર થાય છે, ત્યારે આપણને ખરતા તારાઓનો વરસાદ જોવા મળે છે. આ જાતની ઉલ્કા (Taurid meteors)ની વૃષ્ટિ દર વર્ષે ૨૪ જૂનથી ૬ જુલાઈ, તેમ જ ૧૫ સપ્ટેમ્બરથી ૧૫ ડિસેમ્બર દરમિયાન વધુમાં વધુ જોવા મળે છે. આ વૃષ્ટિનો સંબંધ 'એન્કે' ધૂમકેતુ સાથે હોવાનું મનાય છે. આ વખતે આવી ઉલ્કાવૃષ્ટિ વધશે તે જોવાની પણ એક મઝા માણવા જેવી છે.


આમ તો દર ૩·૩ વર્ષે 'એન્કે' દેખાય છે, પણ એમાંય પાછો દર દસ વર્ષે તે પૃથ્વીની અત્યંત નજીક આવી જતો હોવાને કારણે ખગોળ-શાસ્ત્રીઓ માટે એ અભ્યાસનું મહત્ત્વનું ઉપકરણ બની રહે છે. એના તરફ એક નિરીક્ષક યાન મોકલવાની યોજના પણ અમેરિકાએ વિચારેલી, પણ પછી અમુક કારણોસર પડતી મુકાઈ. □

ભારતીય જીવન જોવામાણવાનો, મોટાં શહેરો ઉપરાંત ભારતનાં મુખ્ય ધાર્મિક સ્થાનો અને અસલી ગામડાંનું જીવન નિહાળશે, જોવાનો ખયાલ છે. વળી, ભારતની ઔદ્યોગિક તાકાત જોવા સાથે, બ્રિટિશ કંપનીઓના સહયોગથી કામ કરતી ભારતીય પેઢીઓની મુલાકાતો પણ લેશે.

જ્યાં તેમને 'હેડબૉય' તરીકેનું સ્થાન મળ્યું હતું તે ગોર્ડનસ્ટાઉન ખાતે છેલ્લી ટર્મ ગાળ્યા પહેલાં પ્રિન્સે ૭ મહિના ઑસ્ટ્રેલિયાના સુ-દૂરના ટિમ્બરટૉપ નામની ગીલૉંગ ગ્રામર સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. તેમના જીવનનો આ એક યાદગાર સમય હતો. પ્રથમ વખત જ તેમને



આકાશદર્શનની એક વધુ પરિક્રમાના છેડે આપણે પહોંચ્યા છીએ. હાલમાં મધ્યરાત્રિ પૂર્વે દેખાતાં આ તારામંડળોમાં મોટા ભાગના તારાઓ ઝાંખા હોઈ એમને શોધવા પ્રયાસ કરવો પડશે. પણ છતાં તેમની ઓળખ, આકાર ને વિસ્તાર વગેરેની તુલના રસપ્રદ થશે. 'મીન'ના અતિ ઝાંખા તારા, ખગાશ્વ તથા તેની નજીકમાં જ 'અશ્વિની', 'ત્રિકોણ' ને 'ભરણી'ની શોધ અને સરખામણી કરી જુઓ.



આ માસ: આકાશદર્શન અને પ્રસંગવિશેષ

નેપ્ચ્યુનની શોધ પછી આ સૈકાના આરંભમાં પ્રો. પિકરિંગે વધુ એક ગ્રહ હોવાની શક્યતા દર્શાવી અને ગાણિતિક રીતે આકાશમાં તેનું સ્થાન પણ અંદાજી આપ્યું હતું. પચ્ચીસ વર્ષ પછી ૧૯૩૦માં એરિઝોનાની લૉવેલ વેધશાળામાં એમણે સૂચવેલા આકાશી વિસ્તારમાં થોડાથોડા સમયના અંતરે લીધેલા ફોટોગ્રાફોમાં અન્ય સ્થિર દેખાતા તારાઓની વચ્ચે સ્થાનચ્યુત થતા એક આકાશી પિંડ ક્લાઈડ ટૉમ્બો નામના એક વિજ્ઞાનીએ શોધી કાઢયો. (૧૭ નવેમ્બર). ઉપરના બે ફોટોમાં તીર વડે એ ચ્યુત થતો પિંડ દર્શાવ્યો છે. આ પિંડ તે પ્લૂટો ગ્રહ. સૂર્યને આપણે બે ફૂટ વ્યાસના મોટા દડા જેવડો કલ્પીએ તો એના પ્રમાણમાં પૃથ્વી તેનાથી ૨૧૫ ફૂટ દૂર પડેલા વટાણાના દાણા જેવડી લાગે અને એ જ હિસાબે પ્લૂટો સૂર્યથી બે માઈલ દૂર પડેલા રાઈના દાણા જેવડો લાગે. અન્ય ગ્રહોની સરખામણીમાં સૂર્યની આસપાસ તેની ભ્રમણકક્ષા વધુ લંબગોળાકાર છે, આપણા ૨૪૮ વર્ષે તેનું એક વર્ષ, અને આપણા ૬ દિવસ અને ૯ કલાકે તેનાં એક દિવસરાત પૂરાં થાય છે.

ત્યાં તેઓ શું છે તે કરતાં તેઓ કેવા છે તે પ્રમાણે વર્તન દાખવનારા સાથીદારો સાથે રહેવાનો અવસર મળ્યો હતો.

ત્યારે તેઓએ કૅમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં પ્રથમ પુરાતત્ત્વશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્રનો અને પછી ઇતિહાસનો અભ્યાસ કર્યો. ત્યાં તેઓને પોતાના અભિનય ને સંગીતના શૉખને વિકસાવવાની પણ તક મળી.

ઈ. ૧૯૬૯માં ચિનાર્વોન ખાતે પાટવી કુંવર તરીકે અભિષેક થયા પહેલાં વેલ્શ રાષ્ટ્રવાદીઓની વિરોધઝુંબેશ વચ્ચે તેઓને વેલ્શભાષા શીખવામાં રોકાઈ પડેલું. આથી કૉલેજની ટર્મમાં ખલેલ પડવા છતાં તેમણે કૅમ્બ્રિજમાં દ્વિતીય શ્રેણીમાં માન સાથે ડિગ્રી મેળવી યુનિવર્સિટીની પદવી મેળવનારા આ પ્રથમ પાટવીકુંવર છે.

પોલો અને મચ્છીમારીમાં એમને સવિશેષ આનંદ આવે છે. નૌકાવહન પણ ઘણું ગમે પરંતુ તે માટે તેઓ વધુ સમય ફાળવી શકતા નથી. પોતાના બે નાના ભાઈઓ—પ્રિન્સ એન્ડ્રયુ અને પ્રિન્સ એડવર્ડ કરતાં આજકાલ તેમને પૉપ-સંગીતમાં ઓછો રસ છે, પરંતુ દશ વર્ષ અગાઉ તરુણ વયના પ્રિન્સ ચાર્લ્સ અને પ્રિન્સેસ એને જ્યારે ૧૦૯ જેટલા યુવાન મહેમાનો માટે એક પાર્ટીનું આયોજન કરેલું ત્યારે વિંડસર કૅસલ ખાતે પહેલી જ વાર પૉપ સંગીત પાર્ટીને બોલાવવામાં આવી હતી. સંગીતના સૂર તેમના પોતાના જ ટેપ રેકોર્ડરમાંથી વહેતા થયા હતા અને તેમાં છેલ્લામાં છેલ્લી લોકપ્રિય ધૂનોનો સમાવેશ થતો હતો.

થોડો સમય એમણે 'ચેલો' વાજિંત્ર પર પણ હાથ અજમાવ્યો પરંતુ હવે તેમની પાસે વધુ મહાવરો કરવા જેટલો સમય રહ્યો નથી. છતાં તેમણે ઑપેરામાં રસ લેવા માંડયો છે. □

કલાવાર્તા (અનુસંધાન પૃ. ૩૭૯થી) નવા નામ સાથે તેને સ્વાતંત્ર્ય બક્ષ્યું. ફોટો-કૌશલ દાખવતી જ કૃતિઓને આ મંડળની કસોટીમાંથી પાર ઉતાર્યા પછી જ જેનું સભ્યપદ મળે એવા આ મંડળે ફોટોકલા ક્ષેત્રમાં, સ્વ. બચુભાઈએ તેને આપેલા 'નિહારિકા' નામને પોતાની આગવી તેજસ્વીતા વડે યથાર્થ સાબિત કરી આપ્યું છે. આજે વર્ષોવર્ષ દેશવિદેશમાં યોજાતાં ફોટો પ્રદર્શનોમાં તેના કોઈ ને કોઈ સભ્ય અચૂક માનભર્યું ઈનામ જીતી લાવે છે. 'નિહારિકા'એ પોતે પણ અનેક વાર ફોટોપ્રદર્શનો યોજીને દેશવિદેશની ફોટોકળાને ગુજરાત સમક્ષ રજૂ કરી છે.

ભારતના ગ્રામજીવનને રજૂ કરતા આ પ્રદર્શન—'અતુલ સૅલૉ ઑવ ફોટોગ્રાફી-'૮૦'માં 'અતુલ' અને 'નિહારિકા'ના સહકારે એક પ્રશંસનીય કાર્ય પાર પાડયું છે. અમુક એક ચોક્કસ વિષય પર જ ફોટો પ્રદર્શન યોજવાની આ પ્રદર્શન દ્વારા પહેલ કરી છે. 'મોનોક્રૉમ' એટલે કે એકરંગી છબીઓ, રંગીન છબીઓ અને રંગીન સ્લાઈડ્સ (ટ્રાન્સપરન્સી) એમ એક જ વિષયને ત્રણ રીતે રજૂ કરી તે ત્રણે વિભાગમાં પાંચ પાંચ ઈનામો રાખીને અતુલે તેમાં કુલ ૧૧,૨૫૦ રૂપિયા ઇનામમાં વહેંચ્યાં. એટલું જ નહિ, ઈનામને પાત્ર ઠરેલી પ્રત્યેક કૃતિઓને પ્રદર્શનના કૅટલૉગમાં પણ પ્રકટ કરીને એક આવકાર્ય કાર્ય કર્યું. અલબત્ત, આમાં રંગીન છબીઓની પણ એકરંગી છાપ જ આપી શકાઇ છે, પરંતુ તેનાં અનેક વાજબી કારણો પણ છે.

મૂળ 'અતુલે' 'નિહારિકા'ના સહકારથી યોજેલી ફોટો-સ્પર્ધા માટે આવેલી લગભગ ૨૫૦૦ કૃતિઓમાંથી ચૂંટેલી કૃતિઓના આ પ્રદર્શનમાં ૧૪૧ એકરંગી પ્રિન્ટ્સ, ૧૯ રંગીન સ્લાઈડ્સ અને ૨૨ રંગીન પ્રિન્ટ્સ રજૂ થયાં હતાં. નિર્ણાયકોમાંના એક તરીકે આ સ્પર્ધા માટે આવેલી કૃતિઓ વિષે પણ બે શબ્દો કહેવાની ઇચ્છા થાય છે. ભારતના ગ્રામજીવન જેવો વ્યાપક ચિત્રવિષય હોવા છતાં સ્પર્ધા માટે આવેલી કૃતિઓની સંખ્યા તેમ જ તેની ગુણવત્તા બહુ સંતોષકારણ જણાઈ નહિ. રંગીન પ્રિન્ટ્ની નાનકડી સંખ્યા કદાચ મોંઘવારીના કારણે જ હશે, પણ ગુણવત્તાનો આગ્રહ ધરાવનાર પ્રોસેસિંગ કરનારાઓની અછત પણ તેમાં વરતાઈ આવતી હતી. પ્રિન્ટનાં ફિનિશિંગ, ટ્રિમિંગ વગેરેમાં પણ વધુ કાળજીની ઊણપ દેખાતી હતી. કૃતિને નામ નહિ આપવાનો પણ એક ચાલ આજકાલ પ્રચલિત થયો છે. પોતાની કૃતિ દ્વારા પોતાને શું કહેવું છે એ શું તેઓ પોતે જ નિશ્ચિત નહિ કરી શકતા હોય?

આ સાથે પ્રથમ પારિતોષિકને પાત્ર ઠરેલી બે કૃતિઓ પ્રકટ કરી છે. મોટો ખર્ચ ઉપાડીને ઉત્સાહપૂર્વક શહેરી જનતા સમક્ષ ભારતના ગ્રામજીવનની આવી સુંદર, પ્રશંસનીય અને આવકાર્ય રજૂઆત કરવા બદલ 'અતુલ' અભિનંદનને પાત્ર છે. —લે. ક. બલવન્ત ભટ્ટ

કમળ જળે લિપ્યે રહે, નિમિષ ન ભેદે નીર;
કામ ન ભેદે તેહને, જેનું શુદ્ધ શરીર.
— (શામળ ભટ્ટ)

દીવાલોને બદલે સેતુ બાંધશો, અને તમને મિત્ર મળી રહેશે.

સવર્ણ શિષ્યોનો ટેકો લઈને સ્નાન કરવા જતા અને સ્નાન બાદ શૂદ્ર શિષ્યોનો ટેકો લઈને ઘેર આવતા સ્વામી રામાનુજાચાર્યને કોઈએ પૂછ્યું: 'આપ નાહવા જતી વખતે સવર્ણ શિષ્યોનો ટેકો લો છો તે બરાબર છે, પરંતુ નાહીને શૂદ્રોને ટેકે આવો છો તે ઠીક નથી થતું.' સ્વામીજીએ જવાબમાં કહ્યું: 'નદી તો માત્ર મારું શરીર જ ચોખ્ખું કરે છે, પણ શૂદ્રો તો મારા મનને પણ ચોખ્ખું કરે છે. તેમના સ્પર્શથી મારું ઉચ્ચ જાતિનું અભિમાન, દંભ વગેરે ગળી જાય છે'.

અનેકાર્થી શબ્દ! રજ=ધૂળ; અણુ, ઝીણો અંશ; એક માપ (૮ અણુ=૧ રજ); ત્રણ માંહેનો એક ગુણ–રજો ગુણ; રાત; અંધકાર; આકાશ; કલાઈ; કિરણ; ખેડેલી જમીન; ચાંદી કે રૂપું; પાણી; પાપ કે માનસિક મેલ; પરાગ; લોહી; વરાળ; વાદળું; હવા કે વાતાવરણ; રજોદર્શન; શરીરમાંની સાત ધાતુમાંની એક ઉપધાતુ; એક વાઘ; એક પ્રકારનું કેસર, સૃષ્ટિનો એક વિભાગ–રજો લોક; એક માત્રામેળ છંદ; જરાક.

કહેવતોના અર્થ: 'અન્ન આહારે, પણ ઘી વ્યવહારે.' સાંસારિક શાણપણનો બોધ કરતી આ કહેવતનો અર્થ સ્પષ્ટ છે કે 'ભોજનમાં આપણને ભૂખ્યો ન રહેવા દેતાં અન્ન તો તેનો જે કાંઈ આહાર હોય તેટલું આપણું જ, પણ ઘી તો કરકસરથી જ અપાય'.

ગણિતગમ્મત: 3, 33, 333, 3333, વગેરેનો વર્ગ બહુ જ સહેલાઈથી લખી શકાય:

$(3)^2=૦૦૯$
$(33)^2=૧૦૮૯$
$(333)^2=૧૧૦૮૮૯$
$(3333)^2=૧૧૧૦૮૮૮૯$
$(33333)^2=૧૧૧૧૦૮૮૮૮૯$

રીત: જેટલા ત્રગડા હોય તેમાંથી એક બાદ કરી એટલા એકડા પહેલા મૂકવા. પછી એક મીંડું મૂકવું. તે પછી, જેટલા એકડા હોય તેટલા આઠડા લખવા, અને છેલ્લે નવડો ઉમેરવો. દા. ત. 333333નો વર્ગ કાઢવો છે. તો એમાં ૬ ત્રગડા છે. માટે ૬-૧=૫ એકડા શરૂમાં મૂકો પછી મીંડું, પછી પાંચ આઠડા ને છેલ્લે નવડો=૧૧૧૧૧૦૮૮૮૮૮૯. (નવીન રાવળ)

धृतिः क्षमा दमोऽस्तेयं।
शौचमिन्द्रियनिग्रहः॥
धीर्विद्या सत्यमक्रोधो
दशकं धर्मलक्षणम्॥

ધીરજ, ક્ષમા, દમ, ચોરી ન કરવી, પવિત્રતા, ઇન્દ્રિયનિગ્રહ, બુદ્ધિ, વિદ્યા, સત્ય અને અક્રોધપણું – આ દસ ધર્મનાં લક્ષણો છે.

આરોગ્ય-સૂત્ર: આપણામાં કેટલાંક સાદાં પણ સચોટ આરોગ્ય-સૂત્રો જાણીતાં હતાં. હજી યે કહાય છે. દા. ત. 'આંખે ત્રિફળાં, દાંતે લૂણ, પેટ ન ભરીએ ચારે ખૂણ.' એવું જ એક વૃદ્ધજનો માટેનું આરોગ્ય સૂત્ર હિંદીમાં જાણીતું છે, જે સામાન્યજનને પણ ઉપયોગી છે:

આધા ખાના, દુગુના સોના,
તિગુના પીના, ચૌગુના હંસના.

અરધે પેટ ખાવું, ખૂબ ઊંઘવું, પુષ્કળ પાણી પીવું અને પેટ ભરીને હસવું.



ટિકિટકથા: ઉત્તર અને દક્ષિણ અમેરિકાની વચ્ચે કૅરીબીઅન સાગરમાં આવેલા હિસ્પાનીઓલા ટાપુનો પશ્ચિમ તરફનો લગભગ ત્રીજા ભાગનો પ્રદેશ હાઈટી નામે જાણીતો છે. ઈ. ૧૪૯૨માં કોલંબસે હિસ્પાનીઓલા ટાપુ શોધ્યો. નવી દુનિયામાં સ્પેઈનની સૌ પ્રથમ વસાહત ત્યાં સ્થપાઈ. એની પશ્ચિમ બાજુએ ફ્રેન્ચ અને અંગ્રેજ ચાંચિયાનો પગદંડો જામ્યો. ૧૬૯૭માં સ્પેઈને એ પશ્ચિમનો–આજના હાઈટીનો વિસ્તાર ફ્રાંસને સોંપ્યો. ફ્રાંસની રાજક્રાંતિ થઈ ત્યારે ત્યાંની પ્રજાએ પણ સ્વાતંત્ર્યની આશા રાખેલી પણ ફ્રાંસની સરકારની એવી કોઈ ઈચ્છા નહોતી, પરન્તુ હાઈટીવાસીઓએ બે દાયકા સુધી લડત આપી અંતે ૧૮૦૪માં હાઈટીએ સ્વાતંત્ર્ય મેળવ્યું. પરંતુ સદી જૂની ફ્રેન્ચ અસરો ટકી રહી. ૧૮૯૦માં છપાયેલી તેની ટપાલટિકિટમાં રજૂ કરેલી રાષ્ટ્રની ઢાલ-સંજ્ઞામાં ખજૂરીના વૃક્ષની ટોચે લીબર્ટીનો શિરટોપ એ ફ્રેન્ચ અસર જ છે.૧૯૬૪માં ટોપની આકૃતિ રદ કરવામાં આવી.

યુરોપની કોઈ પણ ભાષામાં સૌથી વધુ વપરાતો અક્ષર E છે; અને એવી પણ ગણતરી કાઢવામાં આવી છે કે અંગ્રેજી ભાષામાં તે દર હજાર શબ્દે ૫૯૧ વખત, સ્પૅનિશમાં ૬૭૮ વાર; ફ્રેન્ચમાં ૮૫૦ વખત અને જર્મન ભાષામાં ૯૮૮ વાર વપરાય છે.

બહુ દૂરની જગ્યા સાથે ટેલિફોનમાં વાત કરતી વખતે બોલનારે પોતાના હોઠ ટ્રાન્સમીટર (અવાજ ઝીલનારી નળી)ની લગોલગ રાખવા જોઈએ. ટ્રાન્સમીટરથી હોઠ જો અરધો ઈંચ દૂર જાય તો અવાજની અસર વીસ માઈલ ઓછી પહોંચે છે.

જવનો લોટ ગરમ પાણીમાં ભરોટી ગૂમડા ઉપર ચોપડવાથી સોજો ઊતરીને રાહત થશે.

એક ચમચી હળદરનું ચૂર્ણ અને એક ચમચી ગ્લુકોઝ કે બૂરું ખાંડ એક કપ પાણીમાં ઓગાળીને સવાર બપોર સાંજ પીવાથી હાડકાનો સોજો મટશે.

અમ્લપિત્ત (હાઈપર ઍસિડિટી)માં હરડે, સાકર અને બી કાઢી નાખેલી કાળી દ્રાક્ષ ત્રણે સરખા વજને લઈ, ખૂબ મસળી, એકેક તોલાના ગોળા બનાવી રોજ એક ગોળો ચાવીને ખાવો. દાઝેરો, ખાટા ગચરકા ને કબજિયાત મટશે.



કલાકણિકા: હિમાચલ પ્રદેશની કાંગડા ખીણની રબારી સ્ત્રીના આભૂષણમાં સુંદર ભાત ઉપસાવેલી ચાંદીની ટોપી તથા વાળ અને કાનમાં ભેરવવાનાં ઘરેણાં એમની સામાન્ય સ્થિતિમાં યે સમૃદ્ધિ પૂરતાં જ હશે.